# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

21 MARCH, 2026 SATURDAY



પેજ 2 કમિશનરની ભ્રષ્ટાચાર વિરોધી બેઠક વચ્ચે ક્લાસ-1 અધિકારી ACBની ટ્રેપમાં





પેજ 3 ટ્રેનમાં મુસાફરોને કેફી પદાર્થ આપી લૂંટતા કુખ્યાત અમિત ઠાકુર ઝડપાયો





પેજ 7 ગીરગઢડામાં વીજળી પડતા ત્રણ મહિલા ઘાયલ, એક ભેંસનું મોત





પેજ 5 હોસ્પિટલના લેબર રૂમમાં સ્પાય કેમેરાથી અંગત વીડિયો બનાવી 25 લાખની ખંડણી માંગી





I Pakkogujarat/ I VOL : 12 I Issue : 05 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


મોંઘવારીનો ‘પ્રીમિયમ’ ઝટકોઃ અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ક્રૂડ ઓઇલની કિંમતો વધવાને લીધે કરવામાં આવ્યો છે

# ભારતમાં પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં રૂ. 2.35 સુધીનો વધારો!

## ભારતમાં પ્રીમિયમ પેટ્રોલ મોંઘું થયું:એક લીટરે 2.35નો વધારો, ઈન્ડસ્ટ્રીયલ ડીઝલમાં પણ લીટરે 22 રૂપિયા વધ્યા; સામાન્ય પેટ્રોલ-ડીઝલમાં હાલ પૂરતો વધારો નહી

• નવી દિલ્હી

તેલ કંપનીઓએ સ્પીડ અને પાવર જેવા પ્રીમિયમ પેટ્રોલની કિંમતો શુક્રવારે 2.09-2.35 પ્રતિ લિટર સુધી વધારી દીધી છે. આ વધારો અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો વધવાને લીધે કરવામાં આવ્યો છે. બીજી તરફ ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાતા ઈન્ડસ્ટ્રીયલ ડિઝલમાં પણ ધરખમ ભાવ વધારો થયો છે. તેમાં પણ એક લીટરે 22 રૂપિયા વધી ગયા છે.પ્રીમિયમ પેટ્રોલ BPCLનું સ્પીડ, HPCLનું પાવર અને IOCLનું XP95ના નામથી વેચાય છે. જ્યારે સામાન્ય પેટ્રોલ જૂના ભાવે જ મળતું રહેશે. હાલમાં તેમના ભાવોમાં કોઈ ફેરફાર થયો નથી.

યુદ્ધને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ વધવાને કારણે કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલના ભાવ વધાર્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ આજે 109.54 ડોલર પ્રતિ બેરલ પર છે. એક દિવસ પહેલા ક્રૂડ ઓઈલનો ભાવ 117.98 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો.જ્યારે ભારતમાં ક્રૂડના ભાવ લગભગ બમણા થઈને 146 ડોલર પર પહોંચી ગયા છે. ભારત ઈરાક, સાઉદી અરેબિયા, રશિયા, UAE પાસેથી તેલ ખરીદે છે. આ તમામ અલગ-અલગ પ્રકારના તેલની કિંમતોની જે સરેરાશ કાઢવામાં આવે છે, તેને જ ’ઈન્ડિયન બાસ્કેટ’ કહે છે.

દુનિયાભરમાં ક્રૂડ ઓઈલ મુખ્યત્વે ત્રણ મોટા બેન્ચમાર્કને આધારે ઓળખાય છે અને વેચાય છે, જેને બ્રેન્ટ, WTI અને OPEC બાસ્કેટ કહેવાય છે. બ્રેન્ટ ક્રૂડ ઉત્તર સમુદ્ર (યુરોપ)ના દરિયાઈ કુવાઓમાંથી નીકળે છે અને દુનિયાનો બે-તૃતીયાંશ તેલનો કારોબાર તેના ભાવ પર નિર્ભર છે.

જ્યારે WTI અમેરિકાના જમીની વિસ્તારોમાંથી નીકળે છે અને તેની શુદ્ધતાને કારણે અમેરિકી બજારનું મુખ્ય ધોરણ છે. OPEC બાસ્કેટ સાઉદી અરેબિયા, ઈરાન અને ઈરાક જેવા ખાડી દેશોના સંગઠન (OPEC) દ્વારા ઉત્પાદિત વિવિધ ક્રૂડ ઓઈલનું સરેરાશ મિશ્રણ છે. ભારત તેની જરૂરિયાતનું 85% ક્રૂડ ઓઈલ અને 50%થી વધુ ગેસ આયાત કરે છે, તેથી ત્યાંની દરેક હલચલ આપણા ખિસ્સા અને અર્થતંત્ર પર અસર કરે છે.મોંઘવારીનો ’પ્રીમિયમ’ ઝટકોઃભારતમાં પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં રૂ. 2.35 સુધીનો વધારો! ભારતમાં 20 માર્ચ, 2026થી પ્રીમિયમ પેટ્રોલની કિંમતોમાં વધારો થયો છે.ઓઈલ કંપનીઓના જણાવ્યા અનુસાર, BPCLના ’Speed’, HPCLના ’Power’ અને IOCLના ’XP95’ પેટ્રોલના



ભાવમાં લિટર દીઠ રૂ. 2.09થી રૂ. 2.35 સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, હાલના તબક્કે સામાન્ય (Regular) પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

પશ્ચિમ એશિયામાં વધતાં તણાવને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 100 ડૉલરને પાર કરી ગયા છે.સાથે સાથે ડૉલર સામે રૂપિયા ઓલ ટાઈમ લો પર લેવલ પર ટ્રેડ કરી રહ્યો છે. ભારતની ઓઈલ કંપનીઓ માટે આયાત મોંઘી બની છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં આગ વચ્ચે ડોલર સામે રેકોર્ડબ્રેક નીચલી સપાટીએ પહોંચ્યો રૂપિયો! નોંધનીય છે કે સામાન્ય પેટ્રોલના ભાવમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે પ્રીમિયમ ફ્યુઅલ વાપરતા લોકોના ખિસ્સા પર આ વધારાનો બોજ આવશે. જો વૈશ્વિક બજારમાં ક્રૂડ મોંઘું રહેશે, તો આગામી સમયમાં સામાન્ય પેટ્રોલ પર પણ દબાણ વધી શકે છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે વિશ્વભરમાં ઓઈલ અને ગેસને લઈને ચિંતા વધી છે. એવામાં ભારતમાં પ્રીમિયમ પેટ્રોલ અને ઈન્ડસ્ટ્રિયલ ડીઝલના ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. ભારતની ઓઈલ કંપનીઓએ ભારતમાં ઈન્ડસ્ટ્રિયલ ડીઝલના ભાવમાં 22 રૂપિયાનો વધારો કર્યો છે.

ઈન્ડસ્ટ્રિયલ ડીઝલનો ભાવ રૂ. 87.57થી વધીને રૂ. 109.59 થઈ ગયો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)એ ઈન્ડસ્ટ્રિયલ ડીઝલની કિંમત રૂ. 87.67 થી વધારીને રૂ. 109.59 પ્રતિ લિટર કરી દીધી છે. આ ભાવ વધારાની સીધી અસર ઉદ્યોગ, ટ્રાન્સપોર્ટ અને વીજ ઉત્પાદન ખર્ચ પર પડશે. જેના કારણે મોંઘવારી વધશે, જેની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સાં પર પડશે.

ઈન્ડસ્ટ્રિયલ ડીઝલનો ઉપયોગ સામાન્ય ગાડીઓમાં નહીં, પરંતુ ફેક્ટરીઓ અને કારખાનાઓમાં ઔદ્યોગિક કામો માટે કરવામાં આવે છે. તેને ઈન્ડસ્ટ્રિયલ અથવા બલ્ક ડીઝલ તરીકે વેચવામાં આવે છે. આ ડીઝલ પર કોઈ સબસિડી હોતી નથી. ફેક્ટરીઓ, શોપિંગ મોલ્સ, ડેટા સેન્ટર્સ અને તે મોટી બિલ્ડિંગો જે વીજળી જવા પર મોટા જનરેટર પર ચાલે છે, ત્યાં ઈન્ડસ્ટ્રિયલ ડીઝલનો ઉપયોગ થાય છે. આ સિવાય JCB, બુલડોઝર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વપરાતી હેવી મશીનોમાં પણ તેનો ઉપયોગ થાય છે.

જોકે ઈન્ડસ્ટ્રિયલ ડીઝલનો ઉપયોગ સામાન્ય ગાડીઓમાં નથી થતો, પરંતુ તેના ભાવ વધારાની અસર સામાન્ય જીવન પર ચોક્કસ જોવા મળશે, કારણ કે તેનાથી કંપનીઓનો ખર્ચ વધશે અને તેનો બોજ ગ્રાહકો પર નાખવામાં આવી શકે છે.

ભારતમાં 20 માર્ચ, 2026 થી પ્રીમિયમ પેટ્રોલની કિંમતોમાં વધારો થયો છે. તેલ કંપનીઓના જણાવ્યા અનુસાર, BPCL ના ’Speed’, HPCL ના ’Power’ અને IOCL ના ’XP95’ પેટ્રોલના ભાવમાં લિટર દીઠ રૂ. 2.09 થી રૂ. 2.35 સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, હાલના તબક્કે સામાન્ય (Regular) પેટ્રોલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 100 ડોલરને પાર કરી ગયા છે. સાથે સાથે ડોલર સામે રૂપિયા ઓલ ટાઈમ લો પર લેવલ પર ટ્રેડ કરી રહ્યો છે. ભારતની ઓઈલ કંપનીઓ માટે આયાત મોંઘી બની છે.





# સરખેજમાં ’ખાખી’ અને ’ખોફ’નું ગઠબંધન?

## ‘પાક્કો ગુજરાત’ના તંત્રીને જાનથી મારી નાખવાની ધમકી, શું પોલીસ તંત્ર બુટલેગરોની કઠપુતળી છે?

• અમદાવાદ

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સરખેજ પોલીસ સ્ટેશનની હદ અત્યારે ગુનેગારો માટે ’સ્વર્ગ’ અને કાયદાનું પાલન કરનારાઓ માટે ’નર્ક’ સમાન બની ગઈ છે. ’પાક્કો ગુજરાત’ ન્યૂઝ પેપર દ્વારા આ વિસ્તારમાં ચાલતા દારૂ, જુગાર અને જીવલેણ MD ડ્રગ્સના કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવતા જ, હચમચી ગયેલા ગુનેગારો અને તેમના મળતિયા પોલીસ કર્મીઓએ હવે મીડિયાનો અવાજ દબાવવા માટે નીચલી કક્ષાના પેતરા શરૂ કર્યા છે.

વહીવટદાર વિપુલ આહીરની શંકાસ્પદ ભૂમિકાઃ પત્રકાર પર ખોટી ફરિયાદનું ષડયંત્ર

સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ ગુનેગારો પર કાર્યવાહી કરવાને બદલે, કે-ડિવિઝનમાં ફરજ બજાવતો પોલીસ વહીવટદાર વિપુલ આહીર મેદાને આવ્યો છે. વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, વિપુલ આહીર સ્થાનિક બુટલેગરો અને જુગારધામના સંચાલકો સાથે સીધો સંપર્ક ધરાવે છે. ’પાક્કો ગુજરાત’ના તંત્રીએ જનહિતમાં અવાજ ઉઠાવતા, વિપુલ આહીર આ બુટલેગરો સાથે મળીને તંત્રી વિરુદ્ધ સોગંદનામા અને ખોટી ફરિયાદો ઊભી કરી રહ્યો છે. પોલીસની છત્રછાયા હેઠળ પત્રકારને ખોટા કેસમાં ફસાવી દબાણ લાવવાનો આ પ્રયાસ લોકશાહીના ચોથા સ્તંભ પર સીધો પ્રહાર છે.

સરખેજમાં કોનું શાસન? ઈરફાન, આસિફ અને લાલાનો બેખોફ આતંક

સરખેજ વિસ્તારમાં કાયદાના લીરેલીરા ઉડાવી રહેલા અમુક શખ્સોના નામ અને તેમના કાળા ધંધા અત્યારે ટોક ઓફ ધ ટાઉન બન્યા છેઃ

* ઈરફાનનો જુગારઃ વિસ્તારમાં મોટા પાયે જુગારની ક્લબ ચલાવી યુવા પેઢીને બરબાદ કરી રહ્યો છે.

* આસિફનો ઈંગ્લિશ દારૂઃ વિદેશી દારૂનો હોલસેલ સપ્લાય કરીને સરખેજને નશાનું કેન્દ્ર બનાવી દીધું છે.

* રજા અને લાલોઃ વરલી મટકા અને દેશી દારૂના અડ્ડાઓ દ્વારા ગરીબ પરિવારોને લૂંટી રહ્યા છે.

* MD ડ્રગ્સનું નેટવર્કઃ આ તમામ શખ્સોની છત્રછાયામાં એમ.ડી. ડ્રગ્સ જેવો ગંભીર નશો પણ પાયાના સ્તરે પહોંચી રહ્યો છે.

‘મારી નાખીશું...‘ - પત્રકારને ખુલ્લી ધમકી

જ્યારે ’પાક્કો ગુજરાત’ દ્વારા આ અસામાજિક તત્વોના અડ્ડાઓની વિગતો જાહેર કરવામાં આવી, ત્યારે આ તત્વોએ પોલીસનો ડર રાખવાને બદલે સીધી તંત્રીને ફોન પર અને રૂબરૂમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. તેઓએ ગર્જના કરી છે કે, ‘જો હવે પછી અમારા ધંધા વિરુદ્ધ ન્યૂઝ પેપરમાં કઈ પણ છાપ્યું તો જીવતા નહીં છોડીએ.‘ આ ધમકી એ વાતની સાબિતી છે કે આ ગુનેગારોને પોલીસ તંત્રનો જરાય ખોફ રહ્યો નથી.

PI એલ. એલ. ચાવડાની મૌન સંમતિ કે લાચારી?

સરખેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ. એલ. ચાવડાને આ ગંભીર બાબતો અને તંત્રીને મળતી ધમકીઓ વિશે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ મૌન પાછળનું કારણ શું હોઈ શકે? શું ઉપરના સ્તરેથી કોઈ દબાણ છે કે પછી ભ્રષ્ટાચારના મૂળ ઊંડા ઉતરી ગયા છે?

રાજ્ય પોલીસ વડા (DGP) તપાસ કરે તેવી માંગ

આ મામલે હવે ’પાક્કો ગુજરાત’ દ્વારા ગુજરાત રાજ્યના પોલીસ વડાને નમ્ર અપીલ કરવામાં આવી છે કેઃ

* વિપુલ આહીર અને બુટલેગરો વચ્ચેના સંબંધોની તાત્કાલિક તપાસ થાય.

* સરખેજ વિસ્તારના તમામ દારૂ-જુગાર અને ડ્રગ્સના અડ્ડાઓ પર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા દરોડા પાડવામાં આવે.

* જીવનું જોખમ ધરાવતા પત્રકાર અને તંત્રીને પૂરતું રક્ષણ પૂરું પાડવામાં આવે.

સત્ય ક્યારેય દબાશે નહીં અને ’પાક્કો ગુજરાત’ જનતાના હિતમાં પોતાનો અવાજ બુલંદ રાખશે.

7 કલાકે ચીન પહોંચ્યા પછી ખબર પડી ને લેવો પડ્યો યુ-ટર્ન

# એર ઈન્ડિયાનું બ્લન્ડર, દિલ્હીથી કેનેડા ખોટું વિમાન મોકલ્યું; 60 લાખના ઈંધણનો ધુમાડો

• નવી દિલ્હી

ભારતીય એરલાઈન્સ કંપની એર ઈન્ડિયાની ફરી એકવાર મોટી ભૂલ સામે આવી છે, જેના કારણે દિલ્હીથી કેનેડાના વાનકુવર જઈ રહેલી ફ્લાઈટ AI-185ને ઉડાન ભર્યાના લગભગ 7 કલાક પછી પાછા દિલ્હી પરત ફરવું પડ્યું. હકીકતમાં, એર ઈન્ડિયાએ ગુરુવારે મુસાફરોને ભૂલથી બોઈંગ 777-300 ERને બદલે બોઈંગ 777-200 LR ફ્લાઈટમાં મોકલી દીધા હતા. એવિએશન નિયમો હેઠળ અલગ-અલગ દેશોમાં અલગ-અલગ વિમાન મોડેલ માટે પરવાનગી હોય છે.કેનેડાએ એર ઈન્ડિયાને ફક્ત B777-300 ER માટે મંજૂરી આપી છે, LR વર્ઝન માટે નહીં. ભૂલ ત્યારે ખબર પડી જ્યારે વિમાન લગભગ 4 કલાક ઉડાન ભરીને ચીનના કુનમિંગ એરસ્પેસમાં પહોંચી ચૂક્યું હતું. આ પછી તરત જ વિમાને યુ-ટર્ન લીધો અને દિલ્હીમાં પાછા આવીને લેન્ડિંગ કરી. ફ્લાઈટે ગુરુવારે સવારે 11:34 વાગ્યે દિલ્હીથી ઉડાન ભરી હતી અને સાંજે 7:19 વાગ્યે પાછા દિલ્હીમાં લેન્ડ કર્યું. વિમાનમાં દિલ્હીથી કેનેડા જનારા 300થી વધુ મુસાફરો હાજર હતા. ઘટનાની જાણકારી શુક્રવારે સામે આવી છે.એર ઈન્ડિયાએ આ ઘટનાને ઓપરેશનલ ઈશ્યૂ ગણાવી અને કહ્યું કે તમામ મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. મુસાફરોને હોટલની સુવિધા આપવામાં આવી હતી અને તેમને બીજા દિવસે સવારે એટલે કે 20 માર્ચે બીજી ફ્લાઈટ દ્વારા વાનકુવર રવાના કરવામાં આવ્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ભૂલને ગંભીરતાથી લેવામાં આવી છે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી થઈ શકે છે. માહિતી અનુસાર, એક બોઈંગ 777 વિમાન દર કલાકે લગભગ 8-9 ટન ઈંધણનો ખર્ચ કરે છે, આવી સ્થિતિમાં આ ભૂલ એરલાઈન માટે ઘણી મોંઘી સાબિત થઈ છે.બોઈંગ 777 જેવા મોટા વિમાન માટે, 8 ટન (8,000 કિલોગ્રામ) જેટ ઈંધણની કિંમત વર્તમાન દરોને આધારે લગભગ 7 લાખથી 9 લાખની વચ્ચે હોઈ શકે છે. આવી સ્થિતિમાં, 7 કલાક હવામાં રહ્યા દરમિયાન એર ઈન્ડિયાની ફ્લાઈટમાં લગભગ 60 લાખ રૂપિયાનું ઈંધણ ખર્ચ થયું. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24.com અનુસાર, વિમાને ચીનના એરસ્પેસમાંથી દિલ્હી માટે યુ-ટર્ન લીધો. ફાયર એલર્ટ બાદ એર ઈન્ડિયાની ન્યૂયોર્ક-મુંબઈ ફ્લાઈટ મદીના ડાયવર્ટઅહીં એર ઈન્ડિયાની ન્યૂયોર્કથી મુંબઈ આવી રહેલી ફ્લાઈટ AI-116ને ગુરુવારે બપોરે સાઉદી અરબના મદીનામાં ડાયવર્ટ કરવી પડી. કોકપિટમાં કાર્ગો સેક્શનમાં આગ લાગવાનું એલર્ટ મળ્યા બાદ સાવચેતીના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો.

# સરકારે 300 ગેરકાયદેસર બેટિંગ વેબસાઈટ્સ-એપ્સ બ્લોક કરી

## આમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ પણ સામેલ; અત્યાર સુધીમાં 8400 પ્લેટફોર્મ બંધ

• નવી દિલ્હી

સરકારે ગેરકાયદેસર ઓનલાઈન જુગાર અને સટ્ટાબાજી સામે મોટી કાર્યવાહી કરતા 300 વેબસાઈટ્સ-એપ્સને બ્લોક કરી છે. સરકારી સૂત્રો મુજબ, અત્યાર સુધીમાં કુલ 8400 આવા પ્લેટફોર્મ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમાંથી લગભગ 4900 વેબસાઈટ્સ ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી બ્લોક કરવામાં આવી છે. સરકારી સૂત્રો મુજબ, જે પ્લેટફોર્મ્સ પર કાર્યવાહી કરવામાં આવી છે, તે મુખ્યત્વે ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી અને જુગાર સાથે સંકળાયેલા હતા. તેમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ, ઓનલાઈન કસિનો (સ્લોટ્સ, રૂલેટ અને લાઈવ ડીલર ગેમ્સ), પી-ટુ-પી બેટિંગ એક્સચેન્જ, સટ્ટા/મટકા નેટવર્ક અને રિયલ મની કાર્ડ એપ્સનો સમાવેશ થાય છે. સરકારનું કહેવું છે કે આ પ્લેટફોર્મ્સ દ્વારા મોટા પાયે ગેરકાયદેસર લેણદેણ અને જુગારને પ્રોત્સાહન મળી રહ્યું હતું. તેને રોકવા માટે આઈટી એક્ટ અને અન્ય સંબંધિત કાયદાઓ હેઠળ સતત દેખરેખ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી આવા પ્લેટફોર્મ્સ પર કાર્યવાહીમાં તેજી આવી છે. સરકારનો દાવો છે કે આ પગલું ડિજિટલ સ્પેસને સુરક્ષિત બનાવવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# ઓલપાડ તાલુકામાં ફૂંકાયેલા મીની વાવાઝોડાથી કોઈ જાનહાનિ નહીં, પણ મિલ્કતો ને લાખો રૂપિયાનું નુકસાન

• ઓલપાડ,તા.૨૦

ઓલપાડ તાલુકામાં ગુરૂવારે મોડી સાંજે ફૂંકાયેલા મીની વાવાઝોડાએ વિવિધ ગામના રહીશો સહિત ગરીબોના સરકારી આવાસોને લપેટમાં લેતા ઘરના છાપરાના પતરાં હવામાં ફંગોરાયા હતાં. જો કે તાલુકામાં કોઈ જાનહાનિ ન થતા સરકારી તંત્ર અને લોકોએ રાહતનો દમ જરૂર લીધો હતો,પરંતુ રહીશોની મિલ્કતોને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ સેવાય રહ્યો છે.હવામાન ખાતાની આગાહી મુજબ ગુરૂવાર,તા.૧૯ ના રોજ મોડી સાંજે વાદળછાંયા વાતાવરણમાં અચાનક પલટો આવતા ફૂંકાયેલા મીની વાવાઝોડા વચ્ચે તાલુકાના કેટલાક ગામોમાં નજીવા વરસાદી ઝાપટા પડ્યા હતાં. પરંતુ પ્રતિ કલાક ૭૦ થી વધુ કિ.મી.ની ઝડપે ફૂંકાયેલા ભારે પવનની ઝપેટમાં દ.ગુ.વીજ કંપનીના વીજપોલના તારો તૂટી જવાથી તાલુકામાં વીજપ્રવાહ ખોરવાઈ જવાથી વીજળી ડૂલ થવાથી અંધારપટ છવાયો હતો.આ ઉપરાંત ફૂંકાયેલા ભારે પવનથી અડીખમ વૃક્ષો પણ હચમચી ઉઠતા ઠેરઠેર જાહેર રસ્તાના વૃક્ષો અને ડાળીઓ રસ્તા ઉપર તૂટી પડતા ઘડીભર વાહન વ્યવહાર ખોરવાયો હતો. જયારે ઓલપાડ-સુરત રોડના ડિવાઈડરની વચ્ચે લગાવેલા ટ્રી ગાર્ડ આડા પડવા સાથે કીમ- સાયણ,ઓલપાડ-દાંડી, ઓલપાડ-કરંજ રાજ્યધોરી માર્ગ ઉપર વૃક્ષો અને ડાળીઓ રસ્તા ઉપર તૂટી પડી હતી. પરંતુ ઓલપાડ-કુદિયાણા રાજ્યધોરી માર્ગ ઉપર રોડને અડીને આવેલા તાડના તોતિંગ ઉંચા ઝાડ વાવાઝોડાની લપેટમાં આવતા તૂટીને રોડ ઉપર પડયા હતાં.જયારે કાંઠાના સરસ ગામતળના મેઈન રસ્તા ઉપર વર્ષો પુરાણું લીમડાનું ઝાડ પડી જતા ઝાડ નીચે પાર્ક કરેલ ટ્રેક્ટરને નુકસાન થયું હતું.આ ઉપરાંત ફૂંકાયેલા ભારે પવનના સુસવાતાએ કાંઠા વિસ્તારના ખોસાડીયા ગામે સરકારી આવાસના પાંચ ઘરને,કાછોલ ગામે ભાનુબેન મગનભાઈ પટેલની મિલકત નં.૧૪૦ વાળું ઘર,સાંધીએર ગામે લીલાબેન શિવાભાઈ ગામીતના ઘરને લપેટમાં લેતા ઘરના છાપરા ઉડી ગયા હતાં. જયારે કરંજ ગામેચંપકભાઈ હરિભાઈ આહીરનું મિલકત નં.૧૪૮ અને ૧૫૦ વાળું ઘર,ભરતભાઈ હરિભાઈ આહીરનું મિલ્કત નં.૧૪૯ વાળું મકાન,કાંઠાના લવાછા ગામે મગનભાઈ રણછોડભાઈ આહીર, રમેશભાઈ રણછોડભાઈ આહીર તથા હરીશભાઈ ગોપાલભાઈ પટેલના ઘરના પતરાં હવામાં ફંગોરાતા નુકશાન થયું હતું.આ સિવાય અટોદરા ગામે સરકારી ગ્રાન્ટમાંથી બનેલ વોશિંગઘાટ શેડના પતરાં ઉડી ગયા હતાં.જો કે આ તમામ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

# મયૂર ડાયકેમ અને ભાગીદારો પર ITના દરોડા:વટવા GIDCમાં ઓફિસ અને ફેક્ટરી સહિત શહેરમાં 20 સ્થળોએ તપાસનો ધમધમાટ

• અમદાવાદ

અમદાવાદમાં ઈનકમ ટેક્સ વિભાગ (Income Tax Department) એક્શન મોડમાં જોવા મળ્યું છે. શહેરના જાણીતા કેમિકલ ગ્રુપ મયૂર ડાયકેમ પર IT વિભાગે ત્રાટકીને મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વટવા GIDCમાં આવેલી મયૂર પટેલની ઓફિસ અને ફેક્ટરી સહિત તેમના વ્યવસાયિક ભાગીદારોના સ્થળોએ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.આ કાર્યવાહી માત્ર ઓફિસ પૂરતી મર્યાદિત ન રહેતા, સોલા વિસ્તારમાં આવેલા બંને ભાગીદારોના નિવાસસ્થાન અને અન્ય સંલગ્ન સ્થળો પર પણ ટીમો દ્વારા સર્ચ કરવામાં આવી રહ્યું છે.

**ભ્રષ્ટાચાર**

### GMCનો ટેક્સ ઓફિસર 1 લાખની લાંચ લેતા ઝડપાયો

# ધંધાકીય લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ કરવા લાંચ માગી હતી, કમિશનરની ભ્રષ્ટાચાર વિરોધી બેઠક વચ્ચે ક્લાસ-1 અધિકારી ACBની ટ્રેપમાં

**મિલકતોની તપાસ હાથ ધરી છે, જ્યારે આ સફળ ટ્રેપ બાદ પાટનગરના સરકારી આલમમાં ચકચાર મચી ગઈ છે**

• ગાંધીનગર

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટેક્સ ઓફિસર ઉપેન્દ્ર સુતરીયા ધંધાકીય લાયસન્સની પ્રક્રિયા પૂર્ણ કરવાના બદલામાં 1 લાખ રૂપિયાની લાંચ લેતા ACBના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા છે. ચોંકાવનારી વાત એ છે કે, એક તરફ મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં લાંચ-રુશ્વત વિરોધી તકેદારી બેઠક ચાલી રહી હતી, તે જ સમયે મનપા કચેરીમાં ક્લાસ-વન અધિકારી લાંચ લેતા ઝડપાતા વહીવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીએ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી અધિકારીના નિવાસસ્થાન અને અન્ય મિલકતોની તપાસ હાથ ધરી છે, જ્યારે આ સફળ ટ્રેપ બાદ પાટનગરના સરકારી આલમમાં ચકચાર મચી ગઈ છે.



આ કેસની વિગતો મુજબ, ફરિયાદ કરનાર નાગરિક વાહનોના ઓર્થોરાઈઝ ડીલર પાસેથી વાહનોના ખરીદ-વેચાણનો વ્યવસાય કરે છે. ફરિયાદીએ વેચેલા એક વાહનના ટેક્સ ભરવા બાબતે મહાનગરપાલિકામાં કેટલીક વિસંગતતાઓ ઊભી થઈ હતી. આ બાબતે આરોપી ઉપેન્દ્ર સુતરીયાએ ફરિયાદી સામે કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવા, ફરિયાદ ન નોંધવા અને તેમની એજન્સીનું લાયસન્સ રદ ન કરવાના બદલામાં રૂ.1,00,000ની લાંચની માંગણી કરી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે ACBનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે ACBની ટીમે સતર્કતા દાખવી છટકું ગોઠવ્યું હતું.

ફરિયાદના આધારે ACBની ટીમે મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં જ છટકું ગોઠવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન જ્યારે ઉપેન્દ્ર સુતરીયા લાંચની રકમ સ્વીકારી રહ્યા હતા, ત્યારે જ પૂર્વ આયોજિત પ્લાન મુજબ ACBની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ઉપેન્દ્ર સુતરીયા પાસે કોર્પોરેશનમાં મહત્વના એવા વ્યવસાય વેરા અને વાહન વેરા વિભાગની જવાબદારી હતી. લાંબા સમયથી આ વિભાગમાં કામગીરીને લઈને અનેક ફરિયાદો ઉઠતી રહી હતી, પરંતુ આ સફળ ટ્રેપ બાદ ભ્રષ્ટ અધિકારીઓના કરતૂતો ખુલ્લા પડ્યા છે.

ACBએ લાંચની રકમ જપ્ત કરી અધિકારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ સફળ ટ્રેપ બાદ ACB હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે શું આ અગાઉ પણ અન્ય લાયસન્સ કે ટેક્સના કામોમાં આવી કોઈ ગેરરીતિ આચરવામાં આવી હતી કે કેમ, ગાંધીનગર જેવા સંવેદનશીલ વિસ્તારમાં ક્લાસ-1 કક્ષાના અધિકારી લાંચ લેતા પકડાયા હોવાથી પાટનગરના વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. હાલમાં ACB દ્વારા અધિકારીના નિવાસસ્થાન અને અન્ય મિલકતોની તપાસ કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી રહી છે.ગાંધીનગર ખાતે મ્યુનિસિપલ કમિશનર અને ઈન્ચાર્જ કલેક્ટર જે.એન. વાઘેલાની અધ્યક્ષતામાં જ્યારે લાંચ-રુશ્વત વિરોધી બ્યુરોની ત્રિમાસિક તકેદારી બેઠક ચાલી રહી હતી, બરાબર તે જ સમયે મનપા કચેરીમાં એક ક્લાસ-વન અધિકારી લાંચ લેતા ઝડપાતા ભારે ચકચાર મચી ગઈ છે. આ બેઠકમાં કલેક્ટરે પડતર કેસોની સમીક્ષા કરવાની સાથે છેલ્લા છ માસમાં ગાંધીનગર એકમ દ્વારા કરવામાં આવેલી સફળ કામગીરીની વિગતો રજૂ કરી હતી, જેમાં વિવિધ જિલ્લાઓમાં લાખો રૂપિયાની લાંચ અને અપ્રમાણસર મિલકતના કેસોમાં મોટી રકમ જપ્ત કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના પાઠ ભણાવતી આ બેઠક દરમિયાન જ થયેલી આ કાર્યવાહીએ સરકારી તંત્રમાં ફફડાટ ફેલાવી દીધો છે, જ્યારે મદદનીશ નિયામક આશુતોષ પરમારે કોઈપણ ગેરકાયદેસર અવેજની માંગણી સામે ટોલ-ફ્રી નંબર 1064 પર સંપર્ક કરવા જનતાને અપીલ કરી છે.

### સાધુઓનો શિથિલાચાર દેશ માટે ખતરોઃ હાર્દિક હુંડીયા

# હાર્દિકે ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને કર્યા સાવધાન

**સાવધાન** હજુ તો માત્ર એક પ્રદીપ યોગ ગુરુ પકડાયો છે, આવા ઘણા કુસાધુઓ બહાર ખુલ્લા ફરી રહ્યા છે

હજુ તો માત્ર એક પ્રદીપ યોગ ગુરુ પકડાયો છે, આવા ઘણા કુસાધુઓ બહાર ખુલ્લા ફરી રહ્યા છે, સાગરચંદ્ર સાગરનો સાધ્વી સાથે અશ્લીલ વિડિયો ચેટ બહાર આવ્યા પછી પણ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

મુંબઈ - ચતુર્વિધ સંઘ સામે, પરમ કૃપાળુ પરમાત્માની મૂર્તિ સામે સંસાર ત્યાગનો નિયમ લેનાર મુમુક્ષુ આત્મા જો સાધુ જીવનમાં પણ સાંસારિક કામ કરે તો તેમને સાધુ વેશમાં રહેવાનો કોઈ અધિકાર નથી. એક પોલીસ અધિકારી જો ખાખી વરદીમાં કાયદાના વિરુદ્ધ કામ કરે તો સરકાર તેને સજા આપે છે, તેવી જ રીતે સાધુ વેશમાં જે કામ સાધુએ ન કરવું જોઈએ તે કામ જો કોઈ સાધુ કરે તો તેમને સંસારમાં મોકલવાનું કામ જૈન સંઘોએ અવશ્ય કરવું જોઈએ, પરંતુ જૈન સંઘો દ્વારા એવું ન થવાને કારણે જૈન સાધુઓમાં શિથિલાચાર વધતો જઈ રહ્યો છે, જે ક્યારે પણ દેશ માટે ખતરો બની શકે છે।હાર્દિક હુંડીયાએ જણાવ્યું કે



જૈન સાધ્વીજી સાથે અશ્લીલ વિડિયો ચેટ કરતા અસભ્ય ફોટા બહાર આવ્યા છે. આ પછી સાગર ચંદ્ર સાગરને સાધુ વેશમાં રહેવાનો કોઈ અધિકાર નથી.

સાગર ચંદ્ર સાગર નામના એક સાધુનો સાગરે સાધુ વેશમાં બ્રહ્મચર્યનો વ્રત તોડ્યું છે, જે સાધ્વી સાથે સાગરે જે કુકર્મ કર્યું છે, જો તેની કાનૂની તપાસ કરવામાં આવે તો સાગરના ઘણા ગેરકાયદેસર કામો પણ બહાર આવી શકે છે? મુંબઈ-ગોવા હાઈવે પર સાગરને એક બિલ્ડરે 18 એકર જમીન મફતમાં આપી હતી. સાગરે ત્યાં 11 લાખ પ્રતિ ડેરીના હિસાબે 108 ડેરી બનાવવા નાં આદેશ આપી કરોડો રૂપિયા એકત્ર કર્યા. સૌથી દુઃખની વાત તો એ છે કે જ્યાં 108 ડેરી બનાવાઈ છે ત્યાં ભગવાનની પૂજા કરનાર કોઈ નથી. સાધુ વેશ ધારણ કર્યા પછી ધર્મના નામે ધંધો કરવો મનાઈ છે. હાર્દિક હુંડીયાનું કહેવું છે કે સાગર સાથે નગ્ન અવસ્થામાં વિડિયો ચેટ કરનાર મહિલા સાધ્વી સાગરના ઘણા ગંદા કામો જાણતી હશે? આ સાધ્વી ચોક્કસપણે સાગરના સાધુ વેશમાં થતા ધર્મવિરોધી કાર્યો વિશે ઘણું જાણતી હશે? સાગર આ સાધ્વી સાથે કોઈ અઘટિત ઘટના કરીને ભાગી જાય તે પહેલાં સાગરે ધર્મના નામે ધંધો કરીને જે રૂપિયા ભેગા કરીયા છે તે સરકાર જપ્ત કરે? સાગર સાથે જોડાયેલા ટ્રસ્ટીઓ, જે ગેરકાયદેસર કામોમાં સાગરને સાથ આપે છે, તેઓ શા માટે આપે છે? સાગર સાથે આ લોકો ધર્મના વેપારમાં કેટલા ભાગીદાર છે તે સરકાર તપાસ કરે અને જનતાને સાવધાન કરે. સુરતમાં પ્રદીપ યોગ ગુરુના નામે થયેલા ગેરકાયદેસર કામો દેશે જોયા છે, આપને નમ્ર વિનંતી છે કે સાધુ વેશમાં બેઠેલા સાંસારિક કામ કરનારાઓને સંસારમાં મોકલો અને ધર્મના નામે થયેલા ધંધાની સંપત્તિ સરકાર જપ્ત કરે. આવા શિથિલાચારી સાધુઓ પાસે કોઈ માન્ય ઓળખપત્ર, આધાર કાર્ડ વગેરે નથી હોતા. જો તેઓ ભાગી જાય તો તેમને પકડવા મુશ્કેલ બની શકે છે?

હાર્દિક હુંડીયાએ ગૃહમંત્રી અમિત શાહને લખેલા પત્રમાં વિશેષરૂપે આ વાત કહી છે તેમ જ શાસન અને પ્રશાસનને પણ વિનંતી કરી છે કે આવા કુસાધુઓ વિરુદ્ધ ભારત સરકાર દ્વારા એક અભિયાન ચલાવી તેમને ઓળખી કડક સજા કરવામાં આવે.

# સુરેન્દ્રનગર:માફિયાઓના 'સ્વર્ગ' પર ત્રાટકશે કાયદાનો કોરડો; વ્યાજખોરો અને ગુનેગારોમાં ફફડાટ

• સુરેન્દ્રનગર

ઝાલવાડની ધરા પર લાંબા સમયથી પગપેસારો કરી ગયેલા સંગઠિત અપરાધના મૂળિયાં ઉખેડી નાખવા માટે હવે વહીવટી તંત્ર અને તપાસ એજન્સીઓ એક્શન મોડમાં આવી હોય તેવું જણાય છે. સુરેન્દ્રનગર જિલ્લો અત્યાર સુધી હત્યા, ખંડણી, વ્યાજખોરી, ખનીજચોરી અને ગેરકાયદેસર દારૂના ઉત્પાદન તેમજ કટીંગ માટે ગુનેગારો માટે 'સેફ હેવન' ગણાતો રહ્યો છે. પરંતુ, હવે બે જાંબાજ અધિકારીઓની નિમણૂક થતા જ આ માફિયા રાજનો અંત આવવાની આશા જાગી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જિલ્લામાં સક્રિય જમીન માફિયા અને જુગાર માફિયાઓ જે રીતે કરોડો રૂપિયાનું કાળું નાણું એકઠું કરી વ્યાજવટાવના ધંધામાં ફેરવી રહ્યા હતા, તેના પર હવે તપાસનો ગાળિયો કસાઈ રહ્યો છે. ખાસ કરીને સાયબર ક્રાઈમ અને 'ડિઝિટલ એરેસ્ટ' જેવી આધુનિક પદ્ધતિથી સામાન્ય જનતાને લૂંટતી ગેંગને શરણ આપનારા તત્વો હવે એજન્સીઓના રડારમાં છે.




**ED અને SMCની એન્ટ્રીથી ફફડાટ**

આગામી દિવસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) જેવી મોટી એજન્સીઓ સુરેન્દ્રનગરમાં ધામા નાખે તેવી પ્રબળ શક્યતાઓ છે. આ એજન્સીઓ ખાસ કરીને નીચે મુજબના મુદ્દાઓ પર તપાસ કેન્દ્રિત કરશે:

* સંપત્તિ ટાંચમાં લેવી: વ્યાજખોરો અને માફિયાઓએ ગેરકાયદેસર રીતે એકઠી કરેલી મિલકતોની માહિતી મેળવી તેને જપ્ત (Attach) કરવાની કાર્યવાહી.

* ગુજસીટોક (GUJCTOC) હેઠળ કાર્યવાહી: સંગઠિત અપરાધ કરનારી ટોળકીઓ વિરુદ્ધ કડક કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુના દાખલ કરવા.

* મૂળિયાં સુધી તપાસ: દારૂના કટીંગથી લઈ ખનીજચોરી સુધીના સિન્ડિકેટમાં સંડોવાયેલા સફેદપોશ ગુનેગારોની ઓળખ.

**પ્રજાને હવે હાંશકારો**

વર્ષોથી વ્યાજખોરોના ત્રાસથી કચડાયેલી અને માફિયાઓના ડર નીચે જીવતી પ્રજામાં બે નિડર અધિકારીઓના આગમનથી નવી આશા બંધાઈ છે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ફેલાયેલું દારૂનું નેટવર્ક હોય કે શહેર વચ્ચે ચાલતું ખંડણીનું રેકેટ, તમામ મોરચે ઘેરાબંધી શરૂ કરવામાં આવી છે.

# અંબાજી ખાતે HPV વેક્સિનેશન દ્વારા સુરક્ષાનું કવચ

## યાત્રાધામ અંબાજીમાં કિશોરીઓને ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ આપવા HPV વેક્સિનેશન કેમ્પ યોજાયો



• અંબાજી

અંબાજી આજરોજ યાત્રાધામ અંબાજીની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા એક પ્રશંસનીય જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત 14 વર્ષની વય ધરાવતી બાલિકાઓને HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) ની રસી આપવામાં આવી હતીજાગૃતિ અભિયાન: સિવિલ હોસ્પિટલના ડૉ. મકવાણા દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ અને વાલીઓને વેક્સિનેશનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં થતા ગર્ભાશયના કેન્સર (Cervical Cancer) સામે આ રસી અમોઘ શસ્ત્ર સમાન છે.

સહયોગી ટીમ: આ રસીકરણ ઝુંબેશમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, આશા ફેસિલિટેટર્સ અને હેલ્થ વર્કર્સ ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પ્રોત્સાહન: રસીકરણ બાદ તમામ બાલિકાઓને હોસ્પિટલ સ્ટાફ તરફથી ચા અને પૌષ્ટિક નાસ્તો આપવામાં આવ્યો હતો, જેથી બાળકોમાં ઉત્સાહ જળવાઈ રહે. દીકરીઓના સુરક્ષિત ભવિષ્ય માટે રસીકરણ અનિવાર્ય છે. આજે અંબાજીની બાલિકાઓએ ઉત્સાહભેર આ રસી મેળવીને અન્ય લોકો માટે પણ ઉદાહરણ પૂરું પાડ્યું છે.' -આરોગ્ય વિભાગ, અંબાજી

# બાવળા શાખા સફળતાપૂર્વક નવા પરિસરમાં સ્થળાંતરિત થઈ



૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ, અમદાવાદમાં બાવળા શાખાએ તેના નવા, આધુનિક અને વધુ સુલભ પરિસર સાથે એક નવી સફર શરૂ કરી. આ પરિવર્તન ફક્ત સ્થાન પરિવર્તન નથી, પરંતુ ગ્રાહકોને વધુ સારો, સરળ અને વધુ માનવીય બેંકિંગ અનુભવ પ્રદાન કરવાના બેંકના ચાલુ પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે.ઉદઘાટન સમારોહ અમદાવાદ ઝોન ના ઝોનલ હેડ શ્રી એસ.કે. સરકાર અને અમદાવાદ રિજન ના રીજઓનલ હેડ શ્રી ગૌરવ કુમાર જૈનની હાજરીમાં યોજાયો હતો. બંને વરિષ્ઠ અધિકારીઓએ નવા પરિસરના ઉદ્ઘાટન પ્રસંગે દીપપ્રાગટ્ય કર્યું અને બેંકની પ્રગતિશીલ પહેલની પ્રશંસા કરી.તેમના સંદેશમાં, તેઓએ જણાવ્યું હતું કે નવું પરિસર ફક્ત એક માળખું નથી, પરંતુ બેંકની તેના ગ્રાહકો પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જ્યાં દરેક સુવિધા, દરેક પ્રક્રિયા અને દરેક ક્રિયાપ્રતિક્રિયાને સુધારવા માટે દરેક પ્રયાસ કરવામાં આવ્યો છે. નવા વાતાવરણમાં, ગ્રાહકો બેંકિંગમાં વધુ સરળતા, ઝડપી સેવા અને વધુ માનવીય સ્પર્શનો આનંદ માણશે.

**ડ્રગ્સ વિરુદ્ધ જંગ, વ્યાજખોરો પર લગામ અને પેપર લીક માફિયાઓ સામે કડક કાયદોઃ હર્ષ સંઘવીની 'ઝીરો ટોલરન્સ' નીતિની દેશભરમાં ચર્ચા**

# ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવી: 'એક્શન મોડ'માં યુવા નેતૃત્વ, જેના નિર્ણયોએ માફિયાઓના મનોબળ તોડ્યા

• ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં જ્યારે પણ યુવા જોશ અને મજબૂત ઈચ્છાશક્તિની વાત આવે છે, ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનું નામ મોખરે આવે છે. સુરતની ધરા પરથી જનસેવાની શરૂઆત કરનાર આ નેતાએ આજે સમગ્ર ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને એક નવી ઊંચાઈએ પહોંચાડી છે. માત્ર વાતો નહીં પણ 'ગ્રાઉન્ડ ઝીરો' પર ઉતરીને કામ કરવાની તેમની શૈલીએ ગુનેગારોમાં ફફડાટ અને જનતામાં વિશ્વાસ જગાડ્યો છે.

ઐતિહાસિક નિર્ણયો જે ગેમ-ચેન્જર સાબિત થયા:

૧. ડ્રગ્સ માફિયાઓનો ખુરદો બોલાવ્યો:

હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ડ્રગ્સ વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન છેડ્યું છે. હજારો કરોડનું ડ્રગ્સ પકડીને પાકિસ્તાની સિન્ડિકેટના મનસૂબા નેસ્તનાબૂદ કર્યા છે. 'ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સ માટે નહીં, પણ સુરક્ષા માટે જાણીતો બનશે' તે વાત તેમણે સાબિત કરી બતાવી છે.

૨. વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્તિ:

વર્ષોથી સામાન્ય માણસ વ્યાજખોરોના ચક્રવ્યુહમાં ફસાયેલો હતો. હર્ષ સંઘવીએ રાજ્યભરમાં 'લોક દરબાર' યોજવાનો આદેશ આપી પોલીસને જનતાના દ્વાર સુધી પહોંચાડી. પરિણામે, સેંકડો વ્યાજખોરો આજે જેલના સળિયા પાછળ છે અને હજારો પરિવારો આર્થિક પાયમાલીમાંથી બચ્યા છે.

૩. યુવાનોના ભવિષ્યની રક્ષા:

પેપર લીક જેવી ઘટનાઓ રોકવા માટે તેમણે દેશનો સૌથી કડક કાયદો ગુજરાતમાં પસાર કરાવ્યો. ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડના દંડની જોગવાઈ કરીને તેમણે સ્પષ્ટ સંદેશ આપ્યો કે યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં કરનારને બક્ષવામાં આવશે નહીં.

૪. ટેકનોલોજી અને પોલીસિંગ:

ગુજરાત પોલીસને આધુનિક શસ્ત્રો, બોડી વોર્ન કેમેરા અને CCTV નેટવર્કથી સજ્જ કરવામાં તેમનો સિંહફાળો છે. સાયબર ક્રાઈમ અને ડિજિટલ ફ્રોડ સામે લડવા માટે તેમણે વિશેષ ટીમો તૈનાત કરી છે.

**જનતાના મંત્રી, પોલીસના મિત્ર**

હર્ષ સંઘવી માત્ર કડક વહીવટકર્તા જ નથી, પણ અત્યંત સંવેદનશીલ વ્યક્તિ પણ છે. પોલીસ જવાનોના ગ્રેડ-પેના પ્રશ્નો હોય કે તેમના પરિવારના આવાસની સુવિધા, તેમણે હંમેશા હકારાત્મક અભિગમ દાખવ્યો છે. તહેવારો દરમિયાન જ્યારે આખું રાજ્ય ઉજવણી કરતું હોય, ત્યારે હર્ષ સંઘવી ખુદ પોલીસ જવાનોની સાથે રસ્તા પર ઉતરી તેમનું મનોબળ વધારે છે.

**સુરેન્દ્રનગર અને અન્ય જિલ્લાઓમાં નવી આશા**

તાજેતરમાં જ સુરેન્દ્રનગર જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં બે જાંબાજ અધિકારીઓની નિમણૂક અને ED-SMC જેવી એજન્સીઓની સક્રિયતા પાછળ હર્ષ સંઘવીનું સ્પષ્ટ વિઝન છે. સંગઠિત ગુનાખોરી (GUJCTOC) હેઠળ થતી કાર્યવાહીથી સાબિત થાય છે કે હવે ગુજરાતમાં કોઈ પણ માફિયા સુરક્ષિત નથી.

નિષ્કર્ષ ગુજરાતના ગૃહમંત્રી તરીકે હર્ષ સંઘવીએ ટૂંકા ગાળામાં જે લોકપ્રિયતા અને સફળતા મેળવી છે, તે તેમની મહેનત અને પારદર્શક કાર્યશૈલીનું પરિણામ છે.

# રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણીનો ઢંઢેરો:23 માર્ચે પ્રાથમિક મતદારયાદી જાહેર

## 34 જિલ્લા અને 260 તાલુકા પંચાયતો માટે નવું સીમાંકન પૂર્ણ

• ગાંધીનગર

રાજ્યમાં જિલ્લા-તાલુકા પંચાયત ચૂંટણીનો ઢંઢેરો:23 માર્ચે પ્રાથમિક મતદારયાદી જાહેર, 34 જિલ્લા અને 260 તાલુકા પંચાયતો માટે નવું સીમાંકન પૂર્ણ ગુજરાતમાં જિલ્લા અને તાલુકા પંચાયતની આવનારી ચૂંટણીને લઈને રાજ્ય ચૂંટણી આયોગે તૈયારી તેજ કરી દીધી છે. ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ મહત્વપૂર્ણ તબક્કા રૂપે આગામી 23 માર્ચે પ્રાથમિક મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે, જેને કારણે રાજ્યભરમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે.23 માર્ચે યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો પોતાના નામોની ચકાસણી કરી શકશેઆયોગે વર્ષ 2011ની વસ્તી ગણતરીના આધારે રાજ્યની 34 જિલ્લા પંચાયતો અને 260 તાલુકા પંચાયતોના મતવિસ્તારોનું સીમાંકન પૂર્ણ કર્યું છે. આ નવા સીમાંકનને આધારે વિધાનસભાની તાજી ફોટોવાળી મતદારયાદી પરથી પંચાયતવાર નવી યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. જાહેર કાર્યક્રમ મુજબ 23 માર્ચે યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકો પોતાના નામોની ચકાસણી કરી શકશે. જો કોઈ ભૂલ કે નામ ન હોય તો 27 માર્ચ સુધી દાવા-આક્ષેપો રજૂ કરી શકાશે. ત્યારબાદ આક્ષેપોની તપાસ પૂર્ણ કરીને 30 માર્ચ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે અને પછી આખરી મતદારયાદી જાહેર થશેસ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય ચહલપહલ તેજ બનીચૂંટણીને પારદર્શક બનાવવા માટે તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ (RO) અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ (ARO)ની નિમણૂક કરી દેવામાં આવી છે. આ સાથે જ મતદાર નોંધણી અધિકારીઓ અને મામલતદારોને સૂચના આપવામાં આવી છે કે તેઓ નમૂના-2 મુજબ ચોક્કસ અને અપડેટેડ યાદીઓ તૈયાર કરે. ખાસ વાત એ છે કે ઉમેદવારી પત્રોની છેલ્લી તારીખ સુધી પૂરવણી મતદારયાદી દ્વારા નામ ઉમેરવા, સુધારવા અથવા કાઢવાની પ્રક્રિયા ચાલુ રહેશે, જેના કારણે મતદારોને વધુ તક મળશે. આ સમગ્ર પ્રક્રિયા સાથે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજકીય ચહલપહલ તેજ બની છે.

# ગીરગઢડા પોલીસે 35 વર્ષથી કબજો કરનાર આરોપીને પકડયો

• કૈલૈશ ભટ્ટ ઉના

ગીર સોમનાથ જિલ્લામાં સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરનાર એક આરોપીની ગીરગઢડા પોલીસે ધરપકડ કરી છે. આ કાર્યવાહી લેન્ડ ગ્રેબિંગ જેવા ગંભીર ગુનાઓ સામે કડક પગલાં લેવાના ભાગરૂપે કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગીરગઢડા તાલુકાના થોરડી ગામે આવેલ સરકારી સર્વે નંબર 44ની જમીન પર આરોપી દ્વારા આશરે 35 વર્ષથી ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો હતો. આરોપીએ આ જમીન પર ખેતી, આંબા, દાડમ, નાળિયેર સહિતના પાકોનું વાવેતર કર્યું હતું.આ ઉપરાંત, આરોપીએ આ જમીન પર રહેણાંક મકાન અને વાડબાંધણી કરીને સરકારી જમીનનો ગેરકાયદેસર ઉપયોગ કર્યો હતો.

ઝડપાયો

પોલીસ બની ફુગ્ગા વેચનાર બનીને આરોપીની રેકી કરી

# ટ્રેનમાં મુસાફરોને કેફી પદાર્થ આપી લૂંટતા કુખ્યાત અમિત ઠાકુર ઝડપાયો, ફુગ્ગાવાળા બનીને પોલીસે રેકી કરી

## અમદાવાદ રેલવેની LCBની ટીમે એક રીઢા ગુનેગારને પકડવા માટે દિલ્હીમાં ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડ્યું છે

• અમદાવાદ

અમદાવાદ રેલવેની LCBની ટીમે એક રીઢા ગુનેગારને પકડવા માટે દિલ્હીમાં ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડ્યું છે. ટ્રેનમાં મુસાફરોને કેફી પદાર્થ પીવડાવી બેભાન કરીને તેનો કિંમતી સામાન, દાગીના તથા એટીએમ કાર્ડની ચોરી કરનાર અમિત ઠાકુરને પોલીસે દિલ્હીથી દબોચી લીધો છે. આ આરોપી એટલો ચાલાક હતો કે તેને પકડવા માટે રેલવે પોલીસની ટીમે સતત 7 દિવસ સુધી દિલ્હીમાં ધામા નાખ્યા હતા. પોલીસ અધિકારીઓએ પોતાની ઓળખ છુપાવીને ફેરિયા અને ફુગ્ગા વેચનારા બનીને આરોપીના ઘરની આસપાસ રેકી કરી હતી. જેવો અમિત ઠાકુર તેના ઘરે પહોંચ્યો કે તરત જ પોલીસે તરાપ મારી તેની ધરપકડ કરી લીધી હતી. આરોપી સામે અન્ય 25થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા



મળતી માહિતી અનુસાર, આરોપી અમિત ઠાકુર સામે માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશમાં 25થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયા છે. તેની મોડસ ઓપરેન્ડી અત્યંત જોખમી હતી; તે મુસાફરોનો વિશ્વાસ જીતી તેમને નશીલા પદાર્થો યુક્ત પીણું પીવડાવી દેતો અને તેઓ બેભાન થાય એટલે રોકડ તેમજ ઘરેણાંની લૂંટ ચલાવતો હતો. ખાસ કરીને તે મુસાફરોના એટીએમ કાર્ડની ચોરી કરી બેન્કમાંથી નાણાં ઉપાડી લેવામાં પણ માહિર હતો. હાલ રેલવે પોલીસ દ્વારા આરોપીની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે, જેમાં અન્ય કેટલીક મોટી ચોરીઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

વેસ્ટર્ન રેલ્વે LCBના DySP ચેતન મુધવાના જણાવ્યાનુસાર, અમદાવાદ રેલવે એલસીબી ટીમે દિલ્હીથી અમિત કુમાર સુખદેવ ઠાકુર નામના એક કુખ્યાત આરોપીની ધરપકડ કરી છે, જે મૂળ બિહારનો વતની છે અને દિલ્હીમાં રિક્ષા ચાલક તરીકે કામ કરતો હતો. આ આરોપી ટ્રેનના સ્લીપર કોચમાં લાંબી મુસાફરી દરમિયાન પેસેન્જરો સાથે મિત્રતા કેળવી, તેમનો વિશ્વાસ જીતીને તેમના ખાણીપીણીમાં ઊંઘની ગોળીઓ કે અલ્ટ્રાઝોમ જેવી કેફી દવાઓ ભેળવી તેમને બેભાન કરી દેતો અને તેમના જીવ જોખમમાં મૂકીને તેમની પાસેથી રોકડ, કિંમતી દાગીના, મોબાઈલ અને એટીએમ કાર્ડની ચોરી કરતો હતો.

આરોપી મુસાફરોના ફોનમાંથી સીમકાર્ડ મેળવી નજીકના એટીએમમાંથી પૈસા પણ ઉપાડી લેતો હતો. આરોપીએ ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવા વિવિધ રાજ્યોમાં અંદાજે 25 જેટલા ગુનાઓ આચર્યા હોવાની કબૂલાત કરી છે. અમદાવાદ રેલવે એલસીબીની ટીમે દિલ્હીમાં સાત દિવસ સુધી રોકાઈને, સ્થાનિક ફેરિયાઓ અને મજૂરોનો વેશ ધારણ કરી વોચ ગોઠવીને આ આરોપીને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો, જેની પાસેથી 2 લાખની રોકડ અને ત્રણ મોબાઈલ ફોન મળી આવ્યા છે. આરોપીએ પોતાના મોજશોખ અને આર્થિક જરૂરિયાતો પૂરી કરવા માટે આ ગુનાહિત પ્રવૃત્તિ શરૂ કરી હતી.

સ્ટેટસ હટાવા બાબતે ઝઘડો કે અંતે યુવકની હત્યા કરી

# સરખેજમાં યુવકની હત્યા કરનાર 5 આરોપીને બનાવ સ્થળ પર ઉઘાડા પગે દોરડા વડે બાંધીને લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કરાયું

**દોરડા વડે બાંધીને રિકન્સ્ટ્રક્શન** સરખેજ પોલીસ દ્વારા પાંચેય આરોપીઓને દોરડા વડે બાંધીને ઠાકોર વાસ જે જગ્યા ઉપર મારામારીનો બનાવ બન્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં આવેલા ઠાકોરવાસમાં બે દિવસ પહેલા એક જ સમાજના બે જૂથ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. જેમાં એક યુવકનું મૃત્યુ થયું હતું જ્યારે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતાં. મોબાઈલમાં ગાળા ગાડી વાળું સ્ટેટસ મુકવાને લઈને થયેલી માથાકૂટમાં આ બનાવ બન્યો હતો. જેમાં સરખેજ પોલીસ દ્વારા પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આજે 20 માર્ચના રોજ આરોપીઓને સ્થળ ઉપર લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું.



સરખેજ પોલીસ દ્વારા પાંચેય આરોપીઓને દોરડા વડે બાંધીને ઠાકોર વાસ જે જગ્યા ઉપર મારામારીનો બનાવ બન્યો હતો, ત્યાં લાવવામાં આવ્યા હતા. પાંચેય આરોપીઓને ઉઘાડા પગે ચલાવવામાં આવ્યા હતાં.

લંગડાતા લંગડાતા ચાલીને પોલીસને ઘટનાક્રમ જણાવ્યો આરોપીઓને જોવા માટે ઠાકોરવાસમાં મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને મોબાઈલમાં વિડીયો પણ ઉતાર્યા હતાં. આરોપી લંગડાતા લંગડાતા ચાલીને ઘટના કેવી રીતે બની હતી તે અંગે પોલીસને જણાવ્યું હતું. રિકન્સ્ટ્રક્શન અને પંચનામું કર્યા બાદ તમામ આરોપીઓ ને લઈ જવાયા હતા. સરખેજ પોલીસ સ્ટેશનના પી.આઈ.એલ.એલ ચાવડાએ જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ઠાકોરવાસ ખાતે બે દિવસ પહેલા ઠાકોર સમાજના જ લોકો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં નરેશ ઠાકોર નામના વ્યક્તિનું મૃત્યુ થયું હતું જ્યારે જયેશ ઠાકોર અને નરેશ ઠાકોર નામના બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતાં. આશિષ ઠાકોર નામના ભોગ બનનારે મોબાઈલના સ્ટેટસમાં સામેવાળા આરોપીઓના વિશે બિભત્સ લખવામાં આવેલું હતું. જેને લઈને આરોપીઓ દ્વારા તેમને સમજાવવામાં આવ્યા હતા પરંતુ તેમનું સ્ટેટસ દૂર કરવામાં આવ્યું નહોતું. જેથી તેમની વચ્ચે માથાકૂટ થઈ હતી.

પાંચ આરોપીની ધરપકડ ને રિકન્સ્ટ્રક્શન બોલાચાલી બાદ મારામારીમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. સરખેજ પોલીસ દ્વારા છ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ભરત ઠાકોર અને હર્ષિલ ઠાકોર બે આરોપીઓ અને સરખેજ પોલીસે મહેશ ઠાકોર નામના આરોપીની ધરપકડ કરી હતી. કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી અને રિમાન્ડ મેળવવામાં આવ્યા હતાં આરોપીઓને બનાવના સ્થળ ઉપર લાવીને પંચનામું અને ઘટના કેવી રીતે બની તે અંગેનું રિકન્સ્ટ્રક્શન કરાવવાની કાર્યવાહી કરવામાં આવી છે.

# વિશ્વ ચકલી દિવસે 'એક પ્રયાસ ચકલી બચાવવાનો' અભિયાન, પરિમલ ગાર્ડન ખાતે વિનામૂલ્યે ચકલીના માળાનું વિતરણ

• અમદાવાદ

અમદાવાદના જૂના વિસ્તારો અને પોળોની શાન ગણાતી ચકલીઓની ચીં-ચીં હવે ધીમે-ધીમે શાંત થઈ રહી છે. આ લુપ્ત થતી જતી ચકલીઓને બચાવવા અને તેમનું જતન કરવા માટે શહેરની સામાજિક સંસ્થા 'એનિમલ લાઈફ કેર' દ્વારા 'એક પ્રયાસ ચકલી બચાવવાનો' (સેવ ધ સ્પેરો) અભિયાન તેજ કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા નાગરિકોને પોતાના ઘરની બહાર ચકલીઓ માટે માળા (બખોલ) લગાવવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.




સંસ્થાના કાર્યકરોનું કહેવું છે કે અગાઉના સમયમાં ઘરોની ડિઝાઈન એવી હતી કે જેમાં નાના ગોખલા અને છાજલીઓ રહેતી, જ્યાં ચકલીઓ આસાનીથી માળો બનાવી શકતી હતી. પરંતુ આધુનિક સિમેન્ટ-કોંક્રિટના મકાનોમાં આવી જગ્યાઓનો અભાવ હોવાથી ચકલીઓ પાસે રહેઠાણ બચ્યું નથી. વધતું જતું શહેરીકરણ, પ્રદૂષણ, મોબાઈલ ટાવરનું રેડિયેશન અને ઘટતા જતા વૃક્ષો આ નાનકડા પક્ષીના અસ્તિત્વ માટે મોટો ખતરો બની રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત અમદાવાદના પરિમલ ગાર્ડન સહિતના વિવિધ વિસ્તારોમાં નાગરિકોને વિનામૂલ્યે ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ જણાવ્યું કે, 'અગાઉના સમયમાં બાળકો ચકલીઓની વાર્તાઓ સાંભળીને મોટા થતા હતા, પરંતુ આજની પેઢી માટે ચકલી જોવી પણ દુર્લભ બની ગઈ છે. જો દરેક પરિવાર પોતાના આંગણે કે ગેલેરીમાં એક નાનો માળો અને પાણીનું કુંડું રાખે, તો આ પક્ષીને ફરી પાછું લાવી શકાય છે.'એનિમલ લાઈફ કેર આગામી મહિનાઓમાં આ અભિયાનને વધુ વ્યાપક બનાવવાની યોજના ધરાવે છે. સંસ્થાના સ્વયંસેવકો શહેરના જૂના વિસ્તારો અને સોસાયટીઓમાં જઈને કૃત્રિમ માળાઓ લગાવી રહ્યા છે જેથી ચકલીઓને સુરક્ષિત પ્રજનન સ્થળ મળી રહે. ખાસ કરીને ઉનાળાની શરૂઆત થઈ રહી છે ત્યારે પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવી પણ એટલી જ અનિવાર્ય છે.

# ગ્રામ્ય નેટવર્ક સમસ્યા યથાવત, લોકોને મુશ્કેલી:ધારાસભ્યો અને કલેક્ટર પાસેથી નેટવર્ક સમસ્યા ધરાવતા વિસ્તારોની માહિતી મેળવશે

• ગાંધીનગર

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો પ્રશ્ન હજી યથાવત છે. સરકાર દ્વારા ભારત નેટ યોજનાના ભાગરૂપે ગ્રામ પંચાયત સ્તરે કનેક્ટિવિટી વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં, અનેક ગામોમાં હજી પણ નબળી નેટવર્ક સુવિધા લોકો માટે મુશ્કેલી ઉભી કરી રહી છે. ઈ-સ્વાસ્થ્ય, ઈ-શિક્ષણ અને ઈ-ગવર્નન્સ જેવી સેવાઓનો પૂરતો લાભ ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચી શકતો નથી.રાજ્યમાં નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા માટે Gujarat Fibre Grid Network Limited (GFGNL) દ્વારા ફાઈબર ગ્રીડ નેટવર્કનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે અને ગ્રામ્ય કનેક્ટિવિટી સુધારવા પ્રયાસો થઈ રહ્યા છે. છતાં, હાલની પરિસ્થિતિ દર્શાવે છે કે આ પહેલોની અસર હજુ પૂરતી રીતે ધરાતળ પર જોવા મળી રહી નથી. આ મુદ્દે ચર્ચા દરમિયાન રાજ્યમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા ધરાવતા વિસ્તારો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ હવે વિભાગ દ્વારા દરેક કલેક્ટરને પત્ર લખી તેમના જિલ્લામાં નેટવર્ક સમસ્યા ધરાવતા વિસ્તારોની વિગત માંગવામાં આવી રહી છે. સાથે સાથે ધારાસભ્યોને પણ તેમના મતવિસ્તારમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં નેટવર્ક સમસ્યા છે તેની સંપૂર્ણ માહિતી આપવા કહેવામાં આવ્યું છે.આ માહિતીના આધારે આગળની કાર્યવાહી માટે કેન્દ્ર સરકારને વિગતો મોકલવાની તૈયારી દર્શાવવામાં આવી છે. જોકે, સતત ચાલી રહેલી સમસ્યાઓ વચ્ચે હજુ સુધી કોઈ તાત્કાલિક અને અસરકારક ઉકેલ સામે આવ્યો નથી, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ કનેક્ટિવિટી મજબૂત બનાવવાનો મુદ્દો હજી પડકારરૂપ રહ્યો છે.

# રાયપુર ન્યુ ક્લોથ માર્કેટમાં વેપારી સાથે 2.48 કરોડની છેતરપિંડી, એક જ પરિવારના સભ્યો સહિત 6 સામે ગુનો

• અમદાવાદ

શહેરના મુખ્ય વેપારી મથક ગણાતા રાયપુર ન્યુ ક્લોથ માર્કેટમાં કાપડના એક વેપારી સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડેનિમ જીન્સના કાપડની ખરીદી કર્યા બાદ તેના નાણાં ન ચૂકવી વિશ્વાસઘાત કરનાર એક જ પરિવારના ચાર સભ્યો સહિત કુલ 6 શખ્સો વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખા (EOW)માં ફરિયાદ નોંધાઈ છે. સેટેલાઈટ વિસ્તારમાં સત્યાગ્રહ છાવણી ખાતે રહેતા 66 વર્ષીય વેપારી અરુણકુમાર જ્વાલાપ્રસાદ તુલશ્યાને આ મામલે ફરિયાદ નોંધાવી છે. રાયપુર ન્યુ ક્લોથ માર્કેટમાં આવેલી તેમની દુકાન નંબર 255 (માળીયું) ખાતેથી આરોપીઓએ મે 2023 થી જુલાઈ 2024 ના સમયગાળા દરમિયાન મોટા પાયે ડેનિમ જીન્સના કાપડની ખરીદી કરી હતી. શરૂઆતમાં સમયસર પેમેન્ટ કરીને વિશ્વાસ કેળવ્યા બાદ, આરોપીઓએ કુલ 2,48,12,413/-ની બાકી નીકળતી રકમ ચૂકવી ન હતી. વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં ન મળતા અંતે વેપારીએ પોલીસના દ્વાર ખખડાવ્યા છે.પોલીસે સી.ટી.એમ. અને ખોખરા વિસ્તારના રહેવાસી એવા નીચે મુજબના શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

પડતર માંગણીઓ ન સ્વીકારાતા સોમવારથી ઉગ્ર આંદોલનની ચીમકી

# ધંધુકા અને બાવળા વિસ્તારમાં આંગણવાડી બહેનોની ત્રણ દિવસીય હડતાળના અંતિમ દિવસે ઉગ્ર સૂર

• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા અને બાવળા વિસ્તારમાં આંગણવાડી બહેનો દ્વારા ચાલી રહેલી ત્રણ દિવસીય હડતાળ આજે સમાપ્ત થઈ છે. આંદોલનકારીઓએ સરકારને ચેતવણી આપી છે કે, જો તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો સોમવારથી વધુ ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.



આંગણવાડી બહેનોની મુખ્ય માંગણીઓમાં પગાર વધારો, સરકારી મોબાઈલ ફોનની સુવિધા અને અન્ય મૂળભૂત સુવિધાઓનો સમાવેશ થાય છે. બહેનોએ જણાવ્યું હતું કે, તેમણે અનેકવાર સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી છે, પરંતુ કોઈ અસરકારક પગલાં લેવાયા નથી.

ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે છ માસ અગાઉ આંગણવાડી બહેનોના પગાર વધારા અંગે આદેશ આપ્યો હતો, છતાં તેનો અમલ હજુ થયો નથી. આ મુદ્દે બહેનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આંદોલનકારીઓએ જણાવ્યું કે, 'અમે લાંબા સમયથી શાંતિપૂર્ણ રીતે અમારી માંગણીઓ રજૂ કરી રહ્યા છીએ, પરંતુ સરકાર તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. હવે અમારી પાસે ઉગ્ર આંદોલન સિવાય કોઈ વિકલ્પ નથી. 'જો સરકાર તાત્કાલિક નિર્ણય નહીં લે તો સોમવારથી આંગણવાડી બહેનો દ્વારા ભૂખ હડતાલ સહિતના ઉગ્ર કાર્યક્રમો શરૂ કરવામાં આવશે. આ આંદોલન વધુ વિસ્તૃત સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકો અને સંગઠનો પણ આંગણવાડી બહેનોને સમર્થન આપી રહ્યા છે.

# ડભોઈ સિંધી સમાજ દ્વારા 'ચેટીચંદ' પર્વની ભવ્ય ઉજવણી ભક્તિમય માહોલમાં નીકળશે



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ સિંધી સમાજ દ્વારા 'ચેટીચંદ' પર્વની ભવ્ય ઉજવણી ભક્તિમય માહોલમાં નીકળશે શોભાયાર ડભોઈ આજે સિંધી સમાજના આરાધ્ય દેવ ભગવાન ઝુલેલાલના જન્મોત્સવ એટલે કે ચેટીચંદ પર્વની ડભોઈમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વડોદરા ભાગોળ પાસે આવેલા શ્રી ઝુલેલાલ મંદિરે સવારથી જ શ્રદ્ધાળુઓનું કીડીયારું ઉભરાયું છે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છેધંધા-રોજગાર બંધ રાખી સમાજ ઉત્સવમાં જોડાયો ચેટીચંદના પર્વને માન આપવા અને સામૂહિક ઉજવણીના ભાગરૂપે આજે ડભોઈના તમામ સિંધી વેપારીઓએ પોતાના દુકાનો અને ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખ્યા છે. વહેલી સવારથી જ સમાજના નાના-મોટા તમામ લોકો મંદિરે એકત્રિત થયા હતા.સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોની રેલમછેલ મંદિર ખાતે સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભજન-કીર્તન: સવારથી જ પ્રભુની આરાધનામાં ભજન મંડળીઓ દ્વારા વાતાવરણ ગુંજી ઉઠ્યું છે પૂજા-અર્ચના: ભગવાન ઝુલેલાલની વિશેષ પૂજા અને આરતી કરવામાં આવી હતીશોભાયાત્રા (વરઘોડો): મોડી સાંજે ભવ્ય વરઘોડો કાઢવામાં આવશે, જે ડભોઈના વિવિધ વિસ્તારોમાં ફરીને પરત મંદિરે આવશે. આ વરઘોડામાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો જોડાશેસંગઠન અને આગેવાનોની ઉપસ્થિતિ આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે સિંધી સમાજના હોદ્દેદારો અને આગેવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું લુણાવાડા ખાતે ઉમળકાભેર સ્વાગત

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

આજરોજ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દાહોદ જિલ્લાના પ્રવાસે જઈ રહ્યા હતા, તે દરમિયાન મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે તેમનું આગમન થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લુણાવાડાના પરશુરામ ચોક ખાતે તેમણે ટૂંકી મુલાકાત લઈ કાર્યકરો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ પરશુરામ ચોક ખાતે ભગવાન પરશુરામના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. બ્રહ્મ સમાજ, વિશ્વકર્મા સમાજના આગેવાનો તેમજ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

નુકસાન

### ચાણોદ વિભાગમાં કુદરતનો કહેર ખેડૂતોની કમર તોડી

# મકાઈનો તૈયાર પાક ગતરોજ ના સાંજે ફકાયેલા વાવાઝોડા માં ભોય ભેગો થઈ ગયો ખેડૂતોને લાખોનું નુકસાન

## ખેડૂતોને આખા વર્ષથી મહેનત તાપ તડકો વરસાદ વેઠી તૈયાર કરેલ ઉભો પાક એક વાવાઝોડાએ તાહેશનહેશ

વાવાઝોડા સાથે મુકાયેલા પવનમાં લાખોનો મકાઈના પાક ના ખેતરો ના ખેતરો મા ઢળી પડ્યો બીજી બાજુ વાવાઝોડા સાથે મુકાયેલા પવન થી પતરા ઉડિયા વૃક્ષની ડાળી તૂટી પડી વાવાઝોડા સાથે લાઈટો જતાં અંધારપટ છવાયો

કુદરતના કહેરે ચાણોદ વિભાગના ખેડૂતોની કમર ભાગવા જાણ મન બનાવી લીધું હોય તેમ ગત વર્ષ મકાઈના તૈયાર પાક ખેતરમાં પડ્યો હતો ત્યારે વરસાદ ખાબક્યો ચાલુ સાલે અતિવૃષ્ટિ બાદ મકાઈના વાવેતર કર્યા તો તેમાં પણ તૈયાર થયેલ ઉભા પાક ને વાવાઝોડું ખેદાન મેદાન કરી નાખ્યો

મોઘુ બિયારણ રાસાયણિક ખાતરો દવાઓ મજૂરી પાણીના ખર્ચ ખેડૂતોને આખા વર્ષથી મહેનત તાપ તડકો વરસાદ વેઠી તૈયાર કરેલ ઉભો પાક એક વાવાઝોડાએ તાહેશનહેશ કરી નાખ્યો કુદરત સામે ખેડૂતો લાચાર

ડભોઈ તાલુકાના ચાણોદ વિભાગ માં ગતરોજ હવામાન ખાતાની આગાહી મુજબ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો . ગતરો સાંજે સંધ્યા સમયેસમયે નવરાત્રી ના પ્રથમ દિવસ માંતાજી ની લોકો આરતી પૂજા માં



વ્યસ્ત હોય તેવા સમયે એકાએક વાવાઝોડું ભારે પવન સાથે ફૂકાવાનું ચાલુ થતા ધૂળની ડમરીઓ ઊડી હતી પતરા હોલ્ડિંગો વૃક્ષની ડાળીઓ કેટલી જગ્યાએ ઝાડ તૂટી પડવાના બનાવો બન્યા એકાએક વાવાઝોડું ફૂંકાતા ઘરોમાં ધૂળ ધૂળ પ્રવેસી ચૂકી હતી બીજી બાજુ ભારે તોફાની પવનથી લાઈટો જતા અંધારપટ છવાયો હતો જે લગભગ બે થી અઢી કલાક ની આસપાસ લાઈટો બંધ રહ્યા બાદ ફરી આવી હતી ભારે પવન ફૂંકાતા ખેતરોમાં ઉભા પાક નો કચ્ચરઘાણ વળી ગયો ચાણોદ વિભાગમાં મોટેભાગે મકાઈના પાક તરફ ખેડૂતો વળેલ હોય જેથી ચારે તરફ મકાઈનું વાવેતર જોવા મળી રહ્યું છે .ગતરોજ ના ભારેભારે તોફાની પવન સાથે ફૂકાયે વાવાઝોડાએ મકાઈના પાકનો કચ્ચરઘાણ વાળી નાખ્યો આખો તૈયાર પાક થયેલો ખેતરોના ખેતરો મકાઈના આડા પડી ગયા ખેડૂતો આજે ખેતરમાં જઈને જોતા નિસાસો નાખી રહ્યાં છે કહે છે કે ગયા વર્ષ મકાઈ તૈયાર થયેલ ત્યારે વરસાદ પડ્યો જ્યારે ચાલુ સાલે અતિવૃષ્ટિએ થતાં બિયારણો ફેલ ગયા મકાઈના પાક નું વાવેતર કર્યું મકાઈનું મોંઘુ બિયારણ દવા રાસાયણિક ખાતર પાણી ખેત મજૂરી ટ્રેક્ટર ડીઝલ ખર્ચ ની આખી વર્ષની મહેનત નજર સામે આ રીતે તૈયાર થયેલ કોડિયો કુદરતે હાથમાંથી થપાટ મળી જાણે ઝુંટવી લીધી હોય તેમ કુદરતના કહેરે સામે નિસાસા નાખી રહ્યા છે બીજી બાજુ ચાલુ સાલે મકાઈ ના બજાર ભાવ ગઈ સાલ કરતા પણ નીચા ભાવ મકાઈના બજારમાં બોલાતા હોય જેથી હવે મકાઈના પાક માં હાથમાં શું આવશે? તે સામે ખેડૂતોમાં પ્રશ્ન ઉદ્દભવી રહ્યા છે વાવાઝોડા સાથે પવન તોફાની રહેતા મકાઈનો પાક આડો પડી ગયો જ્યારે કેટલાક ખેતરોમાં તૈયાર પાક તોડીને પડેલ છે વરસાદ ના થયો હોવાથી ખેતરમાં સૂકો પાક ને થોડી રાહત મળી છે જો લીલો આડો પડેલો ભાગ માં વરસાદ થાય તો આખો લીલો પાક વરસાદ-તાપ વચ્ચે બફારો લાગીને કોવાય જાયતેવી ભીતી સિવાય રહી છે

### ૨ મહિનાથી રજિસ્ટ્રેશન છતાં ઘઉંની ખરીદી શરૂ ન થતાં ૪૦૦-૪૨૫ રૂપિયાના સસ્તા ભાવે માલ વેચવા ખેડૂતો મજબૂર

# માવઠાના મારથી ધોરાજી પંથકના ખેડૂતો પાયમાલ ટેકાના ભાવે ખરીદીમાં ધાંધિયાથી જગતનો તાત રાતા પાણીએ રોયો

5

## મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરવા ઉગ્ર માંગ ઉઠી

• ધોરાજી

રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં કમોસમી વરસાદ (માવઠા) એ ખેડૂતોની કમર તોડી નાખી છે. ભર શિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા અને કમોસમી વરસાદ ખાબકતા ખેડૂતોના મોંઘામૂલા શિયાળુ પાકોને ભારે નુકસાન પહોંચ્યું છે. એક તરફ કુદરતનો પ્રકોપ અને બીજી તરફ સરકારની ઉદાસીનતાને કારણે ખેડૂતોની સ્થિતિ 'પડ્યા પર પાટું' જેવી બની ગઈ છે.

ધોરાજી પંથકના ખેતરોમાં હાલ ઘઉં, ચણા, ધાણા, તુવેર અને એરંડા જેવા પાકો તૈયાર ઉભા છે, જ્યારે કેટલાક ખેડૂતોએ ઘઉં કાઢીને ખેતરમાં ઢગલા કર્યા હતા. કમોસમી વરસાદના કારણે આ ઢગલાઓ પલળી જતાં



ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સરકારે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના મોટા મોટા દાવાઓ કર્યા હતા, પરંતુ વાસ્તવિકતા એ છે કે ખેડૂતો અત્યારે દેવાના ડુંગર તળે દબાઈ ગયા છે.ખેડૂતોનો સૌથી મોટો આક્રોશ સરકારની ટેકાના ભાવની ખરીદી નીતિ સામે છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, ઘઉંના ટેકાના ભાવે વેચાણ માટે રજિસ્ટ્રેશન કરાવ્યાને ૨-૨ મહિના જેટલો સમય વીતી ગયો છે, છતાં હજુ સુધી ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. સરકારે જાહેર કરેલા સમય કરતા ૨૦ દિવસ મોડું થઈ ગયું હોવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં છે. પરિણામે, નાણાંભીડ અનુભવતા ખેડૂતોને પોતાનો મહામહેનતે પકવેલો પાક યાર્ડમાં ૪૦૦ થી ૪૨૫ રૂપિયાના સાવ તળિયાના ભાવે વેચીને ખુલ્લી લૂંટનો શિકાર બનવું પડી રહ્યું છે.ખેડૂત આગેવાનો અને સ્થાનિક ખેડૂતોએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ વર્ષમાં ખાતર અને દવાના ભાવોમાં તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. જે ડીએપી (DAP) અને એનપી (NP) ખાતર અગાઉ ૭૦૦ રૂપિયામાં મળતું હતું, તે આજે ૨૦૦૦ રૂપિયાને પાર થઈ ગયું છે. ડીઝલ અને બિયારણના ભાવ આસમાને છે. સામે પક્ષે સરકારે ઘઉંનો ૫૧૭ રૂપિયા જેવો નજીવો ટેકાનો ભાવ જાહેર કર્યો છે, જે ખેડૂતોને જરા પણ પોષણક્ષમ નથી. ખેડૂતોની માંગ છે કે આ ભાવ ઓછામાં ઓછો ૬૦૦ રૂપિયા હોવો જોઈએ.

ધોરાજી પંથકના ખેડૂતોએ ડબલ એન્જિન સરકાર સામે બાયો ચડાવતા સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, એસી ઓફિસોમાં બેસીને કાગળ પર યોજનાઓ બનાવનારા બાબુઓ ક્યારેય ખેતરમાં આવીને ખેડૂતોની વાસ્તવિક સ્થિતિ જોતા જ નથી. તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોના દેવા માફ કર્યા છે, તો છેલ્લા ૩૦ વર્ષથી સરકારને ખોબલે ને ખોબલે મત આપતા ગુજરાતના ખેડૂતોનું દેવું કેમ માફ કરવામાં આવતું નથી? જો સરકાર સત્વરે યોગ્ય સહાય નહીં ચૂકવે અને નીતિઓમાં સુધારો નહીં કરે, તો આવનારી પેઢી ખેતી કરવાથી સદંતર વિમુખ થઈ જશે તે નિશ્ચિત છે.

# પાલતુ શ્વાનના રજિસ્ટ્રેશનની મુદત લંબાવાઈ : 15 એપ્રિલ સુધી નોંધણી કરી શકાશે, અત્યાર સુધીમાં 527 ડોગની નોંધણી

## આગામી 15 એપ્રિલ, 2026 સુધી પોતાના પાલતુ શ્વાનનું સત્તાવાર રજિસ્ટ્રેશન કરાવી શકશે

• ગાંધીનગર



ગાંધીનગર શહેરમાં વસતા પાલતુ શ્વાન પ્રેમીઓ અને માલિકો માટે મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને પશુઓના વ્યવસ્થિત સંચાલન માટે શરૂ કરવામાં આવેલી પેટ ડોગ રજિસ્ટ્રેશન પ્રક્રિયાની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.હવે શહેરના નાગરિકોઆગામી 15 એપ્રિલ, 2026 સુધી પોતાના પાલતુ શ્વાનનું સત્તાવાર રજિસ્ટ્રેશન કરાવી શકશે. હજુ પણ અનેક માલિકોના રજિસ્ટ્રેશન બાકી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પાલતુ શ્વાનના રજિસ્ટ્રેશનની મુદત 15 એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. અગાઉ મહાનગરપાલિકા દ્વારા આ પ્રક્રિયા માટે 90 દિવસની મુદત નક્કી કરવામાં આવી હતી. આ અગાઉનો નિર્ધારિત સમયગાળો 15 ડિસેમ્બર, 2025થી શરૂ થઈને 16 માર્ચ, 2026 સુધીનો હતો. જોકે, હજુ પણ અનેક માલિકો રજિસ્ટ્રેશનથી વંચિત હોવાનું જણાતા અને લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને તંત્રએ આ મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. અત્યાર સુધીના આંકડાઓ મુજબ ગાંધીનગરના જાગૃત નાગરિકોએ આ ઝુંબેશમાં સારો પ્રતિસાદ આપ્યો છે અને 527થી વધુ લોકોએ પોતાના પાલતુ શ્વાનનું સફળતાપૂર્વક રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.આ અંગે મનપા સૂત્રોએ જણાવ્યું કે, અરજદારો ઓનલાઈન માધ્યમથી ફોર્મ ડાઉનલોડ કરી શકશે, જેનાથી પ્રક્રિયામાં સરળતા રહેશે. જોકે, ફોર્મ ભર્યા બાદ અરજદારે પોતે રૂબરૂ મહાનગરપાલિકાની કચેરી ખાતે જઈને જરૂરી દસ્તાવેજો સાથે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ પ્રક્રિયા માટે કેટલાક મહત્વના પુરાવાઓ ફરજિયાત કરવામાં આવ્યા છે.જે અન્વયે અરજદારનું લેટેસ્ટ ટેક્સ બિલ, કોઈપણ એક સરકારી ઓળખપત્ર, લાઈટ બિલ અથવા ગેસ બિલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શ્વાનની સુરક્ષા અને જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને માન્ય વેટેનરી ડોક્ટર દ્વારા આપવામાં આવેલું એન્ટીરેબીઝ વેક્સિનનું સર્ટિફિકેટ રજૂ કરવું અનિવાર્ય છે. ડોક્યુમેન્ટેશનમાં પાલતુ શ્વાનનો ફોટો, માલિકનો ફોટો તેમજ શ્વાનને રાખવાની જગ્યાનો ફોટો પણ સાથે રાખવો પડશે. મહાનગરપાલિકાએ તમામ શ્વાન માલિકોને અપીલ કરી છે કે, આ વધારાની મુદતનો લાભ લઈ વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવી લેવું, જેથી ભવિષ્યમાં કોઈ કાયદાકીય મુશ્કેલી ન સર્જાય.


# પવન ફૂંકાતા વાવાઝોડા જેવી પરિસ્થિતિપવન ફુંકાતા ધૂળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયાવીજળીના ચમકારા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેર તાલુકામાં વાતાવરણમાં આવ્યો એકા એક પલટોભારે પવન ફૂંકાતા વાવાઝોડા જેવી પરિસ્થિતિપવન ફુંકાતા ધૂળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયાવીજળીના ચમકારા સાથે ઝરમર વરસાદનું આગમનઉનાળાની ઋતુમાં ચોમાસા જેવો માહોલવીજ પુરવઠો ડુલ થતાં અંદર પટ છવાયોડભોઈ પંથકમાં કુદરતનો પ્રકોપ: ભર ઉનાળે વાવાઝોડા સાથે વરસાદી માહોલ, જનજીવન પ્રભાવિતડભોઈ પંથકમાં આજે અચાનક વાતાવરણમાં પલટો આવતા સમગ્ર વિસ્તારમાં કુદરતનો અનોખો મિજાજ જોવા મળ્યો હતો. કાળઝાળ ગરમી વચ્ચે અચાનક આકાશ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને જોતજોતામાં વાતાવરણ પલટાઈ ગયું હતું.

વાવાઝોડા જેવી સ્થિતિ: પંથકમાં ભારે ગતિએ પવન ફૂંકાવાનું શરૂ થતા વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ધૂળની ડમરીઓ અને તેજ પવનને કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રા હદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.કમોસમી વરસાદનું આગમન: પવનની સાથે જ ઝરમર વરસાદ શરૂ થતા જાણે ચોમાસું બેસી ગયું હોય તેવો અ નુ ભવ લોકોને થયો હતો. એપ્રિલ-મે મહિનાની કાળઝાળ ગરમીમાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક તો પ્રસરી હતી, પરંતુ ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.વીજળી ગુલ અને અંધારપટ: ભારે પવન અને વરસાદને કારણે વીજ લાઈનોમાં ટેકનિકલ ખામી સર્જાતા ડભોઈ પંથકના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અચાનક વીજળી ગુલ થઈ જતાં સમગ્ર પંથકમાં અંધારપટ છવાઈ ગયો છે, જેના કારણે સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.ભર ઉનાળે ચોમાસાનો ભાસ: ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકો માટે આ ઠંડક રાહત લાવી છે, પરંતુ 'ભર ઉનાળે ચોમાસા' જેવી સ્થિતિ સર્જાતા કુદરતના બદલાતા મિજાજે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે.

# 8 વર્ષે ફલકફાતિમા નૂર મોહમ્મદ હોટલવાલા રમજાન માસના 30 રોજા રાખતા પરિવારમાં ખુશીનો માહોલ



ડભોઈ તાઈવાંગા વિસ્તારમાં રહેતા 8 વર્ષે ફલકફાતિમા નૂર મોહમ્મદ હોટલવાલા રમજાન માસના 30 રોજા રાખતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો મુસ્લિમ સમુદાય માટે રમઝાન નો પવિત્ર મહિનો ઈબાદત નો મહિનો છે. આમ તો તમામ મહિના ઓ ને પોત પોતાની રીતે ઈસ્લામ માં એક મહિમા સોંપવામાં આવેલો છે. પણ આ રમઝાન મહિના ની એક અલગ ઓળખ છે એક અલગ મહિમા છે. કેમ કે આ મહિના માં જ પવિત્ર કુરાન નાઝિલ કરવામાં આવ્યા હતા.આ મહિના માં મુસ્લિમ સમુદાય રોઝા રાખી ને અલ્લાહ ની બંદગી કરે છે અને સખાવત પણ કરે છે. આ મહિનો ખોરાક થી દૂર રહેવાનો મહિનો છે અને ભૂખ શું છે એ એહસાસ કરવાનો મહિનો છે. એવા માં આખા મુસ્લિમ સમુદાય માં રોઝા રાખવાની પરંપરા છે. નાના મોટા તમામ લોકો રોઝા રાખી અલ્લાહ પ્રત્યે ની બંદગી નું ઉદાહરણ આપે છે. એવા માઁ આજ રોજ ડભોઈ માં આવેલ.તાઈવાગા વિસ્તાર માં રહેતી ફલકફાતિમા નૂર મોહમ્મદ હોટલ વાળા એ 8 વર્ષ ની નાની ઉંમર માં 30 દિવસના રોજા રાખી અલ્લાહ ની બંદગી નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### આગામી આવતા ત રામનવમી તહેવાર પ્રસંગે

# શોભાયાત્રા નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ જેમાં મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

• ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ પોલીસ મથકમાં રમઝાન ઈદ ના તહેવાર અને આગામી આવતા ત રામનવમી તહેવાર પ્રસંગે શોભાયાત્રા નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ જેમાં મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ડભોઈ શહેર તાલુકા પોલીસ મથકે મુસ્લિમ પવિત્ર મહત્વના તહેવાર રમજાન ઈદ પ્રસંગ તેમજ આગામી આવતા રામ નવમી પ્રસંગે શોભાયાત્રા ને લઈને શાંતિ મય માહોલ માં તહેવાર ઉજવાય તે ધ્યાને રાખીને ડભોઈ વિભાગીય ડીવાયએસપી આકાશ પટેલ ના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિ બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ઉપસ્થિત આગેવાનો સાથે આકાશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે મુસ્લિમ સમાજના પવિત્ર રમજાન ઈદ તહેવાર તેમજ આગામી સમયે રામનવમી નો પણ તહેવાર આવતો હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈપણ પ્રકારની પરિસ્થિતિ ઉભી ન થાય તેને લઈને વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચા કરવા માં આવી હતી સાથે પોલીસ તંત્ર ને સહયોગ આપવા જણાવ્યું હતું. જ્યારે કે પીઆઈ જે એમ ચાવડાએ મુસ્લિમ સમાજના સમુદાય ના લોકો ના ઈદ્ઉલ ફિત્રની નમાજ સવારે 8:30 વાગ્યા ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાય ના લોકો નમાજ અદા કરશે તેમજ શહેર તાલુકાની વિવિધ મસ્જિદોમાં પણ નમાજ પઢવામાં આવે છે તેમજ આગામી સમય રામનવમી નો પણ તહેવાર આવતો હોય ત્યારે ડભોઈ પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ચાપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે સાથે ડભોઈમાં પોલીસ સજ્જ રહેશે તેમ જણાવ્યું હતું ....આ બેઠકમાં ઉપસ્થિત હિન્દુ અને મુસ્લિમ સમાજ આગેવાનો વગેરે ભાજપ કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા એસ.ટી. ડેપોને ૬ નવીન 'ગુર્જરનગરી' બસોની ભેટ: ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર



લુણાવાડા એસ.ટી. ડેપોને ૬ નવીન 'ગુર્જરનગરી' બસોની ભેટ: ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુંમહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરવાના શુભ આશયથી ૬ નવીન 'ગુર્જરનગરી' બસો ફાળવવામાં આવી છે. આજરોજ લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે આ તમામ નવસાધ્ય વાહનોનું વિધિવત પૂજન કરી, લુણાવાડા ૧૨૨-વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી ગુલાબસિંહ ચૌહાણ સાહેબના વરદ હસ્તે લીલી ઝંડી આપીને વિવિધ રૂટો પર રવાના કરવામાં આવ્યા હતા. વિભાગીય કક્ષાએથી ફાળવવામાં આવેલી આ નવી બસો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે લાંબા અંતરના મુસાફરો માટે આરામદાયક અને સુરક્ષિત મુસાફરી પૂરી પાડશે. આ પ્રસંગે ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી પરિવહન સેવાઓ સરળતાથી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ નવી બસો કાર્યરત થવાથી સ્થાનિક મુસાફરો તેમજ ગ્રામીણ જનતાને મુસાફરીમાં મોટી રાહત મળશે."આ ઉદ્ઘાટન પ્રસંગે લુણાવાડા એસ.ટી. ડેપોના સુપરવાઈઝર, ડ્રાઈવર, કંડકટર તથા મિકેનિકલ સ્ટાફ અને એસ.ટી. નિગમના કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નવીન બસો મળવાને કારણે એસ.ટી. નિગમની સેવામાં નોંધપાત્ર વધારો થયો છે અને મુસાફરોમાં પણ ભારે આનંદની લાગણી જોવા મળી છે.

## શ્રી ઝુલેલાલ સાહેબ ની ૧૦૭૬ મી જન્મ જયંતિ (ચેટીચંદ)ની ભવ્ય ઉજવણી પાલીતાણા સિંધી સમાજ દ્વારા કરવામાં આવી

પાલીતાણા ના ગારિયાધાર રોડ પર આવેલ ઝુલેલાલ મંદિર ઉડેરોધામ ખાતે દેશ અને દુનિયા ની સાથે પરંપરાગત રીતે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ તાઃ- ૨૦-૩-૨૦૨૬ શુક્રવાર નાં રોજ પાલીતાણા સિંધી સમાજ દ્વારા ચેટીચંદ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં સવાર થી જ ભાવિ ભક્તો દર્શન માટે ઝુલેલાલ મંદિર માં આવ્યા હતા તેમજ સવારે ૬ કલાકે મહા અભિષેક કરવામાં આવ્યું , પંજડા ,પલ્લવ , ભજન કિર્તન સહિત ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા , તેમજ સવારે ૧૦ કલાકે ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી જેમાં ઝુલેલાલ મંદિર થી લઈને બાયપાસ રોડ, બાપા સીતારામ ચોક, બસ સ્ટેન્ડ, ભૈરવનાથ ચોક, મેઈન બજાર, તળેટી રોડ, થઈને ઝુલેલાલ મંદિર માં શોભાયાત્રા પૂર્ણાહતી કરવામાં આવી જેમાં ઠેર ઠેર પ્રસાદી નું આયોજન પણ કરવામાં આવ્યું હતું .

**ખંડણી** ડો. કમલ નાઢા સહિત પત્રકાર ટોળકી વિરુદ્ધ ફરિયાદ દાખલ

# હોસ્પિટલના લેબર રૂમમાં સ્પાય કેમેરાથી અંગત વીડિયો બનાવી 25 લાખની ખંડણી માંગી

### લેબર રૂમની અંદર બલ્બ હોલ્ડરમાં એક સ્પાય કેમેરો ફિટ કરવામાં આવ્યો, 3000થી વધુ વીડિયો રેકોર્ડિંગ હોવાનું સામે આવ્યું

• રાજકોટ

રાજકોટ શહેર પોલીસ દ્વારા શહેરમાં ન્યુસન્સ બની પત્રકાર તરીકે ઓળખ આપી સામાન્ય લોકોને બ્લેકમેલ કરી ગેરકાયદે રીતે ખંડણી માંગતા પત્રકારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક તબીબ સહિત કુલ 12 લોકો સામે ખંડણી તેમજ ધમકી આપી રૂપિયા પડાવવા અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં રાજકોટના એક નામાંકિત ડોકટરના ક્લિનક પર લેબર રૂમની અંદર હોલ્ડરમાં ગુપ્ત CCTV કેમેરો લગાવી બાદમાં ડોક્ટરની અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી રૂપે રૂપિયા 25 લાખની માંગણી કરી 50,000 પડાવવા અંગે ફરિયાદ નોંધી તમામ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આરોપીઓ દ્વારા વર્ષ 2024થી આજ દિન સુધી તબીબને ખોટી રીતે હેરાન કરી બદનામ કરવાના ઈરાદે સતત ત્રાસ આપી રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી જેનાથી કંટાળી આખરે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર




સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે BNS કલમ 308(5), 308(4), 351(2), 356(3), 61 અને આઈટી એક્ટની કલમ 66(E), 67, અને 67(A) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમના વિરુધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેમાં સાધુવાસવાણી રોડ પર ગૌતમ ક્લિનિકના ડો.કમલ નાંઢા, હિરેન મકવાણા, અજય ચુડાસમા, હાર્દિક ડોડીયા, જગદીશ તેરૈયા, જીગર સોઢા, ઘનશ્યામ પટેલ, જતીન નથવાણી, સ્વાતિ નથવાણી, અમિત ઠક્કર, ભરતભાઈ તેમજ તપાસમાં ખુલે તે તમામનો સમાવેશ થાય છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના ક્લિનિકમાં ડો. કમલ નાંઢા નામનો શખ્સ છે જેના દ્વારા ક્લિનિકમાં લેબર રૂમની અંદર બલ્બ હોલ્ડરમાં એક સ્પાય કેમેરો ફિટ કરવામાં આવ્યો હતો જે કેમેરાની અંદર મેમરી કાર્ડ ઈનબિલ્ટ હતું. જયારે પણ બલ્બ હોલ્ડરની સ્વીચ ચાલુ કરવામાં આવે ત્યારે તે સ્પાય કેમેરામાં રેકોર્ડિંગ ચાલુ થઈ જતું હતું અને મેમરી કાર્ડમાં તે સ્ટોરેજ થતું હતું.તેમને વધુમાં જણાવ્યું હતું કે, ડો. કમલ નાંઢા દ્વારા જે ક્લિનિક પર સ્પાય કેમેરો લગાવવામાં આવ્યો હતો તે સ્પાય કેમેરા મારફત ક્લિનિકના માલિક તબીબની અંગત પળોની વિડીયો ફૂટેજ સ્ટોર કરી બાદમાં કેટલાક કહેવાતા પત્રકારો સાથે શેર કરી બાદમાં તેની સાત મળી તબીબને બ્લેકમેલ કરી તેની પાસેથી ખંડણી રૂપે રૂપિયા 25 લાખની માંગણી પણ કરવામાં આવી હતી જે પૈકી રૂપિયા 50,000ની રકમ આરોપી દ્વારા સ્વીકારવામાં પણ આવી હતી. આ ગુનામાં પોલીસે ફરિયાદના આધારે આરોપી તરીકે સત્યની ગર્જના, ભારત ટાઈમ્સ, ભારત હેડલાઈન્સ, રાજકોટ હેડલાઈન્સ નામના મિડીયા પ્લેટફોર્મ સામે કાર્યવાહી કરી તબીબ સહિત બોગસ પત્રકારો મળી 12 લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.આ ઉપરાંત એવું પણ જાણવા મળ્યું હતું કે, સાધુ વાસવાણી રોડ પર આવેલા ગૌતમ ક્લિનિકમાં કામ કરતા ડો.કમલ નાંઢા નામના તબીબને મહિલા તબીબ સાથે એક તરફી પ્રેમ હતો, જેના કારણે તેને ફરિયાદીના ક્લિનિકમાં સ્પાય કેમેરો ઈન્સ્ટોલ કર્યો હતો. બાદમાં તેને તબીબ સાથેની અંગત પળોના ફૂટેજ જોતા દાંત બગડી હતી અને ખંડણી માટે પ્લાન બનાવ્યો હતો અને ખંડણીની માંગણી કરી હતી. આ તમામ અંગત પળોના વીડિયો 2023ના હતા .

વન વિભાગ અને નેચર ફાઉન્ડેશનનો અનોખો સેવાયજ્ઞ

# મહીસાગરમાં ગુંજશે ચકલીઓનો કલરવ ૪૦૦૦થી વધુ કૃત્રિમ માળાનું વિતરણ

**'વિશ્વ ચકલી દિવસ'** 'વિશ્વ ચકલી દિવસ ' નિમિત્તે મહીસાગર જિલ્લામાં ચકલી સંવર્ધન માટે એક પ્રેરણાદાયી પહેલ હાથ ધરવામાં આવી

• લુણાવાડા,

'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે મહીસાગર જિલ્લામાં ચકલી સંવર્ધન માટે એક પ્રેરણાદાયી પહેલ હાથ ધરવામાં આવી હતી. મહીસાગર વન વિભાગ અને મહીસાગર એડવેન્ચર એન્ડ નેચર ફાઉન્ડેશનના સંયુક્ત આયોજન હેઠળ ૪૦૦૦થી વધુ કૃત્રિમ ચકલીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અભિયાન દ્વારા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.




એક સમય હતો જયારે ઘરના આંગણે ચકલીઓનો કલરવ સામાન્ય વાત હતી, પરંતુ આધુનિકીકરણ અને પાકા મકાનોના વધારા કારણે ચકલીઓના રહેઠાણમાં ભારે ઘટાડો થયો છે. જેના કારણે આ નાનકડું પક્ષી લુપ્ત થવાના આરે પહોંચી ગયું છે.

વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ચકલી સ્વાભાવિક રીતે ઝાડ પર માળો બાંધતી નથી, પરંતુ તે ઘરના નેવા કે સુરક્ષિત બખોલ જેવી જગ્યાઓ પસંદ કરે છે. આજના સમયમાં આવી જગ્યાઓ ઓછી થતા કૃત્રિમ માળા ચકલીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યા છે.

મહીસાગર નેચર ફાઉન્ડેશનના પ્રમુખ મયુર પ્રજાપતિએ જણાવ્યું હતું કે છેલ્લા ૭ વર્ષથી દર વર્ષે ૨૦૦૦થી વધુ માળાનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે ૪૦૦૦થી વધુ માળાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું, જેને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. "લોકો દ્વારા માળામાં વસેલી ચકલીઓના ફોટા મળતા અમને ખૂબ આનંદ થાય છે. આ અભિયાનના પરિણામો ખૂબ જ પ્રોત્સાહક છે," એમ તેમણે ઉમેર્યું.

કાર્યક્રમ દરમિયાન લોકજાગૃતિનો સંદેશ આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે માત્ર માળો લગાવવો પૂરતો નથી, પરંતુ પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા કરવી પણ એટલી જ જરૂરી છે. ચકલીઓનું સંરક્ષણ કરીને આપણે પર્યાવરણનું સંતુલન જાળવી શકીએ છીએ અને આવનારી પેઢીને કુદરતી વારસો આપી શકીએ છીએ.

# ડભોઈ હીરા ભાગોળ સ્થિત શ્રી જ્વાલામુખી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિનો ભવ્ય પ્રારંભ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ હીરા ભાગોળ સ્થિત શ્રી જ્વાલામુખી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિનો ભવ્ય પ્રારંભ; ૨૧૧ જવારા વાડીની સ્થાપના ડભોઈ ઐતિહાસિક નગરી હીરા ભાગોળ બહાર બિરાજમાન આદ્યશક્તિ શ્રી જ્વાલામુખી માતાજીના મંદિરે ચૈત્ર સુદ એકમ એટલે કે હિન્દુ નૂતન વર્ષ ના પ્રથમ દિવસે ભક્તિમય માહોલમાં ચૈત્રી નવરાત્રિ પર્વની ઉજવણી શરૂ કરવામાં આવી છે. આ પાવન અવસરે ભાટિયા વાળંદ અને મહેસૂરિયા સમાજના શ્રદ્ધાળુઓ દ્વારા પરંપરાગત વિધિ-વિધાન સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.ભક્તિ અને શ્રદ્ધાનો સંગમ: ૨૧૧ જવારા વાડીનું સ્થાપન

ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે વહેલી સવારથી જ મંદિરના પ્રાંગણમાં શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટી પડ્યો હતો. આ પર્વની વિશેષતા રૂપે

જવારા સ્થાપનઃ પરંપરાગત પૂજા-અર્ચના બાદ કુલ ૨૧૧ જવારા વાડીની સ્થાપના કરવામાં આવી હતી ધાર્મિક વિધિઃ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જવારા વાડીનું પૂજન કરી, માતાજીના ગુણગાન



ગાવામાં આવ્યા હતા.

સમૂહ આરતીઃ સંધ્યાકાળે અને સ્થાપન સમયે જ્વાલામુખી માતાજીની ભવ્ય સમૂહ આરતીનું આયોજન થયું હતું, જેમાં સમગ્ર વાતાવરણ 'માતાજીના જયઘોષ' થી ગુંજી ઉઠ્યું હતું.

સમાજની એકતા અને ભક્તિના દર્શન

આ પ્રસંગે ભાટિયા વાળંદ સમાજ તેમજ મહેસૂરિયા સમાજના અગ્રણીઓ અને ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાજના ભાઈ-બહેનોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને લોક કલ્યાણ તેમજ સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

નવરાત્રિ દરમિયાન વિવિધ કાર્યક્રમો

ઉલ્લેખનીય છે કે, ચૈત્રી નવરાત્રિના નવ દિવસ દરમિયાન મંદિરે સવાર-સાંજ વિશેષ આરતી, હવન અને માતાજીના શણગારના વિવિધ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોમાં આ પવિત્ર દિવસોને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છેડભોઈમાં ભક્તિનો રંગ! હીરા ભાગોળ જ્વાલામુખી મંદિરે ચૈત્રી નવરાત્રિના પ્રારંભે ૨૧૧ જવારાની સ્થાપના.જય જ્વાલામુખી માં ડભોઈમાં ભાટિયા વાળંદ અને મહેસૂરિયા સમાજ દ્વારા ભવ્ય નવરાત્રિ મહોત્સવ.'

# રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના Special Rapporteur સાધના રાઉતના અધ્યક્ષસ્થાને આહવા કલેક્ટર કચેરીના સભા ખંડમાં બેઠક યોજાઈ




• આહવા/ડાંગ

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના Special Rapporteur ડૉ. સાધના રાઉત તારીખ ૧૯ થી ૨૦ માર્ચ દરમિયાન અનુસૂચિત જનજાતિ સમુદયોના માનવ અધિકારોનું સંલકન મૂલ્યાંકન, જનજાતિ અધિકારોના પ્રદાન, વિકાસ કાર્યક્રમમો અને શાસન વ્યવસ્થાના મૂલ્યાંકન હેતુ ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલ છે.

આ મુલાકાત વેળાએ ડૉ. સાધના રાઉતે આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી આહવા ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી,આદિજાતિ વિસ્તારોમાં અમલી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી મેળવી હતી. જેમાં આદિજાતિ વિભાગ, વન વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, આંગણવાડી, મહિલા અને બાળ વિકાસના પ્રશ્નો જાણી અધિકારીશ્રીઓને લોકોની સમસ્યા હલ કરવાં જણાવ્યું હતું. સાથે જ આગાખાન સંસ્થા દ્વારા કરવામાં આવેલ કામગીરીની વિગતો મેળવી હતી. આ સાથે જ જિલ્લામાં સ્થળાંતર અને કુપોષણ જેવી સમસ્યા નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા પોલીસ વડા શ્રીમતી પૂજા યાદવ, દક્ષિણ નાયબ વન સંરક્ષક શ્રી નીરજ કુમાર, આદિજાતિ વિભાગ ગાંધીનગરના અધિકારી શ્રી સી. જી. રાબડીયા સહિતના જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકની કાર્યવાહી પ્રાયોજના વહીવટદાર શ્રી આનંદ પાટીલ સંભાળી હતી.

## દિવાળીબેન ટ્રસ્ટ બારડોલી દ્વારા ડાંગ જિલ્લાના આઠ ગામોમાં વિવિધ સાધન સહાય વિતરણ કરાયા




• આહવા/ડાંગ


દિવાળીબેન ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૯ માર્ચ ૨૦૨૬ ના રોજ ડાંગ જિલ્લાના આઠ ગામોમાં નનામી,વ્હીલ ચેર અને પ્રાર્થના બુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સુબીર તાલુકાના હનવતપાડા, ઝરણ, ખાંભલા, અને આમસરપાડા તેમજ આહવા તાલુકાના ધવલીદોડ, ગાઢવી, કામદ અને ચિરાપાડા ગામોમા ઉપરોક્ત તમામ સાધન સહાય દિવાળીબેન ટ્રસ્ટનાં કર્મચારી સર્વે શ્રી ભાવેશ પટેલ, શ્રી અમર પાડવી, શ્રીમતી રોશની પાનવાલા અને શ્રીમતી પારૂલબેન ભટ્ટ તેમજ ડાંગ જિલ્લાનાં નિયુક્ત સંયોજક શ્રી રાજેશ પટેલ, શ્રી ગંગારામ ચૌધરી, શ્રી બનેશ ચૌધરી અને શ્રી વિજયભાઈ ખુરકુટિયા દ્વારા ગામના આગેવાનો તેમજ ગ્રામજનોની ઉપસ્થિતમાં સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ માં સમગ્ર હિન્દુ સમાજ માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો

# સંઘ ની સ્થાપનાના 100 વર્ષ નિમિત્તે દહેજ તાલુકાના મુલેર મંડળમાં સમાજ દ્વારા હિન્દૂ સંમેલન નુ આયોજન કરેલ

દહેજ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની શતાબ્દી વર્ષ નિમિતે દહેજ તાલુકા ના મુલેર મંડળ ના અલાદર ગામ હિન્દૂ સંમેલન નુ ભવ્ય અને ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં સમગ્ર હિન્દુ સમાજ માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો. આ સંમેલન માં મુલેર મંડળ ના મોટી સંખ્યામાં સનાતની હિન્દૂ ભાઈઓ,માતા, ભગિની, ઓ જોડાયા હતા. આ સંમેલન માં મંડળ ના કુલ ૧૦ ગામ માંથી અને બધાજ ગામ ની ઉપસ્થિતિ રહી અને અંદાજે ૯૦૦ થી ૧૦૦૦ જેવી સંખ્યા રહી હતી

આ કાર્યક્રમમા સાધુ સંત સાથે સમાજ ની સજ્જન શકિત પણ ઉપસ્થિત રહી અને સમાજ ને માર્ગદર્શન આપ્યું હતું આ કાર્યકમ માં સંત શ્રી- વિજયગિરી બાપુ (લખાબાવા મંદિરમાં સેવા આપી



રહ્યા છે) અતિથિ વિશેષ માં શ્રી જ્યંતિભાઈ લક્ષ્મણભાઈ ગોહિલ (સામાજિક અગ્રણી) શ્રી હિમાંશુભાઈ ટનેશભાઈ કોટવાડીયા (શિક્ષક)- હાલમાં કેશવાન ગામમાં માધ્યમિક શાળામાં ફરજ નિભાવી રહ્યા છે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે શ્રી ધર્મેન્દ્રસિંહ નહારસિંહ રણા ( ગુજરાત પ્રાંત ધર્મજાગરણ સમન્વય, પ્રમુખ) એ તેમના પ્રેરક ઉદબોધનમાં સંઘના શતાબ્દી વર્ષને માત્ર એક ઉજવણી તરીકે નહીં પરંતુ રાષ્ટ્રના ઉજવળ ભવિષ્ય માટેનું સંકલ્પ વર્ષ ગણાવ્યું હતું. ધર્મેન્દ્રસિંહ એ જણાવ્યું હતું કે સંઘનું કાર્ય માત્ર શાખા કે કાર્યક્રમ પૂરતું સીમિત નથી. પરંતુ સંઘ આગામી સમયમાં રાષ્ટ્રના ઉત્થાન માટે સમાજ પરિવર્તનના પાંચ વિષયો સાથે જેવાકે

૧.સામાજીક સમરસતા
૨.પર્યાવરણ જળ સંરક્ષણ
૩.કુટુંબ પ્રબોધન
૪.સ્વ આધારિત જીવન રચના
૫. નાગરિક શિષ્ટાચાર, અને સમાજ એકતા સ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. તેમણે સમાજ ને વ્યક્તિગત સ્વાર્થ છોડીને રાષ્ટ્રહિત માટે સમર્પિત થવાનો અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સમાપન શાંતિપૂર્વક અને ભક્તિમય માહોલમાં થયું હતું. આમ આ કાર્યક્રમ મુલેર મંડળ માં સમાજ ના લોકો ને એક નવી ઉર્જા પૂરી પાડી હતી.

રિપોર્ટર સૈફ અલી ભટ્ટી વાગરા

**ઓસ્કાર ગોઝ ટુ** ઓસ્કારએવોર્ડ 2026ની જાહેરાત, આ વર્ષે ઓસ્કારમાં બે ફિલ્મો 'વન બેટલ આફ્ટર અનધર' અને 'સિનર્સ'નો દબદબો રહ્યો

# દુનિયાના સૌથી મોટો એવોર્ડઉર્ફે એવોર્ડોનો રાજા:'ઓસ્કાર એવોર્ડ' ની રોમાંચક દુનિયા

## 'વન બેટલ આફ્ટર અનધર' ને 13 નોમિનેશન મળ્યા. જે સૌથી વધુ એવોર્ડ જીતવામાં સફળ રહી હતી. આ ફિલ્મે કુલ 6 ઓસ્કાર પોતાના નામે કર્યા છે.



સાંપ્રત પ્રવાહો
લેખક :દીપક જગતાપ

લેખક :દીપક જગતાપ

મનોરંજન જગતનું સૌથી મોટું સન્માન એટલે કે ઓસ્કાર એવોર્ડ. જેને વિશ્વના સૌથી મોટા એવોર્ડના રાજા તરીકે ઓળખવામાં આવે છે. આ વખતે તેનું આયોજન એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સ (AMPAS) દ્વારા કરવામાં આવ્યું હતું. 98 મો એકેડેમી એવોર્ડ સમારોહ 15 માર્ચ, 2026 ના રોજ, યુનાઈટેડ સ્ટેટ્સના લોસ એન્જલસમાં હોલીવુડના ડોલ્બી થિયેટરમાં યોજાયો હતો .જેમાં

2025 માં રિલીઝ થયેલી ફિલ્મોને સન્માનિત કરીને 24 કેટેગરી,શ્રેણીઓમાં એકેડેમી એવોર્ડ્સ જે સામાન્યત :ઓસ્કાર તરીકે ઓળખાય છે જે એનાયત થયા હતાં.ગયા વર્ષે હોસ્ટ કરવા બદલ પ્રશંસા મેળવ્યા પછીઆ વર્ષે સતત બીજી વાર હાસ્ય કલાકાર કોનન ઓ'બ્રાયને હોસ્ટ કર્યુ.

અકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સ દ્વારા આપવામાં આવતો ઓસ્કાર એવોર્ડ મનોરંજન જગતનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ છે. તેને અકાદમી એવોર્ડ ઓફ મેરિટ કે અકાદમી પુસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એવોર્ડ આંતરાષ્ટ્રીય મનોંરજન જગત અને ખાસ કરીને હોલિવુડની ફિલ્મો અને કલાકારોને આપવામાં આવે છે.

ઓસ્કાર એવોર્ડ સિનેમા અને મનોરંજનમાં શ્રેષ્ઠ કામ માટે કુલ 24 કેટેગરીમાં આપવામાં આવે છે, જેમાં બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એક્ટર ઈન લીડિંગ રોલ, બેસ્ટ એક્ટ્રેસ ઈન લીડિંગ રોલ, બેસ્ટ એનિમેટેડ ફીચર, બેસ્ટ ડ્રેસ ડિઝાઈન, બેસ્ટ સાઉન્ડ એડિટિંગ અને શ્રેષ્ઠ લેખન (ઓરિજિનલ સ્ક્રીનપ્લે) સહિત કુલ 24 શ્રેણીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઓસ્કાર વિજેતાઓની પસંદગી "એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સ" દ્વારા કરવામાં આવે છે.

ઓસ્કાર એવોર્ડની પહેલી તારીખ 1929ની હતી.જ્યારે એકેડેમી એવોર્ડ 16 મે, 1929ના રોજ પ્રથમ વખત રજૂ કરવામાં આવ્યા હતા. પ્રથમ વખત હોલીવુડ રૂઝવેલ્ટ હોટેલ ખાતે 270 સહભાગીઓ સાથે કુલ 12 કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ રજૂ કરવામાં આવ્યા હતા. ઓસ્કાર એવોર્ડનો મુખ્ય હેતુ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સના કલાકારોનું સન્માન કરવાનો હતો. હાલમાં આ એવોર્ડ ફિલ્મ નિર્માણમાં નવીન વિચારો અને તકનીકોના ઉપયોગ પર વધારે ભાર મૂકે છે.

આ વર્ષે, એકેડેમી એવોર્ડ્સની 98મી આવૃત્તિએ પુરસ્કારોનું વિતરણ શરુ થયું છે.ઓસ્કાર એવોર્ડ એ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાંનો એક છે

ઓસ્કાર 2026ના વિજેતાઓ : આ વર્ષે ઓસ્કાર સમારંભમાં બરાબર ફિલ્મો 'વન બેટલ આફટર અનધર' અને 'સિનર્સ'નો દબદબો રહ્યો હતો. ઓસ્કાર 2026માં રાયન કુગલરની ફિલ્મ 'સિનર્સ' ને સૌથી વધુ 16 નોમિનેશન મળ્યા હતા, જે ઓસ્કારના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ છે. જોકે, આ ફિલ્મે કુલ 4 એવોર્ડ જીત્યા છે, જેમાં બેસ્ટ એક્ટર, બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે, બેસ્ટ ઓરિજિનલ સ્કોર અને બેસ્ટ સિનેમેટોગ્રાફીનો સમાવેશ થાય છે.

બીજી તરફ, 'વન બેટલ આફટર અનધર' ને 13 નોમિનેશન મળ્યા હતા અને તે સૌથી વધુ એવોર્ડ જીતવામાં સફળ રહી હતી. આ ફિલ્મે કુલ 6 ઓસ્કાર પોતાના નામે કર્યા છે, જેમાં બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડાયરેક્ટર, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર (શૉન પેન), બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે, બેસ્ટ કાસ્ટિંગ અને બેસ્ટ ફિલ્મ એડિટિંગ જેવા મુખ્ય એવોર્ડ્સ સામેલ છે.

૨૦૨૬ના ખાસ વિક્રમ:સિનર્સ ને ૧૬ નોમિનેશન્સ ઈતિહાસમાં સૌથી વધુ. મળ્યા છે . Autumn Durald Arkapaw પ્રથમ બ્લેક વુમન સિનેમેટોગ્રાફર તરીકે વિજેતા. Jessie Buckley પ્રથમ આઈરિશ બેસ્ટ એક્ટ્રેસ. Sentimental Value પ્રથમ નોર્વેજિયન ઈન્ટરનેશનલ વિનર. Sean Penn ત્રીજા એક્ટિંગ એવોર્ડ સાથે રેકોર્ડ સરખો કરે છે.

બેસ્ટ પિક્ચર - વન બેટલ આફટર અનધર: આ વર્ષે 'વન બેટલ આફટર અનધર' એ ઓસ્કરનો સૌથી પ્રતિષ્ઠિત ગણાતો એવોર્ડ પોતાના નામે કરી લીધો છે. પોલ થોમસ એન્ડરસનના નિર્દેશનમાં બનેલી વોર્નર બ્રધર્સની આ ફિલ્મને 'બેસ્ટ પિક્ચર' તરીકે જાહેર કરવામાં આવી છે. ઓસ્કર્સ 2026 માં આ ફિલ્મનો આ છઠ્ઠો એવોર્ડ છે, જે તેની અભૂતપૂર્વ સફળતા દર્શાવે છે.

બેસ્ટ એક્ટ્રેસ - જેસિકા બકલી (હેમનેટ): ક્લોઈ ઝાઓની ફિલ્મ 'હેમનેટ' માં પોતાના દમદાર અભિનયથી દુનિયાભરમાં વાહવાહી મેળવનાર જેસિકા બકલીને આખરે સર્વોચ્ચ સફળતા મળી છે. તેમને તેમના કરિયરનો પ્રથમ 'બેસ્ટ એક્ટ્રેસ'નો ઓસ્કર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ જીત સાથે તેમણે સાબિત કરી દીધું છે કે તેઓ વર્તમાન સમયના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાંના એક છે.

બેસ્ટ એક્ટર - માઈકલ બી. જોર્ડન (સિનર્સ): રાયન કૂગલરની ફિલ્મ 'સિનર્સ' ના ખાતામાં આ વર્ષની સૌથી મોટી જીત આવી છે. ફિલ્મમાં ડબલ રોલ નિભાવીને પ્રેક્ષકો અને વિવેચકોના દિલ જીતનાર લીડ સ્ટાર માઈકલ બી. જોર્ડનને તેમના કરિયરનો પ્રથમ ઓસ્કર એવોર્ડ મળ્યો છે. પોતાની શાનદાર એક્ટિંગના જોરે તેમણે 'બેસ્ટ એક્ટર'ની કેટેગરીમાં બાજી મારીને ઈતિહાસ રચી દીધો છે

બેસ્ટ ડાયરેક્ટર: ફિલ્મ 'વન બેટલ આફટર અનધર' માટે પૉલ થોમસ એન્ડરસનને ઓસ્કાર મળ્યો છે.હોલિવૂડના દિગ્ગજ દિગ્દર્શક પૉલ થોમસ એન્ડરસનને તેમની ફિલ્મ 'વન બેટલ આફટર અનધર' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો ઓસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. લિયોનાર્ડો ડિકેપ્રિયો સ્ટારર આ ફિલ્મ વિશ્વભરના વિવેચકો અને પ્રેક્ષકો માટે એક 'સરપ્રાઈઝ પેકેજ' સાબિત થઈ હતી, જેમાં એન્ડરસનના અદભૂત નિર્દેશનની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. આ જીત સાથે એન્ડરસને ફરી એકવાર સિનેમા જગતમાં પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી છે.

બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ - સેન્ટિમેનટલ વેલ્યૂ : ઓસ્કાર નોમિનેશનમાં સરપ્રાઈઝ બનીને ઉભરેલી નોર્વેજિયન ફિલ્મ સેન્ટિમેન્ટલ વેલ્યૂને બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ કેટેગરીમાં પસંદ કરવામાં આવી હતી.

બેસ્ટ સોન્ગ - ગોલ્ડન (કે-પૉપ ડેમન હન્ટર્સ)

'કે-પોપ ડેમન હંટર્સ' એ સૌથી મોટું સરપ્રાઈઝ આ કેટેગરીમાં આપ્યું છે. તેનું ગીત ગોલ્ડન ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ પોપ સોન્ગ બની ગયો છે.

'વન બેટલ આફટર અનધર' નો દબદબો : લિયોનાર્ડો ડિકેપ્રિયોની ફિલ્મ 'વન બેટલ આફટર અનધર'98માં ઓસ્કર એવોર્ડ્સમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કરી રહી છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં કુલ 4 મહત્વના એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે, જેમાં બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર (શૉન પેન), બેસ્ટ એડિટિંગ અને ઓસ્કરના ઈતિહાસમાં પહેલીવાર શરૂ કરાયેલી કેટેગરી બેસ્ટ કાસ્ટિંગનો સમાવેશ થાય છે. આ જીત સાથે ફિલ્મ મુખ્ય કેટેગરીઝમાં પોતાની મજબૂત પકડ જાળવી રહી છે.

બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે - 'સિનર્સ' ના રાઈટર-ડાયરેક્ટર રાયન કૂગલરને બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેનો એવોર્ડ મળ્યો છે. આ સાથે જ 'સિનર્સ'ના ખાતામાં અત્યાર સુધીમાં કુલ 3 એવોર્ડ (એડિટિંગ, સ્કોર અને સ્ક્રીનપ્લે) આવી ગયા છે.




બેસ્ટ સિનેમેટોગ્રાફી - ઓટમ ડુરલ્ડ આર્કાપો 'સિનર્સ' માટે ઓટમ ડુરલ્ડ આર્કાપોએ બેસ્ટ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ જીત્યો છે. આ ટેકનિકલ કેટેગરીમાં ઓસ્કર જીતનાર તેઓ પ્રથમ મહિલા બની ગયા છે.

બેસ્ટ ફિલ્મ એડિટિંગ - એન્ડી જર્ગેનસન લિયોનાર્ડો ડિકેપ્રિયોની ફિલ્મ 'વન બેટલ આફટર અનધર' માટે એન્ડી જર્ગેનસનને બેસ્ટ ફિલ્મ એડિટિંગનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

બેસ્ટ એનિમેટેડ ફીચર - 'કે-પોપ ડેમન હન્ટર્સ' દુનિયાભરમાં લોકપ્રિય બનેલી 'કે-પોપ ડેમન હન્ટર્સ' ને આ વર્ષનો બેસ્ટ એનિમેટેડ ફીચર ફિલ્મનો એવોર્ડ આપવામાં આવ્યો છે. બેસ્ટ સાઉન્ડ - 'F1' બ્રાડ પિટની કાર રેસિંગ ડ્રામા ફિલ્મ 'F1' એ બેસ્ટ સાઉન્ડ કેટેગરીમાં જીત મેળવીને પોતાનું ખાતું ખોલ્યું છે

બેસ્ટ ઓરિજિનલ સ્કોર - લડવિગ ગોરાન્સન (સિનર્સ) મ્યુઝિક કમ્પોઝર લડવિગ ગોરાન્સનએ 'સિનર્સ' માટે પોતાનો ત્રીજો ઓસ્કર જીત્યો છે. અગાઉ તેઓ 'બ્લેક પેન્થર' અને 'ઓપનહાઈમર' માટે પણ જીતી ચૂક્યા છે. બેસ્ટ મેકઅપ અને હેરસ્ટાઈલિંગ - 'ફ્રેન્કેન્સ્ટાઈન' પીરિયડ સેટિંગ અને હોરર લુકને શાનદાર રીતે રજૂ કરવા બદલ 'ફ્રેન્કેન્સ્ટાઈન' ની ટીમે મેકઅપ અને હેરસ્ટાઈલિંગમાં જીત મેળવી છે.

ઈતિહાસ રચાયો: બેસ્ટ કાસ્ટિંગનો પહેલો ઓસ્કર ઓસ્કરના ઈતિહાસમાં પહેલીવાર 'કાસ્ટિંગ' કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યો છે. આ યાદગાર એવોર્ડ 'વન બેટલ આફટર અનધર' માટે કસાન્ડ્રા કુલુકુન્ડિસને મળ્યો છે.

રેડ કાર્પેટ પર પ્રિયંકા અને નિક જોનસ ભારતીય અભિનેત્રી પ્રિયંકા ચોપરા વ્હાઈટ સ્ટ્રેપલેસ ગાઉનમાં તેના પતિ નિક જોનસ સાથે રેડ કાર્પેટ પર જોવા મળી હતી. પ્રિયંકા અહીં એવોર્ડ પ્રેઝન્ટર તરીકે હાજર રહી છે અને તેના લુકના ફોટા વાયરલ થઈ રહ્યા છે.

ઓસ્કાર એવોર્ડ વિતરણ નો રોમાંચક ઈતિહાસ:ઓસ્કાર પુરસ્કારોનું સૌપ્રથમ 1930માં રેડિયો દ્વારા વ્યાપકપણે પ્રસારણ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ 1953માં ટેલિવિઝન દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું. હાલમાં, ઓસ્કાર એવોર્ડ્સ 200 થી વધુ દેશોમાં જીવંત પ્રસારણ થાય છે. ઓસ્કારને વૈશ્વિક સ્તરે મનોરંજન જગતનો સૌથી મોટો એવોર્ડ માનવામાં આવે છે અને આ એવોર્ડ જીતવો એ કોઈપણ ફિલ્મ કલાકાર માટે ગર્વની ક્ષણ હોય છે.

આ એવોર્ડ વિતરણ નો રોમાંચક ઈતિહાસ છે. ઓસ્કાર એવોર્ડસનો વિતરણ સમારંભ આમ તો કદી સ્ટેજ પર થતો જ નહીં! પહેલો ઓસ્કાર એવોર્ડ પ્રેઝન્ટેશન પ્રોગ્રામ હોટલ રૂઝવેલ્ટમાં થયેલો એ કેટલો સમય ચાલેલો ખબર છે? પાંચ મિનિટ! કારણ કે, એ વખતની આંગળીને વેઢે ગણાય તેટલી કેટેગરીઝના મુઠ્ઠીભર વિજેતાઓના નામ અગાઉથી જ છાપાઓમાં આવી જતા. ૧૯૪૦ સુધી આમ ચાલ્યું. પછી સીલબંધ કવરની પ્રથા આવી. ત્યાં તો બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. ધાતુસામગ્રી પરના પ્રતિબંધને લીધે ૩ વર્ષ લગી પ્લાસ્ટરના ઓસ્કાર અપાયા. ૧૯૪૫ સુધી તો ઓસ્કાર વિતરણ હોટલના ડિનરમાં જ પતી જતું પણ ૧૯૪૫માં વિશ્વયુદ્ધના નિર્ણાયક તબક્કાને લીધે વારંવાર અંધારપટ થતા વળી એ વખતે યુદ્ધ માટે ફાળો એકઠો કરવા ઘણી ટિકિટો વહેચાયેલી- આ બધા પરિબળોને લીધે એકેડેમીની ત્યારની પ્રેસિડેન્ટ એવી ઓસ્કારવિનર અભિનેત્રી બેટ્ટી ડેવિસે એ પ્રાઈવેટ થિયેટરમાં યોજવાની દરખાસ્ત મૂકી. જો કે, ૧૯૪૬ પછી લોકોમાં તેની ટિકિટ વહેંચવાની પ્રથા બંધ થઈ ગઈ.

આવી જ પોપ્યુલર પરંપરા ઓસ્કાર એવોર્ડનું સંચાલન કરનાર હોસ્ટ (સંચાલક કે સંચાલિકા)ની છે. કાળી અભિનેત્રી વ્હૂપી ગોલ્ડબર્ગ ઓસ્કારની હોસ્ટેસ બનનાર પ્રથમ બ્લેક હોસ્ટેસ હતી. હમણા હમણા ઓસ્કાર સેરિમનીનું સંચાલન વ્હૂપી, બિલી ક્રિસ્ટલ અને સ્ટીવ માર્ટિન વચ્ચે સંતાકૂકડી રમતું રહે છે પણ ૧૯૩૪ સુધી યાને પહેલા પાંચ વર્ષ તો એકેડેમીના પ્રમુખ જ ફટાફટ એ કામ પતાવી દેતા. વિલ રોજર્સ નામનો અભિનેતા પહેલો 'માસ્ટર ઓફ સેરિમની' બન્યો ૧૯૫૮માં તો વળી જેરી લુઈસ, બોબ હોપ, લોરેન્સ ઓલિવિયર ઈત્યાદિ સાત-સાત સંચાલકોએ એવોર્ડ વિતરણની ઉદઘોષણા સંભાળી હતી! એમાંય ૧૯૪૧માં ઓસ્કાર જીતનાર બોબ હોપના નામે તો સંચાલક કે સહસંચાલક તરીકે ૨૦ વાર ઓસ્કારનું સ્ટેજ શોભાવવાનો રેકોર્ડ બોલે છે. સૌથી વધુ ઓસ્કાર (૫૯ નોમિનેશન્સમાંથી) ૨૬ વોલ્ટ ડિઝનીના નામે બોલે છે અને હયાત વ્યક્તિમાં સૌથી વધુ નોમિનેશન્સનો રેકોર્ડ ૪૭ સાથે જોન વિલિયમ્સનો છે.

૧૯૭૮માં 'કેલિફોર્નિયા સ્યૂટ' માટે મેગી સ્મિથને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો પહેલો અને છેલ્લો ઓસ્કાર મળ્યો, ત્યારે તેનું સપનું સાકાર થયું. ઍવોર્ડનો રાજા ઓસ્કાર મેળવવાનું દરેક દેશ નું સપનું હોય છે જ્યાં સુધી ભારતનો સવાલ છે. ભારતમાં હજારો બૉલીવુડ ની ફિલ્મો બની છે પણ ભારતીય ફિલ્મો માટે ઓસ્કાર ઘણે દૂર રહ્યો છે

અત્યાર સુધીમાં પાંચ ભારતીયોએ પોતાના શ્રેષ્ઠ કામ બદલ ઓસ્કાર મેળવ્યો છે.:- ભારતીય ફિલ્મો માટે ઓસ્કારમાં આ વખતે કંઈ ખાસ નથી. આ પણે હોલિવૂડની સમકક્ષ ફિલ્મો બનાવવાની વાતો કરીએ છીએ પણ ઓસ્કારમાં એવોર્ડ મેળવી શકે તેવી ફિલ્મ આ જદીન સુધી બનાવી શક્યા નથી. આ વર્ષે ન્યૂટન ભારત તરફથી મોકલવામાં આવી હતી પરંતુ તે પહેલેથી જ બહાર થઈ ગઈ હતી. ભારતીય અભિનેતા અલી ફઝલની એક હોલિવુડ ફિલ્મ વિક્ટોરિયા અને અબ્દુલ જરૂર ઓસ્કારમાં હતી. ફિલ્મો માટે કામ કરનાર કોઈ પણ કલાકારનું સપનું ઓસ્કાર જીતવાનું હોય છે. પાંચ ભારતીયોએ પણ પોતાના અદ્ભુત કામ બદલ ઓસ્કાર એવોર્ડ મેળવ્યો છે. આવો જાણીએ અત્યારસુધી આ એવોર્ડ કયા પાંચ ભારતીયોને મળ્યો છે. અત્યાર સુધીમાં પાંચ ભારતીયોએ પોતાના શ્રેષ્ઠ કામ બદલ ઓસ્કાર મેળવ્યો છે.

(1)ભાનુ અથૈયા : ભાનુ ઓસ્કાર જીતનાર પ્રથમ ભારતીય છે. તેમણે 1983માં ગાંધી ફિલ્મ માટે બેસ્ટ કૉસ્ટયુમ ડિઝાઈનરને એકેડેમી એવોર્ડ મળ્યો હતો. આ જ વર્ષે મ્યુઝિક ડાયરેક્ટર રવિ શંકર પણ નોમિનેટ થયા હતા પરંતુ તે આ એવોર્ડ જીતી શક્યા નહોતા. ઈ.સ 1983ના ઓસ્કાર એવોર્ડની રાત ભારત માટે ખાસ હતી. આ દિવસે ભારતમાં પહેલી વાર એક મહિલાનો ઓસ્કાર એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. ભાનુ અથૈયા કોસ્ટ્યૂમ ડિજાઈનર પહેલી ભારતીય મહિલા જેને ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ભાનુ અથૈયાનો જન્મ થયો હતો. તેમનું પુરુ નામ ભાનુમતિ અન્નાસાહેબ રાજોપાધ્યેય હતું. વર્ષ 1982માં ફિલ્મ ગાંધી માટે જ્હોન મોલોની સાથે બેસ્ટ કોસ્ટ્યૂમ ડિઝાઈનર માટે ઓસ્કાર એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. ભાનુ અથૈયાને બાળપણથી જ ગાંધીના રેખાચિત્ર દોરવાના પસંદ હતા. ભાનુને રિચર્ડ એટર્નબરોની આંતરરાષ્ટ્રીય ફિલ્મ ગાંધીમાં કોસ્ટ્યૂમ ડિઝાઈન કરવાનો મોકો મળ્યો હતો. સમગ્ર વિશ્વમાં તેમના કામને ખુબ જ વખાણ થયા હતા. ઓસ્કાર એવોર્ડ સમારંભમાં તેમના ડિઝાઈનને બેસ્ટ કોસ્ટ્યૂમ ડિઝાઈન કેટેગરીમાં નોમિનેટ કરવામાં આવી હતી.

(2)સત્યજીત રે: 1992માં સત્યજીત રેને ઓસ્કારમાં લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતીય માટે આ ગૌરવનું સન્માન છે. 2 મે, 1921ના રોજ જન્મેલા 20મી સદીના શ્રેષ્ઠ નિર્દેશક સત્યજીત રેએ 'બાઈસિકલ થીવ્સ'થી પ્રેરિત થઈ ફિલ્મમેકિંગમાં ઝંપલાવ્યું હતું. સત્યજીત રેની ફિલ્મો વિશે જાપાનના ફિલ્મકારે કહ્યું હતું કે, 'જો તમે સત્યજીત રેની ફિલ્મો ન જોઈ હોય, તો તમે સૂર્ય કે ચંદ્ર જોયા વિના વિશ્વમાં ફરી રહ્યા છો.' તેની ફિલ્મોમાં માનવીય લાગણીઓનો ભાવ છલકાતો હતો. તેમની પ્રથમ ફિલ્મ પાથેર પંચાલીને 11 ઈન્ટરનેશનલ ઍવોર્ડ મળ્યા હતા.

(3) રેસુલપુકુટ્ટી : 2009માં ત્રણ ભારતીયોને ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. જેમાંથી રેસુલ પુકુટ્ટીને સ્લમડૉગ મિલિયનેયર માટે બેસ્ટ સાઉન્ડ મિક્સિંગનું એવોર્ડ મળ્યો હતો.

(4)ગુલઝાર : 2009માં જ સ્લમડૉગ મિલિયનેયરના જય હો ગીત માટે ગુલઝારના બેસ્ટ ગીતકારનો એવોર્ડ મેળવ્યો છે. ઑસ્કાર એવૉર્ડથી સન્માનિત એકમાત્ર ભારતીય ગીતકાર. ગ્રેમી એવોર્ડ, પદ્મભૂષણ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, ભારતીય સિનેમાનાં સર્વોચ્ચ પુરસ્કાર દાદાસાહેબ ફાળકે એવોર્ડ અને સાત-સાત વખત નેશનલ એવોર્ડ! આજના દૌરના ઉત્તમોત્તમ કવિ, સફળતમ ફિલ્મી ગીતકાર, ઉત્તમ ફિલ્મોના લેખક, દિગ્દર્શક ગુલઝારના નામથી ભાગ્યેજ ગઈકાલ અને આજની પેઢીના કોઈ કાવ્યરસિક અજાણ હશે.

(5)એ.આર. રહેમાન : સ્લમડૉગ મિલિયનેયરના જય હો ગીત માટે એઆર રહેમાનને બેસ્ટ ઓરિજનલ સ્કોર માટે એવોર્ડ મળ્યો હતો. બોલિવૂડમાં જો કોઈ સંગીતકારે અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય અને સંગીતના દરેક સૂર અને તાલથી દર્શકોના હૃદયને સ્પર્શવામાં સફળ રહ્યા તો તે અનેક માત્ર નામ એટલે અલ્લાહ-રખા રહેમાન. રોજાનું 'યે હસી વાદિયા' હોય કે પછી તાલનું 'તાલ સે તાલ મીલા' હોય અથવા દેશની સ્વતંત્રતાની ઉજવણી માટેનું દેશભક્તિથી છલકાતું 'માં તુજે સલામ' અને 'વંદે માતરમ્' જેવા ગીતોનું નિમાર્ણ હોય. આ દરેકમાં કર્ણપ્રિય સંગીત અને સૂરોના મિલનથી તન-મન અને હૃદયને સ્પર્શીને લોકોના દિલમાં સ્થાન ધરાવતા તેમજ મોઝાર્ટ અનેક મદ્રાસના બિરુદથી લોકપ્રિય એવા એ આર રહેમાન ઓસ્કાર, ફિલ્મફેર એવોર્ડ સહિત 126 એવોર્ડથી સન્માનિત થયા છે.

(6)ઓસ્કર 2023 ના મંચ પર 'નાટુ નાટુ' પરફોર્મ કર્યું જેમ જેમ દીપિકા પાદુકોણે ઓસ્કાર 2023ના મંચ પર RRRનું 'નાટુ નાટુ' રજૂ કર્યું, ગીત પરનું પ્રદર્શન મેગા ઈવેન્ટમાં ઊર્જા અને વાઈબ્રેન્સી લાવે છે.

(7)'ધ એલિફન્ટ વ્હીસ્પર્સ'ને બેસ્ટ ઈન્ડિયન શોર્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે.

ઓસ્કારમાં પુરસ્કારમાં શું આપાય છે?:ઓસ્કર એવોર્ડ માં વિજેતાઓને એકેડેમી તરફથી કોઈ નાણાકીય ઈનામ, બોનસ કે એપિયરન્સ ફી આપવામાં આવતી નથી માત્ર ઓસ્કર સ્ટેચ્યુ,ટ્રોફી (ગોલ્ડન મેન) અને પ્રતિષ્ઠા આપવામાં આવે છે.જે ટ્રોફી આપવામાં આવે છે સત્તાવાર રીતે એકેડેમી તરફથી $1(લગભગ ૮૫-૯૫)વર્તમાન એક્સચેન્જ રેટ પ્રમાણે) માનવામાં આવે છે. જો વિજેતા ક્યારેય વેચવા માંગે તો એકેડેમીને પહેલા $1માં પાછું આપવું પડે છે (આ નિયમ ૧૯૫૦થી છે). પરંતુ Harold Russellએ ૧૯૯૩માં તેમનું ઓસ્કર $૬૦,૫૦૦માં વેચ્યું હતું જે એકમાત્ર કિસ્સો રહ્યો છે. ટ્રોફી સ્ટેચ્યુ બનાવવામાં $400 થી $1,000 (લગભગ 33,000 થી 83,000) ખર્ચ થાય છે (બ્રોન્ઝ + 24-કેરેટ ગોલ્ડ પ્લેટિંગ).

ઓસ્કર વિજેતાઓ અને નોમિનેટેડ વ્યક્તિઓને મુખ્યત્વે આ મળે છેએવોર્ડ માં ટ્રોફી મુખ્ય પુરસ્કાર, 13.5 ઈંચ ઊંચી, 8.5 પાઉન્ડ વજનવાળી. ઉપરાંત લક્ઝરી ગિફ્ટ બેગ અપાય છે. હાલ આ બેગનું મૂલ્ય $50,000 થી $350,000 (લગભગ 41 લાખ થી 2.9 કરોડ) સુધીનું હોય છે. ઓસ્કર જીત્યા પછી કરિયરમાં મોટો બુસ્ટ મળે છે પગારમાં 20-100% વધારો મળે છે.મોટા પ્રોજેક્ટ્સ, એન્ડોર્સમેન્ટ ડીલ્સ (મિલિયન્સ ડોલરના).

ઓસ્કર એવોર્ડ (એકેડેમી એવોડ્ર્સ) ના ઈતિહાસમાં અનેકરસપ્રદ તથ્યો અને અનોખા વિક્રમો છે, જે લગભગ ૧૦૦ વર્ષના સફરમાં બને છે. અહીં કેટલાક સૌથી રસપ્રદ અને આશ્ચર્યજનક તથ્યો છે:આ તથ્યો દર્શાવે છે કે ઓસ્કર માત્ર એવોર્ડ નથી, પરંતુ ફિલ્મ ઈતિહાસનો એક રસપ્રદ અધ્યાય છે!ટૂંકમાં ઓસ્કર પૈસા માટે નહીં, પ્રતિષ્ઠા અને કરિયર બુસ્ટ માટે જીતવામાં આવે છે.

## રાશીફળ (તા.21-03-2026)

- **મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે. આજે તમારી કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત થવાની શક્યતા છે.
- **વૃષભ (બ.વ.ઉ)** આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો.
- **મિથુન (ક.છ.ઘ)** આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે. પારિવારિક કામોમાં ઘરના સભ્યોનો સહકાર મળશે.
- **કર્ક (ડ.હ)** આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે.
- **સિંહ (મ.ટ)** આજે કલાત્મક કાર્યોમાં તમારી રસ વધશે. ધીરજથી નિર્ણય લેશો તો સફળતાના નવા માર્ગો ખુલશે. જીવનસાથીની મદદથી તમને કોઈ કામમાં ફાયદો થશે.
- **કન્યા (પ.ઠ.ણ)** આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે.
- **તુલા (ર.ત)** આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે.
- **વૃશ્ચિક (ન.ય.)** આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.
- **મકર (ખ.જ)** આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો.
- **કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો, જે સંબંધોને મીઠા બનાવશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે.

# મોટી સંખ્યામાં લોકો અગાઉથી જ ગેસનો બાટલો લેવા માટે પડાપડી

### ઈડરમાં ગેસસિલિન્ડર લેવા માટે લોકોની વહેલી સવારથી જ લાંબી કતારો લાગી



• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા

તંત્ર કહે છે "સ્ટોક પૂરતો છે, અફવાઓથી દૂર રહો" ઈરાન અને ઈઝરાયેલનું યુદ્ધ કેટલું લાંબુ ચાલશે કંઈ ખબર નથી પણ એ યુદ્ધની અસરો ગુજરાતમાં ધીમે ધીમે દેખાવા લાગી છે ગેસના પુરવઠાએ ગુજરાતને ધોળા દિવસે તારા દેખાડયા હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે તેની અસર સાબરકાંઠા જીલ્લામાં પણ પડી છે.જિલ્લાની ગેસ એજન્સીઓ બહાર વહેલી સવારથી જ ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ઉનાળાના આકરા તડકામાં લોકો પોતાનો ધંધો-રોજગાર છોડીને કલાકો સુધી ગેસ સિલિન્ડર મેળવવા માટે રાહ જોઈ રહ્યા છે જેના કારણે

જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આવી સ્થિતિ ઈડરમાં પણ જોવા મળી હતી અને સિલિન્ડર લેવા માટે લોકો વહેલી સવારથી જ લાંબી કતારો લગાવીને બેસી ગયા હતા જ્યારે ગેસ એજન્સી સંચાલકો સતત દાવો કરી રહ્યા છે કે ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે જ્યારે લોકોએ ગભરાવાની જરૂર

નથી. રાજ્યભરમાં હાલ ઘરેલુ અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછતને લઈને ભારે અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં પણ બાલાજી કોમ્પલેક્ષના પાછળના ભાગે ગેસ એજન્સીના પોઈન્ટ પર લોકો લાંબી કતારો લગાવી ઊભા રહ્યા હતા.

# શબ્દો નહીં, પણ 'કર્મ' બોલે છે




વિષયઃ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) અને લોકસંપર્કની એ અનોખી કાર્યશૈલી.

પ્રસ્તાવનાઃ

આજનો યુગ 'સેલ્ફી' અને 'સોશિયલ મીડિયા'નો છે, જ્યાં કામ કરતા પ્રચાર વધારે થાય છે. પણ એક સમય એવો હતો જ્યારે નેતાની ઓળખ તેના ફેસબુક પેજથી નહીં, પણ જનતાના હૃદયમાં રહેલા તેના સ્થાનથી થતી હતી. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) ના કાર્યકાળ દરમિયાન, લાખો ન્યૂઝ પેપર્સમાં તેમના વિશે જે અહેવાલો છપાતા, તે કોઈ માર્કેટિંગનું પરિણામ નહોતું, પણ તેમના અવિરત કામની સાક્ષી હતી.

મુખ્ય અંશઃ

* નિષ્ઠા અને ગ્રાઉન્ડ રિપોર્ટિંગઃ બાપુના સમયમાં જ્યારે ટેકનોલોજી આટલી વિકસી નહોતી, ત્યારે પણ લાખો અખબારોમાં તેમના નિર્ણયો અને જનસેવાની વાતો પહોંચતી. આ દર્શાવે છે કે જો કામ મજબૂત હોય, તો પ્રચાર આપોઆપ થઈ જાય છે.

* સિદ્ધાંતવાદી નેતૃત્વઃ 'હું માર્કેટિંગમાં નથી માનતો, હું કામમાં માનું છું' - આ વિચારધારા જ એ સમયના વહીવટનો પાયો હતો. પ્રચાર પાછળ સમય બગાડવાને બદલે લોકોના પ્રશ્નો ઉકેલવા પર ભાર મૂકવામાં આવતો.

* નવી પેઢી માટે પ્રેરણાઃ આજની પેઢીને કદાચ એ ખબર નહીં હોય કે કોઈ પણ ડિજિટલ એડ વિના પણ કેવી રીતે જન-જન સુધી પહોંચી શકાતું હતું. લાખો ન્યૂઝ પેપર્સમાં છપાયેલા એ અહેવાલો આજે પણ ઈતિહાસના પાને અંકિત છે.

નિષ્કર્ષઃ

ખરું નેતૃત્વ એ છે જેની નોંધ ઈતિહાસ લે. શંકરસિંહ વાઘેલાના એ દિવસો આજે પણ આપણને શીખવે છે કે સાચું માર્કેટિંગ એ પ્રામાણિકતાથી કરેલું 'કામ' જ છે.

# ગીરગઢડામાં વીજળી પડતા ત્રણ મહિલા ઘાયલ, એક ભેંસનું મોત

## કમોસમી વરસાદ અને કરાથી પાકને વ્યાપક નુકસાન, પોણા ત્રણ ઈંચ ખાબક્યો

• કૈલેશ ભટ્ટ ઉના



રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે બપોરે ઉના-ગીરગઢડા પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઘટનામાં ગીરગઢડાના વેળાકોટ ગામમાં વીજળી પડતા ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી, જ્યારે સનવાવ ગામમાં એક ભેંસનું મોત થયું. વેળાકોટ ગામના જોરૂભાઈ કરસનભાઈ મોરાશિયાની વાડીમાં કામ કરી રહેલી જલ્પાબેન રામસીંગભાઈ ખાડિયા, કાડવીબેન ધીરુભાઈ મોરાશિયા અને જીગ્નાબેન રામજીભાઈ પરમાર વીજળીની ઝપેટમાં આવી ગઈ હતી. ત્રણેય ઈજાગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક ગીરગઢડા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ જ કમોસમી વરસાદ દરમિયાન સનવાવ ગામમાં ખેતરમાં બાંધેલી એક ભેંસ પર વીજળી પડતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ગીરગઢડા પંથકમાં અંદાજે ૨.૭૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.

વરસાદ સાથે ગીરગઢડા પંથકના અમુક ગામોમાં કરા પણ પડ્યા હતા. જેના કારણે કેરી સહિતના પાકને વ્યાપક નુકસાન થયું છે.

# ઉનામાં ગેસ સિલિન્ડર માટે સવારથી જ લાંબી કતારો

• કૈલેશ ભટ્ટ ઉના

ઈઝરાયેલ-ઈરાક યુદ્ધને કારણે સપ્લાય ઘટતા લોકો પરેશાન. ઉના શહેરમાં એલપીજી ગેસ સિલિન્ડરની અછત સર્જાઈ છે, જેના કારણે વહેલી સવારથી જ ગેસ એજન્સીઓ બહાર લાંબી કતારો જોવા મળી રહી છે. ઈઝરાયેલ અને ઈરાક વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે ગ્રામ્ય વિસ્તારો સુધી પણ પહોંચી હોય તેમ લાગી રહ્યું છે. વરસીંગપૂર રોડ પર આવેલી ગેસ એજન્સીની ઓફિસ બહાર મહિલાઓ, બાળકો અને દિવ્યાંગો સહિતના લોકો સિલિન્ડર મેળવવા માટે કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે. કલાકો સુધી કતારમાં ઊભા રહ્યા પછી પણ સિલિન્ડર મળશે કે નહીં તેની કોઈ ખાતરી નથી. એક તરફ તંત્ર એલપીજી ગેસની અછત ન હોવાના દાવા કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ આ કતારના દ્રશ્યો વાસ્તવિકતા દર્શાવે છે. ગેસ એજન્સીના સંચાલકે જણાવ્યું કે, યુદ્ધની પરિસ્થિતિને કારણે શહેરીજનોની રોજિંદી જરૂરિયાત મુજબનો જથ્થો પૂરતો મળતો નથી. આના પરિણામે સ્થાનિક લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. એલપીજીની અછતની આ ગંભીર બાબત છતાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.


**સોના-ચાંદી** કોમોડિટી વાયદાઓમાં રૂ.41087.85 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.242031.61 કરોડનું ટર્નઓવર

# સોનાના વાયદામાં રૂ.1681 અને ચાંદીના વાયદામાં રૂ.2075નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.36 નરમ

## સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 30247.73 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 36160 પોઈન્ટના સ્તરે

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.283119.67 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.41087.85 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.242031.61 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 36160 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3605.06 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 30247.73 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.148302ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.148457 અને નીચામાં રૂ.145700ના મથાળે અથડાઈ, રૂ.144954ના આગલા બંધ સામે રૂ.1681 વધી રૂ.146635 થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.1062 વધી રૂ.119600ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.136 વધી રૂ.14988ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1576 વધી રૂ.146593ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.147499ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.149486 અને નીચામાં રૂ.145846ના સ્તરને સ્પર્શી, રૂ.145452ના આગલા બંધ સામે રૂ.1392 વધી રૂ.146844 થયો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.239948ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.240000 અને નીચામાં રૂ.230060ના મથાળે અથડાઈ, રૂ.231460ના આગલા બંધ સામે રૂ.2075 વધી રૂ.233535ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.1280 વધી રૂ.238054ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.1121 વધી રૂ.238100ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 5034.64 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.4.6 વધી રૂ.1116.55ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.1.5 વધી રૂ.308.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.4.1 વધી રૂ.334.55ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.1.6 વધી રૂ.187.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 5837.04 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4293ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4298 અને નીચામાં રૂ.4251ના સ્તરને સ્પર્શી, રૂ.4 ઘટી રૂ.4290 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.8851ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9101 અને નીચામાં રૂ.8752ના સ્તરને સ્પર્શી, રૂ.8998ના આગલા બંધ સામે રૂ.36 ઘટી રૂ.8962ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.37 ઘટી રૂ.8962ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.2.4 ઘટી રૂ.293.1 થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.2.2 ઘટી રૂ.293.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

## શું સરકાર આ વિવાદમાં મધ્યસ્થી કરી બંને પક્ષોને વિશ્વાસમાં લેશે?

# સામાજિક વિવાદ અને વહીવટી મૌન: ચૌધરી અને માલધારી સમાજ વચ્ચેના ઘર્ષણનો જવાબદાર કોણ?

**જવાબદાર કોણ?** સામાજિક એકતા જાળવવા માટે કોઈ વિશેષ કાયદાકીય સમિતિની રચના કરવામાં આવશે?

• અમદાવાદ




ગુજરાતના સામાજિક તાણાવાણામાં છેલ્લા કેટલાક સમયથી ચૌધરી સમાજ અને માલધારી સમાજ વચ્ચે લગ્ન વિષયક બાબતોને લઈને ગંભીર વિવાદ ઉભો થયો છે. આ વિવાદ માત્ર ચર્ચા પૂરતો મર્યાદિત ન રહેતા હવે સામાજિક અજંપાનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, આટલી સંવેદનશીલ બાબત હોવા છતાં સરકાર કે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ સ્પષ્ટ મધ્યસ્થી કે કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું નથી.

મુખ્ય મુદ્દાઓ અને વર્તમાન સ્થિતિ:

* કાયદાકીય મડાગાંઠ: લગ્ન એ વ્યક્તિગત અધિકાર અને સામાજિક મર્યાદા વચ્ચેનો વિષય બની ગયો છે. જ્યારે બે મોટા સમાજો સામસામે હોય, ત્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવી એ પ્રાથમિકતા હોવી જોઈએ, પરંતુ હાલમાં શૂન્યાવકાશ જેવી સ્થિતિ પ્રવર્તે છે.

*સરકારનું મૌન: આ મામલે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે સમાધાનકારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું નથી. તંત્રની આ ઢીલી નીતિ આગમાં ઘી હોમવાનું કામ કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

* સુરક્ષાનો પ્રશ્ન: જો આ વિવાદ ઉગ્ર બને અને કોઈ મોટી અઘટિત ઘટના ઘટે, તો તેની જવાબદારી કોની? શું પોલીસ તંત્ર અને સરકાર કોઈ અનિચ્છનીય બનાવની રાહ જોઈ રહ્યા છે?

સમાજની માંગ અને ઉકેલની જરૂરિયાત

બંને સમાજના પ્રબુદ્ધ નાગરિકોનું માનવું છે કે, સામાજિક વિવાદોને વાટાઘાટો દ્વારા ઉકેલવા જોઈએ. જોકે, જ્યારે લાગણીઓ દુભાતી હોય અને કાયદાનું રક્ષણ ન દેખાતું હોય, ત્યારે આક્રોશ ફાટી નીકળવો સ્વાભાવિક છે.

તંત્ર સામે સવાલો:

1. શું સરકાર આ વિવાદમાં મધ્યસ્થી કરી બંને પક્ષોને વિશ્વાસમાં લેશે?

2. સામાજિક એકતા જાળવવા માટે કોઈ વિશેષ કાયદાકીય સમિતિની રચના કરવામાં આવશે?

3. સંભવિત હિંસા કે ઘર્ષણ માટે જવાબદાર કોણ ગણાશે–વહીવટી તંત્ર કે ઉશ્કેરણી કરનાર તત્વો?

લોકશાહીમાં જ્યારે સામાજિક સુરક્ષા જોખમાતી હોય ત્યારે સરકારની સક્રિયતા અનિવાર્ય છે. આ મુદ્દે વહેલી તકે કોઈ નક્કર નિર્ણય લેવામાં નહીં આવે તો આવનારા સમયમાં ગુજરાતની શાંતિ અને સલામતી સામે મોટો પડકાર ઉભો થઈ શકે તેમ છે.

સમાજશાસ્ત્રીઓનો મંતવ્ય:

'જ્યારે સામાજિક મૂલ્યો અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે ટકરાવ થાય, ત્યારે સરકારે માત્ર મૂક પ્રેક્ષક બની રહેવાને બદલે મધ્યસ્થી તરીકે આગળ આવવું જોઈએ. કાયદો માત્ર કાગળ પર નહીં, પણ મેદાનમાં અમલી હોવો જોઈએ.'

તંત્ર માટે આકરા સવાલો:

1. શું સરકાર પાસે આ સામાજિક વિવાદને શાંત પાડવા માટે કોઈ 'એક્શન પ્લાન' છે?

2. ગૃહ વિભાગ દ્વારા બંને સમાજના આગેવાનો સાથે કેમ કોઈ શાંતિ સમિતિ (Peace Committee) ની બેઠક બોલાવવામાં આવી નથી?

# રાજપીપલામા ચૈત્રી નવરાત્રીએ પ્રાચિન મન્દિર મહાકાલી મંદિરે પ્રથમ દિવસે ભક્તોની ભીડ ઉમટી

## પજવારાની સ્થાપના, પૂજા-અર્ચન અનેઘટસ્થાપના સાથે દર્શને ભક્તો ઉમટ્યા

• રાજપીપળા:તા 20



રાજપીપલામા ચૈત્રી નવરાતત્રી નો પ્રારંભ થતા રાજવી પરિવાર વખતના પ્રાચિન મન્દિર મહાકાલી માતાના મંદિરે આરતીમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. ૮ દિવસ ઉપવાસ રાખી નવરાત્રી કરતા ભક્તોની અહીં બાધા આખડી માનતા પુરી થાય છે. ચૈત્રી નવરાત્રીમાં માતાજીનાં દર્શને ભારે ભીડ જામી હતી.રીયાસતી રાજવીનગરી રાજપીપળામાં રાજા રજવાડા વખતથી બંધાયેલ રાજપીપળાખાતેનું અતિપ્રાચીન મહાકાલી મંદિરે ચૈત્રી નવરાત્રિ મેળો ભરાતો આવ્યો છે.ચૈત્ર નવરાત્રી શરૂ થતા ભક્તો મંદિરે દર્શને ઉમટ્યા છે.મેળામાં રાજપીપળા અને આજુબાજુના ગામના અસંખ્ય લોકો ઊમટે છે.અહીં જવારાનું સ્થાપના, ઘટસ્થાપન,પૂજન-અર્ચન કરાઈ હતી. સવાર સાંજની બન્ને આરતીમાં ભક્તો ઉમટે છે. આ મંદિરનો પ્રાચીન ઈતિહાસ જાણીતો છે. મુકેશભાઈ જોશી, પૂજારી એ જણાવ્યું હતું કે 1941 થી મહાકાલી મંદિરનાચોગાનમાં ચૈત્રી નવરાત્રી નો મેળો ભરવાનો શરૂ થયો. ત્યારથી છેલ્લા 85વર્ષથી ભરાવાનો શરૂ થયો છે.ત્યારથી છેલ્લા 85વર્ષથી રાજપીપળામાં નિયમિત રીતે ચૈત્રી નવરાત્રીનો મેળો ભરાય છે. અહીંયા કાછીયા પટેલ, દરજી, ધોબી, વાળદ, ભોઈ તેમજ અન્ય જ્ઞાતિઓ તરફથી ચૈત્રનવરાત્રીનો હવન તેમજ ઉજવણી ઉત્સવો ઉજવાય છે. ધજા ચડાવાય છે.9 દિવસ નવરાત્રી દરમિયાન સવાર-સાંજ નિત્ય આરતીમાં ભક્તોની ભીડ જામે છે. મહિલા ભક્તઉષાબેને જણાવ્યું હતું કે ચૈત્રી નવરાત્રીનું વિશેષ ધાર્મિક મહત્વ છે. નવ દિવસ ઉપવાસ કરીએ છીએ અમારી બાધા માનતા માતાજીનાં દર્શનથી પુરી થાય છે રાજવી કુટુંબના કુળદેવીમાં હરસિધ્ધિમંદિર ઘણું દૂર હતું રાજવીઓ પહેલા હવેલીમાં રહેતા હતા. રાજવી કુટુંબનીરાણીઓને મા હરસિદ્ધિ મંદિર દૂર પડતું હોવાથી તેમજ રીતરિવાજ પ્રમાણે ઘણીરાણીઓ પડદાનશીન રહેતી હોવાથી નિત્ય દર્શન માટે દૂર જવું યોગ્ય ન હતું.

# ઉના-ગીર ગઢડા પંથકમાં કમોસમી વરસાદ

## વીજળીના કડાકા સાથે શરૂ, પાક નુકસાનની ભીતિ



રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે બપોરના સમયે ઉના અને ગીર ગઢડા પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. આના કારણે સમગ્ર વિસ્તારમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો.આ કમોસમી વરસાદને કારણે કેરીના પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. પ્પાપડ ગુજતાને વવાના નાત રોપાય રણ છે.કેરી ઉપરાંત ડુંગળી, બાજરી, તલ અને અડદ જેવા પાકોને પણ નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. કમોસમી વરસાદના આગમનથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, આ વરસાદે તેમના મોઢામાં આવેલો કોળિયો છીનવી લીધો છે. ઉના શહેરમાં કમોસમી વરસાદ શરૂ થતાં રસ્તાઓ પર લોકોની અવરજવર નહિવત્ જોવા મળી હતી, જાણે કે કર્ફ્યુ જેવો માહોલ સર્જાયો હોય. હાલ ખેડૂતો તેમના ખેતરોમાં પહોંચી ગયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના ચમકારા સાથે વરસાદ વરસી રહ્યો છે, ખાસ કરીને ધોકડવા વિસ્તારમાં ધોધમાર વરસાદ નોંધાયો છે.

# ગીર ગઢડાના ફાટસર રોડ પર સિંહયુગલની ગર્જના



રાતના સન્નાટામાં ડણક સંભળાઈ; સિંહપ્રેમીઓ લોકેશન ટ્રેક કરી દર્શન કરવા ઉમટી પડયા. ગીરના જંગલના રાજા હવે માત્ર વનરાજી પૂરતા સીમિત રહ્યા નથી, પરંતુ માનવ વસાહતો તરફ પણ તેમનું પ્રભુત્વ વધી રહ્યું છે. ગીર ગઢડા તાલુકાના ફાટસર રોડ પર ગઈકાલે રાત્રિના સમયે એક સિંહ યુગલની ગર્જનાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઝૂડવડલીથી ફાટસર તરફ જતા માર્ગ પર ખેતરના સેઢે સિંહ યુગલે પડાવ નાખતા સ્થાનિકો અને સિંહપ્રેમીઓમાં કુતૂહલ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે સિંહની ડણકનો અવાજ શાંત વાતાવરણમાં ૩ કિલોમીટરથી પણ વધુ દૂર સુધી ફેલાતો હોય છે. રાત્રિના સમયે સિંહ અને સિંહણની એકસાથેની ડણકે આસપાસના વિસ્તારમાં રોમાંચ જગાવ્યો હતો. આ અવાજ સાંભળીને અનેક વન્યજીવ પ્રેમીઓ ડણકના આધારે લોકેશન ટ્રેક કરી ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને દૂરથી જ વનરાજનું દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સિંહ યુગલે અહીં કલાકો સુધી આરામ કર્યા બાદ આગળ પ્રયાણ કર્યું હતું.

## 'કટ્ટર ઈમાનદાર' પક્ષ તરીકે રજૂ કરે

# કેજરીવાલની નિર્દોષતા: ગુજરાતની ચૂંટણીમાં 'આપ' માટે સંજીવની?

૧. 'કટ્ટર પ્રામાણિકતા'ના કાર્ડનું પુનરાગમન

આમ આદમી પાર્ટી (AAP) હંમેશા પોતાને 'કટ્ટર ઈમાનદાર' પક્ષ તરીકે રજૂ કરે છે. કોર્ટના આ ચુકાદા બાદ, 'આપ' ગુજરાતના મતદારો વચ્ચે જઈને એવો પ્રચાર કરી શકશે કે તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા હતા. આનાથી પક્ષની છબી સુધરશે અને મધ્યમ વર્ગના મતદારોમાં ફરી વિશ્વાસ જાગશે.

૨. સહાનુભૂતિ (Sympathy Factor)નો લાભ

કેજરીવાલે જેલવાસ ભોગવ્યો અને ત્યારબાદ નિર્દોષ છૂટ્યા, તેનાથી કાર્યકરોમાં નવો ઉત્સાહ આવશે. ગુજરાતની જનતા ભાવુક છે, તેથી 'ન્યાય મળ્યો' તેવો સંદેશો આપીને 'આપ' સહાનુભૂતિ મેળવવાનો પ્રયત્ન કરશે. ખાસ કરીને સુરત અને રાજકોટ




જેવા શહેરોમાં જ્યાં 'આપ'નો પાયો મજબૂત છે, ત્યાં આની અસર વધુ જોવા મળશે.

૩. ભાજપના 'ભ્રષ્ટાચાર'ના આરોપોનો વળતો જવાબ

અત્યાર સુધી ભાજપ 'શરાબ કૌભાંડ'નો મુદ્દો ઉઠાવીને 'આપ'ને ઘેરતી હતી. હવે કોર્ટના ક્લીનચીટ બાદ, 'આપ' આક્રમક બનીને ભાજપ પર 'કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગ'નો આરોપ લગાવી શકશે. ચૂંટણી પ્રચારમાં આ મુદ્દો મુખ્ય કેન્દ્ર રહેશે.

૪. ત્રીજા વિકલ્પ તરીકે મજબૂતી

ગુજરાતમાં કોંગ્રેસ નબળી પડી રહી છે ત્યારે, કેજરીવાલની આ જીત 'આપ'ને ભાજપ સામેના એકમાત્ર 'મજબૂત અને સાચા' વિકલ્પ તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે. મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં જે મતદારો પરિવર્તન ઈચ્છે છે, તેમના માટે આ ચુકાદો 'આપ' તરફ વળવાનું મોટું કારણ બની શકે છે.

નિષ્કર્ષ: ટૂંકમાં કહીએ તો, આ ચુકાદો ગુજરાતમાં આમ આદમી પાર્ટી માટે 'બૂસ્ટર ડોઝ' સાબિત થશે. જો 'આપ' આ મુદ્દાને યોગ્ય રીતે લોકો સુધી પહોંચાડશે, તો મહાનગરપાલિકાની બેઠકો પર તેનું સંખ્યાબળ વધી શકે છે અને ગુજરાતનું રાજકારણ ફરી એકવાર 'ત્રિપાંખિયા જંગ' તરફ આગળ વધશે.

નકલી નોટો

છેલ્લા 3 મહિનાથી સુરતના રહેણાંક મકાનમાં ચાલતી હતી મિની 'નાસિક પ્રેસ'

# યોગ ગુરુ-જમીન દલાલ બેડરૂમમાં જ પ્રિન્ટર મૂકીને 'લક્ષ્મીજી' છાપવા માંડ્યા

## જે હાથમાં યોગની મુદ્રા-માળા હોવી જોઈએ ત્યાં નકલી નોટોના થોકડા; જાણો પ્રદીપ કેમ બન્યો 'નકલી નોટોનો સોદાગર'

• સુરત

જે હાથમાં યોગની મુદ્રાઓ અને માળા હોવી જોઈએ, એ હાથોમાં આજે 500-500ની નકલી નોટોના થોકડા છે! સુરતનો એક કહેવાતો યોગ ગુરુ અને જમીન દલાલ રાતોરાત અમીર બનવાના એવા રવાડે ચઢ્યા કે ઘરના ખૂણે જ કલર પ્રિન્ટર મૂકીને 'લક્ષ્મીજી' છાપવા માંડ્યા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જ્યારે ફોર્ચ્યુનર કાર રોકી ત્યારે અંદરથી એટલી નોટો નીકળી કે પોલીસ ગણતા-ગણતા થાકી ગઈ અને આખરે બેંકમાંથી નોટો ગણવાનું મશીન મંગાવવું પડ્યું. આ હાઈ-પ્રોફાઈલ રેકેટમાં 7 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસમાં મુખ્ય આરોપી તરીકે સુરતના કામરેજ પાસે 'શ્રી સત્યમ યોગ ફાઉન્ડેશન' ચલાવતા પ્રદીપ જોટંગીયાનું નામ બહાર આવ્યું છે. તપાસમાં ખુલાસો થયો છે કે પ્રદીપ યોગ ક્લાસ દ્વારા લોકોના અસાધ્ય રોગો દૂર કરવાનો દાવો કરતો હતો. જોકે, સંસ્થા ચલાવવા માટે પૂરતું ભંડોળ ન મળતા તેણે રાતોરાત અમીર બનવાના રસ્તે નકલી નોટો છાપવાનું શરૂ કર્યું હતું. સેવાના નામે ચાલતા આ NGOના આકાએ અન્ય સાથીદારો સાથે મળીને આખું નેટવર્ક ઊભું કર્યું હતું.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ આર્થિક સંકડામણમાં હતા. ખાસ કરીને પ્રદીપ જોટંગીયાને તેની સંસ્થા ચલાવવામાં અને દર્દીઓની સુવિધા ઉભી કરવામાં નાણાંની જરૂર હતી. બીજી તરફ જમીન દલાલ મુકેશ ઠુમ્મર પણ આર્થિક મુશ્કેલીમાં હોવાથી આ ટોળકીએ ભેગા મળીને શોર્ટકટ અપનાવ્યો હતો. અસલ જેવી જ દેખાતી નોટો છાપીને બજારમાં વટાવી દેવાનો તેમનો મનસૂબો હતો, જેથી તેઓ પોતાની આર્થિક જરૂરિયાતો અને લક્ઝરી લાઈફસ્ટાઈલ પૂરી કરી શકે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ નકલી નોટોનું કારખાનું છેલ્લા ત્રણ મહિનાથી સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા ક્રિષ્ના રો-હાઉસમાં ધમધમતું હતું. આરોપી મુકેશ ઠુમ્મરે પોતાના બે માળના મકાનમાં જ કલર પ્રિન્ટર, કટર મશીન અને ખાસ પ્રકારના કાગળ લાવીને નકલી નોટો છાપવાનું શરૂ કર્યું હતું. નવાઈની વાત એ છે કે તેના પહેલા માળે ભાડૂઆતો રહેતા હતા, છતાં કોઈને ખબર ન પડે તે રીતે આ ટોળકી રાત-દિવસ 500ની નોટો છાપવામાં મશગૂલ રહેતી હતી.

ફોર્ચ્યુનર કારમાં 'ખજાનો' ભરીને અમદાવાદ આવ્યા અને પોલીસની જાળમાં ફસાયા આરોપીઓ સુરતથી પોતાની લક્ઝરિયસ ફોર્ચ્યુનર કાર (GJ-05-RS-5252)માં કરોડોની નકલી નોટો ભરીને ગ્રાહકો શોધવા માટે અમદાવાદ આવ્યા હતા. કારની અંદર કાળા રંગની બેગ અને સફેદ



થેલાઓમાં 500ના દરની નોટોના 440 જેટલા બંડલ વ્યવસ્થિત રીતે પેક કરવામાં આવ્યા હતા. જોકે, ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ કારને આંતરી લીધી હતી અને અંદર તપાસ કરતા પોલીસ અધિકારીઓ પણ એક ક્ષણ માટે ચોંકી ગયા હતા.

પોલીસે જ્યારે જપ્ત કરેલી નોટોની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે આરોપીઓએ અત્યંત ચાલાકીથી નોટો છાપી હતી. અસલ નોટોમાં જે વોટર માર્ક હોય છે, તેને આરોપીઓએ પ્રિન્ટર દ્વારા નોટો પર ઉપસાવ્યા હતા. જોકે, કાગળની ગુણવત્તા થોડી નબળી હોવાથી પંચોની હાજરીમાં તેની ઓળખ થઈ શકી હતી. આ નોટોને તપાસ માટે ગાંધીનગર FSLમાં મોકલવામાં આવી છે, જેથી તેની બનાવટમાં વપરાયેલા કેમિકલ અને પેપરની ચોક્કસ વિગતો જાણી શકાય. આ ટોળકીમાં દરેકને અલગ-અલગ જવાબદારી સોંપવામાં આવી હતી. કોઈ કાગળની વ્યવસ્થા કરતું, તો કોઈ ગ્રાહકો શોધવાનું કામ કરતું હતું. મહિલા આરોપી આરતીબેન પણ આ રેકેટમાં સક્રિય ભૂમિકા ભજવતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. જપ્ત કરાયેલો મુદ્દામાલ એટલો મોટો હતો કે પોલીસ સ્ટાફ માટે હાથથી નોટો ગણવી અશક્ય બની ગઈ હતી. કાળા રંગની બેગમાંથી 20,078 નંગ નોટો મળી આવી હતી, જેની ગણતરીમાં જ કલાકો વીતી ગયા હતા. ત્યારબાદ પૂંઠાના બોક્સમાં રહેલી બીજી હજારો નોટો જોઈને પોલીસ અધિકારીઓ પણ થાકી ગયા હતા. અંતે પરિસ્થિતિને જોતા નોટો ગણવાનું મશીન મંગાવવાની ફરજ પડી હતી, જેથી ઝડપથી અને ચોકસાઈપૂર્વક આંકડો મેળવી શકાય.માત્ર નોટો ગણવી જ નહીં, પરંતુ પંચનામા માટે દરેક નોટના સીરીયલ નંબર અને સીરીઝની એન્ટ્રી કરવી પોલીસ માટે મોટો પડકાર હતો. ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાં ત્રણ ડેસ્કટોપ અને એક લેપટોપ પર સતત ઓપરેટરો બેસાડીને એક્સેલ શીટ તૈયાર કરવામાં આવી હતી. એક તરફ સ્ટાફ નંબર બોલતો હતો અને બીજી તરફ એન્ટ્રી થતી હતી. આ પ્રક્રિયા એટલી લાંબી ચાલી કે પોલીસ સ્ટાફ અને પંચો માનસિક અને શારીરિક રીતે લોથપોથ થઈ ગયા હતા.અમદાવાદમાં ધરપકડ બાદ પોલીસની એક ટીમ તાત્કાલિક સુરત દોડી ગઈ હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સરથાણા પોલીસની મદદથી મુકેશ ઠુમ્મરના ઘરે સર્ચ કરવામાં આવ્યું હતું. ત્યાંથી 500ની નોટોના વધુ 28 બંડલ (28 લાખ રૂપિયા), કલર પ્રિન્ટર, કાગળની 8 રીમ અને નોટો છાપવા માટે વપરાતું ખાસ લિક્વિડ મળી આવ્યું હતું. આ મકાન જ આખા રેકેટનું એપીસેન્ટર હોવાનું પુરાવાઓ પરથી સાબિત થયું છે.જ્યારે પોલીસે અમરાઈવાડીમાં ફોર્ચ્યુનર કારને રોકી, ત્યારે આરોપી ભરત કાકડીયા લઘુશંકા કરવાના બહાને કારમાંથી ઉતરીને ભાગી છૂટ્યો હતો. તે સી.ટી.એમ. ચાર રસ્તા સુધી પહોંચી ગયો હતો. જોકે, ક્રાઈમ બ્રાન્ચના સતર્ક જવાનોએ પીછો કરીને તેને પણ ઝડપી પાડ્યો હતો. ભરત કાકડીયા સુરતમાં હીરા ઘસવાનું કામ કરે છે અને યોગ ફાઉન્ડેશનમાં સેવા આપવાના બહાને આ કાળા કારોબારમાં જોડાયો હતો. આજના આધુનિક યુગમાં પુરાવાઓ મજબૂત કરવા માટે પોલીસે આ સમગ્ર ઓપરેશનની વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી 'ઈ-સાક્ષ્ય' એપ્લિકેશન મારફતે કરી છે. આરોપીઓ પાસેથી મળેલા મોબાઈલ ફોન, એટીએમ કાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સ જેવી તમામ ચીજવસ્તુઓની ડિજિટલ નોંધણી કરવામાં આવી છે.

---

ધો.12 પાસ સોમપુરીએ ટ્રેડિંગના નામે સુરતી વેપારીના 56 લાખ ખંખેર્યા

# 400 કરોડ ફ્રોડના માસ્ટરમાઈન્ડનો ખાસ સાગરીત વડોદરાથી દબોચાયો


ફ્રોડ

TLC કોઈન અને 10 ટકા કમિશનની લાલચની મોડસ ઓપરેન્ડી, દુબઈ-બેંગકોકની 18 વખત ટ્રીપનો ખુલાસો

• સુરત

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે વડોદરાથી સોમપુરી કિશનપુરી ગોસ્વામી નામના શખ્સની ધરપકડ કરી છે. આ આરોપીએ ફરિયાદીને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી દર મહિને 5થી 6 ટકા પ્રોફિટ મેળવવાની લાલચ આપી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ BOTALPHA.ME નામની વેબસાઈટ પર એકાઉન્ટ બનાવી ફરિયાદી પાસેથી ટુકડે ટુકડે કુલ 56,92,480 રૂપિયા પડાવી લીધા હતાં. આ ગુનાની તપાસમાં દુબઈ બેઠેલા કુખ્યાત ઠગ લવિશ ચૌધરીનું નામ ખુલતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.

પકડાયેલ આરોપી સોમપુરી ગોસ્વામી માત્ર ધોરણ 12 પાસ છે, પરંતુ તેના સંપર્ક સીધા દુબઈમાં બેઠેલા લવિશ ચૌધરી સાથે છે. લવિશ ચૌધરી



એ જ વ્યક્તિ છે જેના પર અગાઉ ED દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી અને 400 કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા હતાં. સોમપુરી રાજસ્થાનમાં એક કબડ્ડી ટૂર્નામેન્ટ દરમિયાન લવિશના સંપર્કમાં આવ્યો હતો. ત્યારપછી તે લવિશના ઈશારે ભારતમાં નેટવર્ક ચલાવી ફોરેક્સ અને ક્રિપ્ટો ટ્રેડિંગના નામે લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.ડીસીપી બિશાખા જૈન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આરોપી સોમપુરી રોકાણકારોને માત્ર નફાની જ નહીં, પણ વધારાના ગિફ્ટ તરીકે 'TLC Coin' આપવાની લાલચ આપતો હતો. તેણે ફરિયાદીને વિશ્વાસ અપાવ્યો હતો કે આ કોઈનના 2 ટકા દર મહિને રોકડમાં ઉપાડી શકાશે. આ આખી સિસ્ટમમાં સોમપુરીને રોકાણકારોના નફા પર 10 ટકા જેટલું તગડું કમિશન મળતું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, સોમપુરીને દર મહિને અંદાજે 1,50,000 રૂપિયા જેટલું કમિશન આ ઠગાઈના નેટવર્કમાંથી મળતું હતું, જે તેને લવિશ ચૌધરીના માધ્યમથી પ્રાપ્ત થતું હતું.સાયબર સેલની તપાસમાં વધુ એક ચોંકાવનારી વિગત સામે આવી છે. ફરિયાદીએ જે ત્રણ બેંક ખાતાઓમાં (AXIS, SBI, IDFC) પૈસા ટ્રાન્સફર કર્યા હતા, તે ખાતાઓની NCCRP પોર્ટલ પર તપાસ કરતા જાણવા મળ્યું કે આ ખાતાઓ સામે દેશના વિવિધ રાજ્યોમાં કુલ 50 ફરિયાદીઓએ ફરિયાદ નોંધાવી છે. આ ખાતાઓમાં કુલ 10,02,76,635 રૂપિયાના ફ્રોડના વ્યવહારો મળી આવ્યા છે. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે આ ગેંગે માત્ર સુરત જ નહીં પણ આખા દેશમાં રોકાણકારોને નિશાન બનાવ્યા છે.આરોપી સોમપુરી અગાઉ રેસ્ટોરન્ટ ચલાવતો હતો, પરંતુ કોવિડના સમયમાં તેનો વ્યવસાય ઠપ થઈ ગયો હતો. આર્થિક સંકડામણના કારણે તે રાજસ્થાનના દીપક ગોસ્વામી નામના શખ્સના સંપર્કમાં આવ્યો હતો. દીપક ગોસ્વામીએ જ સોમપુરીની મુલાકાત લવિશ ચૌધરી સાથે કરાવી હતી. 2023થી સોમપુરી આ ઠગાઈના નેટવર્કમાં સક્રિય થયો હતો અને ટૂંકા સમયમાં વિદેશ પ્રવાસો કરી લવિશનો ખાસ વિશ્વાસુ બની ગયો હતો.

---

# પીએમ આવાસ યોજનાના નામે 40 લાખથી વધુની છેતરપિંડી

મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને મકાન અપાવવાના બહાને 16 લોકો પાસેથી પૈસા પડાવનાર ઝડપાયો

• વડોદરા

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને 16 જેટલા લોકો પાસેથી 40.17 લાખ રૂપિયાની છેતરપીંડી કરનાર ઠગની ગોરવા પોલીસે ધરપકડ કરી છે અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને શિકાર બનાવ્યા હતા અને તેમની પાસેથી નાણાં પડાવ્યા હતા.વડોદરા શહેરના ગોરવા સુભાનપુરા વિસ્તારમાં સમતા રોડ ઉપર આવેલા વૈકુંઠ ફલેટમાં રહેતા વર્ષાબેન પાઠકે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી હરીશ જશુભાઈ ચૌહાણે મકાન અપાવવાના બહાને વિશ્વાસ જીત્યો હતો. પોતાની ઓફિસ મારફતે તેમણે પોતે વડોદરા મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને પ્રોસેસિંગ માટે રૂપિયાની માંગણી કરી હતી. જાન્યુઆરી 2025થી ઓક્ટોબર 2025 દરમિયાન આરોપીએ અલગ-અલગ તારીખે ઓનલાઈન ટ્રાન્ઝેકશન દ્વારા




રૂપિયા 1.83 લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આરોપીએ મકાન ફાળવણીના ખોટા કાગળો અને પાવતી આપી વધુ વિશ્વાસ કેળવ્યો હતો.આરોપીએ ડિસેમ્બર 2025 સુધીમાં મકાન આપવાનો વાયદો આપ્યો હતો. પરંતુ સમય પસાર થયા છતાં મકાનનો કબજો ઠગ દ્વારા આપવામાં આવ્યો નહીં. ત્યારબાદ તેમણે અને તેમના પતિ સાથે ઠગની ઓફિસ પર પહોંચતા ઓફિસ બંધ હતી અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી તેમણે તપાસ કરી હતી. આ હરીશ ચૌહાણે અન્ય 15 લોકોને સાથે રૂપિયા લઈ લીધા હતા પરંતુ, મકાન અપાવ્યું ન હતું.

હરીશ ચૌહાણે 16 લોકોને આવાસ યોજનામાં મકાન અપાવવાનો ખોટો વાયદો કરીને તેમની પાસેથી 40.17 પડાવી લીધી હતું અને મકાન ખરીદનારને ખોટા દસ્તાવેજો બનાવી પધરાવી દીધા હતા. વર્ષાબેન સહિત અન્ય 15 લોકોએ આરોપી હરીશ ચૌહાણ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેને આધારે ગોરવા પોલીસે આરોપી હરીશ ચૌહાણની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

---

# સુરત પોલીસનું 'ઓપરેશન ઝારખંડ':રૂ.50 માટે હત્યા કરી ફરાર આરોપીને પકડવા પોલીસે વેશ ધારણ કર્યો

• સુરત

સુરતની વરાછા પોલીસે 18 વર્ષ જૂના હત્યાના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી પોલીસને થાપ આપી રહેલા એક રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. માત્ર 50 રૂપિયાની ઉઘરાણી જેવી નજીવી બાબતે યુવકની હત્યા કરી નાસી છૂટેલો આરોપી રાજેશ રાય આખરે કાયદાના સકંજામાં આવ્યો છે. આરોપીને પકડવા માટે સુરત પોલીસની ટીમે ઝારખંડના જંગલોમાં સાત દિવસ સુધી આદિવાસીનો વેશ ધારણ કરીને ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડ્યું હતું. 2008માં સુરતના વરાછા વિસ્તારમાં લોહીયાળ ખેલ ખેલાયો હતો. 40 વર્ષીય આરોપી રાજેશ ઉર્ફે રાકેશ રોશન (રહે. ઝારખંડ)એ બબલુ નામના યુવક પાસે 50 રૂપિયાની ઉઘરાણી કરી હતી. આ નજીવી રકમ બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આરોપીએ બબલુની નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યા બાદ આરોપી ધરપકડના ડરથી સુરત છોડીને ભાગી ગયો હતો. વરાછા પોલીસ સ્ટેશનના પી.આઈ. અને તેમની ટીમે પેન્ડિંગ ગુનાઓના નિકાલ માટે તપાસ તેજ કરી હતી. સી.આર.પી.સી. કલમ 70 મુજબના વોરંટના આધારે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસને જાણવા મળ્યું કે આરોપી ઝારખંડના દુમકા જિલ્લાના જંગલ વિસ્તારમાં છુપાયેલો છે. આરોપી અત્યંત ચતુર હોવાથી પોલીસની ઓળખ છુપાવવી જરૂરી હતી. વરાછા પોલીસની ટીમે ઝારખંડના દુમકાના જંગલોમાં 7 દિવસ સુધી આદિવાસીનો વેશ ધારણ કર્યો હતો.આરોપી પોલીસથી બચવા વારંવાર પોતાની જગ્યા બદલતો હતો, પરંતુ સતત વોચ રાખ્યા બાદ અંતે 19 માર્ચ, 2026ના રોજ પોલીસે તેને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. આરોપી 18 વર્ષથી પોતાની ઓળખ છુપાવી અલગ-અલગ રાજ્યોમાં મજૂરી કામ કરતો હતો. તે વતન ઝારખંડના જંગલ વિસ્તારમાં હોવાની ચોક્કસ બાતમી મળતા અમારી ટીમે ત્યાં રહીને સ્થાનિકો જેવો વેશ ધારણ કરી તેને ઝડપી પાડ્યો છે.

---

# દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત

• વડોદરા

વડોદરા નજીક હાંડોદ ગામ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરત તરફ જતાં ઠંડા પાણી ભરેલો આઈશર ટ્રક અન્ય ટ્રક પાછળ ધડાકાભેર અથડાયો હતો. એક્સપ્રેસ વે પર સર્જાયેલો આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ટક્કર થતા જ આઈસર ટ્રકનું કેબિન આગળની તરફ નમી ગયું હતું અને ડ્રાઈવરની બોડી લટકતી હાલતમાં જોવા મળી હતી. ડ્રાઈવર કેબિનમાં ફસાઈ જતા ફાયર વિભાગે કેબિન કાપી તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.આ ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં આધુનિક હોલમેટ્રો કટીંગ ટૂલ્સનો ઉપયોગ કરીને કેબિનના પતરાં કાપીને ડ્રાઈવરને બહાર કાઢવામાં આવ્યો હતો. આ કામગીરી કરતા ફાયર વિભાગને દોઢ કલાકની ભારે જહેમત ઉઠાવી હતી પરંતુ ડ્રાઈવરનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું.

આ અકસ્માતની ઘટનામાં મૃતક ડ્રાઈવરની ઓળખ ભરત હરમાનભાઈ પરમાર (ઉ.વ. 46)(રહે. સોખડા ગામ, ઉગમણું ફળીયું, તાલુકો-માતર, જિલ્લો-ખેડા) તરીકે થઈ છે. તેઓ વ્યવસાયે ડ્રાઈવર હતા. કરજણ પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

પાટીદારો હવે માત્ર ભાજપ સાથે, AAP-કોંગ્રેસના સુપડા સાફ થશે

# સુરત મનપા ચૂંટણી પહેલાં અલ્પેશ કથિરીયાનો હુંકાર

• સુરત

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને ખાસ કરીને સુરત મહાનગરપાલિકાની જંગ માટે અત્યારથી જ રાજકીય મોરચાબંધી શરૂ થઈ ગઈ છે.પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) ના પૂર્વ કન્વીનર અને એક સમયે આમ આદમી પાર્ટીના મજબૂત સ્તંભ ગણાતા અલ્પેશ કથિરીયાએ ભાજપના સમર્થનમાં આક્રમક નિવેદન આપીને વિરોધ પક્ષોની ઊંઘ ઉડાડી દીધી છે.

સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં અલ્પેશ કથિરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'આ વખતે પાટીદાર સમાજ કોઈ પણ ભ્રમમાં રહ્યા વગર માત્ર વિકાસની રાજનીતિ કરનાર ભાજપને જ મત આપશે. કોંગ્રેસ કે આમ આદમી




પાર્ટીને પાટીદાર મતોનો એક અંશ પણ મળશે નહીં.' તેમણે દાવો કર્યો હતો કે વિરોધ પક્ષોએ પાટીદારોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો છે, જ્યારે ભાજપ સરકારે સમાજના પ્રશ્નો સાંભળ્યા છે.

ગઈ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ સુરતમાં ૨૭ બેઠકો જીતીને જે ઈતિહાસ રચ્યો હતો, તેના પર કટાક્ષ કરતા અલ્પેશ કથિરીયાએ કહ્યું કે, 'ગઈ વખતની સ્થિતિ અલગ હતી, પરંતુ હવે જનતા સત્ય સમજી ગઈ છે. આગામી ચૂંટણીમાં સુરત મહાનગરપાલિકામાં વિરોધ પક્ષને એક પણ બેઠક નહીં મળે અને ભાજપ ક્લીન સ્વીપ કરશે.'

અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવીયા જેવા પાટીદાર ચહેરાઓ જ્યારે 'આપ' માં હતા, ત્યારે સુરતના પાટીદાર પ્રભુત્વ ધરાવતા વિસ્તારો (વરાછા, કતારગામ) માં 'આપ' નો દબદબો હતો. પરંતુ ૨૦૨૪ માં તેમના ભાજપમાં જોડાવાથી અને હવે આ પ્રકારના હુંકારથી 'આપ' ના ગઢમાં ગાબડું પડવાની પૂરી શક્યતા છે.

મુખ્ય મુદ્દાઓ જે અલ્પેશ કથિરીયાએ હાઈલાઈટ કર્યા:

* નૈતિક વિજય: પાટીદારો પરના કેસો પરત ખેંચાતા સમાજમાં ભાજપ પ્રત્યે સકારાત્મક વલણ.
* વિકાસવાદ: સુરતના વિકાસ માટે ભાજપનું શાસન અનિવાર્ય હોવાનો તર્ક.
* વિરોધ પક્ષની નિષ્ફળતા: વિપક્ષ પાસે કોઈ નક્કર વિઝન ન હોવાનો આક્ષેપ.


---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPLમાં જે સારું રમશે તેને BCCI દ્વારા વર્લ્ડ કપમાં સિલેક્ટ કરશે

## 2027ના ODI ટુર્નામેન્ટ માટે 20 ભારતીય ખેલાડીઓ શોર્ટલિસ્ટ



આ ભારતીય ટીમની સિલેક્શન પેનલ છે. તસવીરમાં ડાબેથી બીજા નંબરે T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને વચ્ચે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયા જોવા મળી રહ્યા છે. આ ફોટો T20 વર્લ્ડ કપ 2026 માટે ટીમ પસંદગીની બેઠક દરમિયાનનો છે. 28 માર્ચથી શરૂ થઈ રહેલી IPL ભારતીય ખેલાડીઓ માટે ખાસ રહેવાની છે. T20 ફોર્મેટમાં રમાનારી આ લીગથી ટીમ ઈન્ડિયાની વન-ડે વર્લ્ડ કપ 2027ની ટીમ નક્કી થશે. ન્યૂઝ એજન્સી PTIએ BCCI સૂત્રના હવાલેથી આ માહિતી આપી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની સિલેક્શન કમિટીએ 20 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે, જેમના પ્રદર્શન પર આ IPL દરમિયાન ખાસ નજર રાખવામાં આવશે. અજીત અગરકરની આગેવાની હેઠળની સમિતિનું ફોકસ આ ખેલાડીઓની ફોર્મ અને ફિટનેસ પર રહેશે. એટલું જ નહીં, પંજાબના મુલ્લાનપુરમાં 6 થી 10 જૂન સુધી અફઘાનિસ્તાન સામે રમાનારી ટેસ્ટ મેચમાં પણ ટીમ ઈન્ડિયા પોતાની ફુલ-સ્ટ્રેન્થ સાથે ઉતરશે. તમામ સિનિયર ખેલાડીઓ તેમાં રમશે. BCCIએ સિલેક્ટર્સને મેચ જોવાની જવાબદારી વહેંચી દીધી છે. દરેક પસંદગીકાર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક IPL મેચ સ્ટેડિયમમાં જઈને જોશે, જેથી દર અઠવાડિયે શોર્ટલિસ્ટ થયેલા ખેલાડીઓની પાંચ મેચની ગ્રાઉન્ડ રિપોર્ટ તૈયાર થઈ શકે. આ ઉપરાંત બાકીની મેચને ટીવીથી ટ્રેક કરશે. આ વખતે પસંદગીકારો નવા ઉભરતા ખેલાડીઓ કરતાં પહેલાથી નક્કી કરાયેલા વન-ડે કોર ગ્રુપના ખેલાડીઓ પર જ ધ્યાન આપશે.

પસંદગીકારોની જવાબદારી નક્કી કરી દેવામાં આવી છે. ચીફ સિલેક્ટર અજીત અગરકર મુંબઈમાં રહેશે, જ્યારે એસ.એસ. દાસ કોલકાતાથી મેચ જોશે. જ્યારે આર.પી. સિંહ અને અજય રાત્રા NCR ક્ષેત્રમાં હાજર રહેશે, જ્યારે પ્રજ્ઞાન ઓઝા બેંગલુરુ અને હૈદરાબાદમાં મેચ પર નજર રાખશે.અફઘાનિસ્તાન સામેની ટેસ્ટમાં ભારત પોતાની ફુલ-સ્ટ્રેન્થ ટીમ ઉતારશે. જોકે, આ મેચમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ્સ નહીં મળે, તેમ છતાં ટીમ મેનેજમેન્ટ તેને હળવાશથી લઈ રહ્યું નથી.

ઑગસ્ટથી માર્ચ વચ્ચે ભારતને 9 ટેસ્ટ રમવાની છે, તેથી તમામ રેડ-બોલ ખેલાડીઓ આ મુકાબલામાં ઉપલબ્ધ રહેશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે બુમરાહ અને સિરાજ, જો IPL દરમિયાન ફિટ રહે છે, તો અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ સ્ક્વોડનો ભાગ હશે.

PSL

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ પ્રાદેશિક તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે

# PSLમાં બાંગ્લાદેશી ખેલાડીઓના રમવા પર સસ્પેન્સ:BCBએ કહ્યું-સરકારની મંજૂરી મળ્યા પછી જ ખેલાડીઓ પાકિસ્તાન જશે

## પાકિસ્તાન સુપર લીગ (PSL)માં બાંગ્લાદેશી ખેલાડીઓની ભાગીદારી હવે સરકારની મંજૂરી પર નિર્ભર રહેશે




પાકિસ્તાન સુપર લીગ (PSL) માં બાંગ્લાદેશી ખેલાડીઓની ભાગીદારી હવે સરકારની મંજૂરી પર નિર્ભર રહેશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ પ્રાદેશિક તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. પહેલા બોર્ડે 6 ખેલાડીઓને NOC આપ્યું હતું. જેમાં મુસ્તફિઝુર રહેમાન, પરવેઝ હુસૈન એમોન (લાહોર કલંદર્સ), શોરીફુલ ઈસ્લામ, નાહિદ રાણા, તંઝીદ હસન તમીમ અને રિશાદ હુસૈન (પેશાવર ઝાલ્મી)નો સમાવેશ થાય છે. PSL 26 માર્ચથી 3 મે સુધી રમાવાની છે, પરંતુ હવે ખેલાડીઓના પાકિસ્તાન જતા પહેલા સરકાર પાસેથી પરવાનગી લેવામાં આવશે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના ક્રિકેટ ઓપરેશન્સ ચેરમેન નઝમુલ આબેદીને કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ સામાન્ય નથી. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સરહદ પર વધતા તણાવને કારણે ખેલાડીઓની સુરક્ષાને લઈને જોખમ છે.

તેમણે જણાવ્યું, 'સામાન્ય રીતે અમને સરકારને પૂછવાની જરૂર પડતી નથી. અમે NOC આપીએ છીએ, ખેલાડીઓ જઈને રમે છે અને પાછા આવી જાય છે. પરંતુ અત્યારે પરિસ્થિતિ અલગ છે, તેથી અમે સરકાર સાથે ચર્ચા કરીશું.'

નઝમુલ આબેદીને વધુમાં જણાવ્યું હતું કે બોર્ડ માટે ત્યાંની જમીની હકીકત સમજવી શક્ય નથી. આ કામ સરકારનું છે. તેમણે કહ્યું, 'સરકારને ત્યાંની સુરક્ષા સ્થિતિ વિશે વધુ સારી જાણકારી હશે. જો સરકાર અમને લીલી ઝંડી આપે અને કહે કે મુસાફરી કરવી સુરક્ષિત છે, તો જ ખેલાડીઓ ત્યાં જશે. સૈદ્ધાંતિક રીતે અમે એનઓસી આપવાનો નિર્ણય કર્યો છે, પરંતુ બધું તે સમયની પરિસ્થિતિઓ પર નિર્ભર રહેશે.'

બાંગ્લાદેશે પાકિસ્તાનને ઘરઆંગણે ત્રણ વન-ડે મેચની સિરીઝમાં 2-1 થી હરાવ્યું. બાંગ્લાદેશે પાકિસ્તાનને ઘરઆંગણે ત્રણ વન-ડે મેચની સિરીઝમાં 2-1 થી હરાવ્યું. ન્યૂઝીલેન્ડ સિરીઝ માટે ખેલાડીઓ કેમ્પ ચૂકી જશે

જો સરકાર તરફથી મંજૂરી મળી જાય છે, તો PSL રમતા 6 ખેલાડીઓ ન્યૂઝીલેન્ડ સામેની હોમ સિરીઝના તૈયારી કેમ્પમાં ભાગ લઈ શકશે નહીં. ન્યૂઝીલેન્ડની ટીમ 13 એપ્રિલે બાંગ્લાદેશના પ્રવાસે આવી રહી છે, જ્યાં તેને 3 વન-ડે અને 3 T20 મેચ રમવાની છે. વન-ડે સિરીઝ 17 એપ્રિલથી શરૂ થશે, જ્યારે T20 સિરીઝ 27 એપ્રિલથી 2 મે વચ્ચે રમાશે.

BCBએ ખેલાડીઓને આંશિક NOC જારી કર્યું છે જેથી તેઓ ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ માટે ઉપલબ્ધ રહે. બાંગ્લાદેશ હાલમાં ICC વન-ડે રેન્કિંગમાં નવમા સ્થાને છે અને આવતા વર્ષે યોજાનાર વન-ડે વર્લ્ડ કપ માટે સીધા ક્વોલિફાય કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનને 2-1 થી હરાવ્યા પછી બાંગ્લાદેશની નજર હવે ન્યૂઝીલેન્ડ સામે જીત નોંધાવીને પોતાની રેન્કિંગ સુધારવા પર છે.

20 વર્ષથી વધુની રહી કોમેન્ટ્રી કારકિર્દી

# કોમેન્ટેટર શિવરામકૃષ્ણને રંગભેદના આરોપો લગાવ્યા, BCCI પેનલ છોડી


## માખણ લગાવી શકતો નથી; વોર્નની સ્પિનનો સામનો કરવા માટે સચિનને પ્રેક્ટિસ કરાવી હતી

• નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર અને દિગ્ગજ કોમેન્ટેટર લક્ષ્મણ શિવરામકૃષ્ણને BCCIની કોમેન્ટ્રી પેનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે 23 વર્ષની કારકિર્દીમાં તેમને ટૉસ અને પ્રેઝન્ટેશન જેવા મહત્વના પ્રસંગો માટે ઉપયોગમાં લેવામાં આવ્યા ન હતા, જેનાથી તેઓ નિરાશ હતા.શિવરામકૃષ્ણને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને પોતાના નિર્ણયની જાણકારી આપી. તેમણે લખ્યું- 'હું BCCI માટે કોમેન્ટ્રીમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.' પૂર્વ લેગ સ્પિનરે લખ્યું કે નવા કોમેન્ટેટરોને તકો મળતી રહી, જ્યારે તેમને લાંબા સમય સુધી અવગણવામાં આવ્યા.

શિવરામકૃષ્ણને એમ પણ કહ્યું કે તેમની નિવૃત્તિ પાછળ ટીવી પ્રોડક્શન સાથે જોડાયેલી એક મોટી કહાની છે, જે ટૂંક સમયમાં સામે આવશે. એક યુઝરે રંગભેદનો મુદ્દો ઉઠાવવા પર તેમણે તેને યોગ્ય ઠેરવ્યો, જેનાથી વિવાદ વધુ ઘેરો બન્યો છે.

શિવરામકૃષ્ણને કહ્યું, 'છેલ્લા 23 વર્ષથી મને ટૉસ અને પ્રેઝન્ટેશન સેરેમની માટે મોકલ્યો નથી. જ્યારે નવા લોકોને પીચ રિપોર્ટ, ટૉસ અને પ્રેઝન્ટેશન સેરેમની માટે મોકલવામાં આવતા રહ્યા છે. મને તે સમયે પણ મોકલવામાં આવ્યો ન હતો જ્યારે રવિ શાસ્ત્રી કોચિંગ કરી રહ્યા હતા, તો તેનો અર્થ શું હોઈ શકે છે.' તેમણે કહ્યું, 'BCCIના અધિકારો ધરાવતી કંપનીની શું હાલત થાય છે તેનો અંદાજ કોઈ પણ લગાવી



શકે છે. મારું નિવૃત્ત થવું કોઈ મોટી વાત નથી પરંતુ ટીવી પ્રોડક્શનની એક નવી વાર્તા સામે આવી રહી છે. જલ્દી જ તમારી સામે આખી તસવીર સ્પષ્ટ થઈ જશે.'

જ્યારે એક યુઝરે પૂછ્યું કે શું તેમની ત્વચાનો રંગ કોઈ મુદ્દો છે, તો શિવરામકૃષ્ણને જવાબ આપ્યો, 'તમે સાચા છો. રંગભેદ.' શિવરામકૃષ્ણન બે દાયકાથી વધુ સમય સુધી કોમેન્ટ્રી બોક્સની અંદર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે જાણીતા રહ્યા છે. શિવરામકૃષ્ણન 2000થી કોમેન્ટ્રી કરી રહ્યા હતા અને પોતાના સ્પષ્ટ મંતવ્યો માટે જાણીતા હતા. તેઓ ICC ક્રિકેટ કમિટીમાં ખેલાડી પ્રતિનિધિ પણ રહી ચૂક્યા છે. 2 પોઈન્ટ્સમાં ક્રિકેટ કારકિર્દી1983 થી 1986 સુધી ભારતીય ટીમ માટે 9 ટેસ્ટ અને 16 વન-ડે રમ્યા. 1984માં ઈંગ્લેન્ડ સામેની મેચમાં 12 વિકેટ લઈને ચર્ચામાં આવ્યા. 1985માં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહત્વની ભૂમિકા ભજવી. ફાઈનલમાં પાકિસ્તાન સામે બોલિંગથી ટીમને જીત અપાવવામાં યોગદાન.1980ના દાયકાની શરૂઆતમાં 17 વર્ષની ઉંમરે પોતાની દમદાર લેગ-સ્પિન બોલ, ગૂગલી અને ટોપ સ્પિનથી હલચલ મચાવી દીધી હતી. તેઓ 1985માં ઓસ્ટ્રેલિયામાં આયોજિત ક્રિકેટ વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતનારી ભારતીય વન-ડે ટીમનો ભાગ હતા.

1997-98માં જયારે ઓસ્ટ્રેલિયન ટીમ ઈન્ડિયા ટૂર પર આવી હતી. ત્યારે સચિન તેંડુલકરે શેન વોર્નની ચેલેન્જને પહોંચી વળવા માટે શિવરામકૃષ્ણનને બોલાવ્યા. શિવરામકૃષ્ણન ભલે તેમનો ક્રિકેટ કરિયર લાંબો ન ચાલ્યો હોય પરંતુ તે પછી તેમણે કોમેન્ટેટર તરીકે પોતાની અલગ ઓળખ બનાવી.

# ન્યૂઝીલેન્ડે સાઉથ આફ્રિકાને 8 વિકેટે હરાવ્યું 5 T20ની સિરીઝમાં 2-1 થી લીડ મેળવી

• ઓકલેન્ડ

\ન્યૂઝીલેન્ડે સાઉથ આફ્રિકા સામે T20 સિરીઝની ત્રીજી મેચ 8 વિકેટે જીતી લીધી છે. આ સાથે ટીમે 5 મેચની સિરીઝમાં 2-1ની લીડ પણ મેળવી લીધી છે. ચોથી મેચ 22 માર્ચે વેલિંગ્ટનમાં રમાશે.ઓકલેન્ડના ઈડન પાર્ક સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની ટીમે 20 ઓવરમાં 9 વિકેટે 136 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે 16.2 ઓવરમાં બે વિકેટે 137 રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો. ટોમ લાથમ 63 રન બનાવીને અણનમ રહ્યા. જ્યારે, લોકી ફર્ગ્યુસને પોતાની 4 ઓવરમાં 9 રન આપીને એક વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો. ટૉસ હારીને બેટિંગ કરી રહેલા સાઉથ આફ્રિકાની શરૂઆત ખરાબ રહી. ટીમે પાવરપ્લેની 6 ઓવરમાં 41 રન બનાવવામાં ટોપ-3 બેટર્સની વિકેટ ગુમાવી દીધી હતી. ટોની ડી જ્યોર્જી 15, વિયાન મુલ્ડર ઝીરો અને કોનર એસ્ટરહુઈઝને 15 રન બનાવ્યા.

શરૂઆતની 6 ઓવરમાં ખરાબ શરૂઆત બાદ સાઉથ આફ્રિકાની ટીમ નિયમિત અંતરાલમાં વિકેટ ગુમાવતી રહી. ટીમનો કોઈ પણ બેટર ફિફ્ટી લગાવી શક્યો નહીં. એટલું જ નહીં,




એક પણ બેટર 30 રનનો આંકડો પાર કરી શક્યો નહીં. આફ્રિકા તરફથી 10મા નંબરના બેટર નકોબાની મોકોએનાએ સૌથી વધુ 26 રન બનાવ્યા. કાઈલ જેમિસન, મિચેલ સેન્ટનર અને બેન સીયર્સે 2-2 વિકેટ ઝડપી. લોકી ફર્ગ્યુસન, કોલ મેકોન્ચી અને જિમી નીશમને એક-એક વિકેટ મળી. 137 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ન્યૂઝીલેન્ડના ઓપનર્સે ટીમને મજબૂત શરૂઆત અપાવી. ડેવોન કોનવે અને ટોમ લાથમની જોડીએ પ્રથમ વિકેટ માટે 66 બોલમાં 96 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. અહીં કોનવે 39 રન બનાવીને આઉટ થયો. તેને કેશવ મહારાજે કેચ આઉટ કરાવ્યો. કોન્વે આઉટ થયા બાદ ટોમ લાથમે ટિમ રોબિન્સન (17 રન) સાથે ઈનિંગ્સને આગળ વધારી. પરંતુ રોબિન્સનને 17મી ઓવરના પહેલા બોલ પર લુથો સિપામલાએ LBW આઉટ કર્યો. જોકે, ત્યારે ટીમે સ્કોર લેવલ કરી લીધો હતો. સિપામલાના બીજા બોલ પર નિક કેલીએ એક રન લીધો અને ટીમને 8 વિકેટે જીત અપાવી. ટોમ લેથમ 55 બોલમાં 63 રન બનાવીને અણનમ પરત ફર્યો.

# સનરાઈઝર્સ હૈદરાબાદના ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ IPL 2026માંથી બહાર

## પગની ઈજાને કારણે રમી શકશે નહી; 28 માર્ચે પ્રથમ મેચ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની શરૂઆત પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ઓસ્ટ્રેલિયાના ઉભરતા સીમ-બોલિંગ ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પગની ઈજાને કારણે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. 25 વર્ષીય એડવર્ડ્સને હૈદરાબાદે ગત ઓક્શનમાં 3 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.આ સીઝનમાં એડવર્ડ્સ પોતાનું IPL ડેબ્યૂ કરવાનો હતો. પરંતુ હવે તેને આ માટે આવતા વર્ષ સુધી રાહ જોવી પડશે. તે 2025ના ઓક્શનમાં ખરીદાયેલો એકમાત્ર અનકેપ્ડ (જેણે આંતરરાષ્ટ્રીય મેચ ન રમી હોય) વિદેશી ખેલાડી હતો. જોકે, ઓક્શન પછી તેણે ઓસ્ટ્રેલિયા માટે પોતાનું આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ કરી લીધું હતું.જેક એડવર્ડ્સે બિગ બેશ લીગ (BBL) 2025-26ની સીઝનમાં સિડની સિક્સર્સ માટે જબરદસ્ત રમત બતાવી હતી. તેણે 13 મેચમાં 19 વિકેટ ઝડપી હતી અને 133 રન બનાવ્યા હતા. આ જ પ્રદર્શનના આધારે તેને IPL ઓક્શનમાં મોટી રકમ મળી હતી. BBL ફાઈનલના ચાર દિવસ પછી જ તેણે પર્થમાં પાકિસ્તાન સામે પોતાની T-20 ઈન્ટરનેશનલ ડેબ્યૂ કરી હતી. જોકે, તે મેચ તેના માટે ખાસ રહી ન હતી અને તેણે 2 ઓવરમાં 25 રન આપ્યા હતા અને બેટથી માત્ર 5 રન બનાવી શક્યો હતો. કમિન્સની ગેરહાજરીમાં ઈશાન કિશન સંભાળશે કમાનએડવર્ડ્સનું બહાર થવું હૈદરાબાદ માટે બેવડી મુસીબત જેવું છે. ટીમનો નિયમિત કેપ્ટન પેટ કમિન્સ પણ શરૂઆતી મેચમાં ઉપલબ્ધ રહેશે નહીં. કમિન્સ પોતાની કમરની ઈજામાંથી સાજો થઈ રહ્યા છે. તેની ગેરહાજરીમાં ટીમ મેનેજમેન્ટે ભારતીય વિકેટકીપર બેટર ઈશાન કિશનને કપ્તાની સોંપી છે. ઈશાન કિશન આ સીઝનમાં હૈદરાબાદની કમાન સંભાળતા જોવા મળશે. સનરાઈઝર્સ હૈદરાબાદ પોતાના અભિયાનની શરૂઆત 28 માર્ચે કરશે. સીઝનની પહેલી જ મેચમાં તેમનો સામનો ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે થશે.

## ભારત 2028માં વર્લ્ડ ઇન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની કરશે:એશિયાનો ચોથો દેશ બનશે, ભુવનેશ્વરમાં આયોજન થશે


કલિંગા ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ 2028 વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપની યજમાની કરશે. આ દક્ષિણ એશિયાનું સૌથી મોટું ઈન્ડોર એથ્લેટિક્સ સ્ટેડિયમ છે. ભારતને 2028 વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની મળી છે. ભુવનેશ્વર આ ટુર્નામેન્ટનું યજમાન શહેર હશે. આ પહેલીવાર હશે જ્યારે આ આયોજન ભારતમાં કરવામાં આવશે. ભારતની યજમાનીવાળી બોલીને વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલે પોલેન્ડના ટોરુનમાં યોજાયેલી બેઠકમાં મંજૂરી આપી. આ પહેલા જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. જાન્યુઆરીમાં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. ભારતને પ્રથમ વખત યજમાની મળીભારત આ ચેમ્પિયનશિપની યજમાની કરનાર એશિયાનો ચોથો દેશ બનશે. આ પહેલા જાપાન, કતાર અને ચીન આ ટુર્નામેન્ટની યજમાની કરી ચૂક્યા છે. આ ટુર્નામેન્ટ દર બે વર્ષે યોજાય છે અને તેની શરૂઆત 1985માં પેરિસથી થઈ હતી. 2028માં યોજાનારું આ તેનું 22મું સંસ્કરણ હશે.2026નું સંસ્કરણ ટોરુન (પોલેન્ડ)માં શરૂ થવા જઈ રહ્યું છે, પરંતુ તેમાં કોઈ ભારતીય ખેલાડી ભાગ લેશે નહીં. ભારત અત્યાર સુધી આ સ્પર્ધામાં એક પણ મેડલ જીતી શક્યું નથી, જ્યારે અમેરિકા 270 મેડલ સાથે સૌથી સફળ દેશ છે.

6 કેપ્ટન પહેલી ટ્રોફી જીતવાની દોડમાં

# IPLમાં પહેલીવાર બધી 10 ટીમના કેપ્ટન ભારતીય છે:કમિન્સ બહાર તો ઈશાને કમાન સંભાળી

IPLના 19 વર્ષના ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે જ્યારે તમામ 10 ટીમના કેપ્ટન ભારતીય હશે. સનરાઈઝર્સ હૈદરાબાદના નિયમિત કેપ્ટન પેટ કમિન્સ શરૂઆતી મેચમાંથી બહાર થયા બાદ ફ્રેન્ચાઈઝીએ તેની જગ્યાએ ઈશાન કિશનને આગેવાની સોંપી છે. આ સાથે જ ટુર્નામેન્ટની શરૂઆતી મેચમાં તમામ ટીમની કમાન ભારતીય ખેલાડીઓના હાથમાં હશે. ગત સીઝનમાં પણ હૈદરાબાદના પેટ કમિન્સ સિવાય બાકીની તમામ ટીમના કેપ્ટન ભારતીય જ હતા.

ઈશાન કિશન પહેલીવાર IPLમાં કેપ્ટનશીપ કરતા જોવા મળશે. હાલના 10 કેપ્ટનોમાંથી 6 એવા છે, જે પોતાની પહેલી ટ્રોફીની શોધમાં છે.આમાં ઋતુરાજ




ગાયકવાડ, રિયાન પરાગ, શુભમન ગિલ, અજિંક્ય રહાણે, ઈશાન કિશન અને રિષભ પંતનો સમાવેશ થાય છે.જ્યારે, બાકીના 4 કેપ્ટન પહેલાથી જ ટાઈટલ જીતી ચૂક્યા છે. શ્રેયસ અય્યરે 2024માં કોલકાતા નાઈટ રાઈડર્સને ચેમ્પિયન બનાવ્યું હતું. તો રજત પાટીદારે 2025માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ખિતાબ અપાવ્યો હતો, જ્યારે હાર્દિક પંડ્યાએ 2022માં ગુજરાત ટાઈટન્સને ટ્રોફી અપાવી હતી.શ્રેયસ અય્યર IPL ઈતિહાસનો એકમાત્ર કેપ્ટન છે, જેણે ત્રણ અલગ-અલગ ફ્રેન્ચાઈઝીઓને ફાઈનલ સુધી પહોંચાડી છે. તેણે 2020માં દિલ્હી કેપિટલ્સને ફાઈનલ સુધી પહોંચાડી હતી, જ્યાં ટીમને મુંબઈ ઈન્ડિયન્સ સામે હાર મળી હતી. ત્યારબાદ 2024માં તેણે KKRને ચેમ્પિયન બનાવ્યું અને 2025માં પંજાબ કિંગ્સને ફાઈનલ સુધી પહોંચાડી, જ્યાં ટીમ RCB સામે હારી ગઈ.IPL ઈતિહાસમાં સૌથી સફળ કેપ્ટનોની વાત કરીએ તો મહેન્દ્ર સિંહ ધોની (CSK) અને રોહિત શર્મા (MI) ટોચ પર છે. બંનેએ પોતપોતાની ટીમને 5-5 વખત ચેમ્પિયન બનાવી છે. ધોનીના નામે સૌથી વધુ મેચ (229) અને જીત (134) નોંધાયેલી છે, જ્યારે રોહિતે મુંબઈ ઈન્ડિયન્સને પાંચ ખિતાબ અપાવ્યા છે.

### શાહરુખની 'જવાન'નો રેકોર્ડ તોડ્યો; પેડ પ્રીવ્યૂ સહિત કુલ 144 કરોડ કમાયા

# 'ધુરંધર 2'ની પહેલા જ દિવસે 102 કરોડની કમાણી:હિન્દી ફિલ્મ જગતની પહેલી મૂવી બની

## 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં રણવીર સિંહના બે અવતાર, હમઝા અલી મઝારી અને જસકીરત સિંહ રાંગી જોવા મળશે

રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' એ રિલીઝ થતાં જ પહેલા દિવસે શાહરુખ ખાનની 'જવાન'નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ફિલ્મ પહેલા દિવસે જ સૌથી 100 કરોડ ક્લબમાં સામેલ થનારી પહેલી ફિલ્મ બની ગઈ છે. ટ્રેડ એનાલિસ્ટ્સ અનુસાર, ફિલ્મે પહેલા દિવસે 102.55 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. આ પહેલા 2023માં આવેલી 'જવાન' એ પહેલા દિવસે 75 કરોડ રૂપિયા કમાયા હતા. 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં રણવીર સિંહના બે અવતાર, હમઝા અલી મઝારી અને જસકીરત સિંહ રાંગી જોવા મળશે. 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં રણવીર સિંહના બે અવતાર, હમઝા અલી મઝારી અને જસકીરત સિંહ રાંગી જોવા મળશે. પેઈડ પ્રિવ્યૂ અને ઓપનિંગ ડે મળી 144 કરોડની કમાણી કરી બોક્સ ઓફિસ કલેક્શનના આંકડા દર્શાવતી વેબસાઈટ સેકલ્નિકના રિપોર્ટ મુજબ 'ધુરંધર 2'એ 102.55 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. બોક્સ ઓફિસ કલેક્શનના આંકડા દર્શાવતી વેબસાઈટ સેકલ્નિકના રિપોર્ટ મુજબ 'ધુરંધર 2'એ 102.55 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. 'ધુરંધર 2' એ પેઈડ પ્રિવ્યૂમાં ભારતમાં 43 કરોડ રૂપિયાનો કારોબાર કર્યો હતો. પેઈડ પ્રિવ્યૂ અને ઓપનિંગ ડેને ભેગા કરીને ફિલ્મની કુલ કમાણી 144 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ. ટ્રેડ પોર્ટલ સેકનિલ્ક અનુસાર, પહેલા વીકએન્ડ માટે 200 કરોડ રૂપિયાની એડવાન્સ બુકિંગ નોંધવામાં આવી છે.

સામાન્ય રીતે 40-50% સીટો એડવાન્સ બુક થાય છે. આવા સંજોગોમાં અનુમાન છે કે ગુરુવારથી રવિવાર સુધી ફિલ્મનો બિઝનેસ 500 કરોડ રૂપિયાને પાર જઈ શકે છે. 'ધુરંધરઃ ધ રિવેન્જ' તેના પહેલા ભાગ કરતા પણ વધારે લોહિયાળ અને એક્શનથી ભરેલી છે. 'ધુરંધરઃ ધ રિવેન્જ' તેના પહેલા ભાગ કરતા પણ વધારે લોહિયાળ અને એક્શનથી ભરેલી છે. ફિલ્મ 3 કલાક 49 મિનિટ લાંબી છે

'ધુરંધરઃ ધ રિવેન્જ'ની અવધિ 3 કલાક 49 મિનિટ છે, જે તેને 21મી સદીની બીજી સૌથી લાંબી બોલિવૂડ ફિલ્મ બનાવે છે. આ પહેલા 2003માં આવેલી જેપી દત્તાની 'એલઓસી કારગિલ' 4 કલાક 15 મિનિટ સાથે સૌથી લાંબી ફિલ્મ છે. ફિલ્મનું ઈન્ટરનેશનલ વર્ઝન 3 કલાક 55 મિનિટનું છે. નોંધનીય છે કે, ધુરંધર 2માં રણવીર સિંહ, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર માધવન છે. ફિલ્મને આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. આ ઉપરાંત




જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના પ્રોડ્યુસર છે. ફિલ્મને જિયો સ્ટુડિયોઝે પ્રેઝન્ટ કરી છે અને તે B62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે.ફિલ્મમાં અર્જુન રામપાલ, આર. માધવન પણ મહત્ત્વની ભૂમિકામાં છે.

ફિલ્મમાં અર્જુન રામપાલ, આર. માધવન પણ મહત્ત્વની ભૂમિકામાં છે. 'ધુરંધર'ને શાનદાર રિસ્પોન્સ મળ્યો હતો. જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ છે.'ધુરંધરઃ ધ રિવેન્જ':કિલિંગ મશીન હમઝાનો કરાચીમાં કહેર, નોટબંધી-રાજકીય કડીઓ સાથે જોડાયેલી સ્ટોરીરણવીર સિંહની ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' પહેલા ભાગની બ્લોકબસ્ટર સફળતા પછી મોટા પાયે પાછી ફરી છે. આ વખતે ફિલ્મ માત્ર ગેંગવોર કે બદલાની વાર્તા નથી રહેતી, પરંતુ નોટબંધીથી લઈને દેશની ઘણી મોટી ઘટનાઓને જોડતી એક મોટી કથા રજૂ કરે છે. આશાઓ જેટલી ઊંચી હતી, ફિલ્મ ઘણી જગ્યાએ તેમને પૂરી કરે છે, તો કેટલીક જગ્યાએ થોડી ચૂકી પણ જાય છેનોંધનીય છે કે, ફિલ્મ 'ધુરંધર'ના પહેલા ભાગે ભારતમાં તેમજ આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે દુનિયાભરમાં લગભગ 1,303 કરોડની કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 836.95 કરોડ થયું. આ સાથે જ તે ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી સિંગલ-લેંગ્વેજ ફિલ્મ બની ગઈ.'ધુરંધરઃ ધ રિવેન્જ'માં એસપી અસલમ ચૌધરી તરીકે સંજય દત્તનો વધુ ખતરનાક અવતાર જોવા મળ્યો છે.'ધુરંધરઃ ધ રિવેન્જ'માં એસપી અસલમ ચૌધરી તરીકે સંજય દત્તનો વધુ ખતરનાક અવતાર જોવા મળ્યો છે. વિદેશી બજારોમાં પણ ફિલ્મ 'ધુરંધર'ને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો. રસપ્રદ વાત એ છે કે આ મોટી સફળતા ફિલ્મને ત્યારે મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ છે.'ધુરંધરઃ ધ રિવેન્જ':કિલિંગ મશીન હમઝાનો કરાચીમાં કહેર, નોટબંધી-રાજકીય કડીઓ સાથે જોડાયેલી સ્ટોરીરણવીર સિંહની ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' પહેલા ભાગની બ્લોકબસ્ટર સફળતા પછી મોટા પાયે પાછી ફરી છે. આ વખતે ફિલ્મ માત્ર ગેંગવોર કે બદલાની વાર્તા નથી રહેતી, પરંતુ નોટબંધીથી લઈને દેશની ઘણી મોટી ઘટનાઓને જોડતી એક મોટી કથા રજૂ કરે છે. આશાઓ જેટલી ઊંચી હતી, ફિલ્મ ઘણી જગ્યાએ તેમને પૂરી કરે છે, તો કેટલીક જગ્યાએ થોડી ચૂકી પણ જાય છે

### 'સારા અલી ખાન સંસ્કારોથી હિંદુ છે'

# કેદારનાથ દર્શન વિવાદમાં BKTCના પૂર્વાધ્યક્ષ- બજરંગ દળનું એક્ટ્રેસને સમર્થન, કહ્યું- 'કપાળનું ત્રિપુંડ આસ્થાનું સાક્ષી છે'

સારા અલી ખાનના કેદારનાથ ધામમાં પ્રવેશને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે બજરંગ દળ, કેદારઘાટી અને શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) ના પૂર્વ અધ્યક્ષ અજેન્દ્ર અજય એક્ટ્રેસના સમર્થનમાં સામે આવ્યા છે. બજરંગ દળના પ્રદેશ મિલન પ્રમુખ વિકાસ વર્માએ કહ્યું કે, 'જો કોઈના મનમાં ભગવાન પ્રત્યે સાચી શ્રદ્ધા હોય, તો તેનું સન્માન થવું જોઈએ.' તેમણે 'વસુધૈવ કુટુંબકમ્' અને 'સર્વે ભવન્તુ સુખિનઃ' નો ઉલ્લેખ કરતા આસ્થાની સ્વતંત્રતા પર ભાર મૂક્યો. BKTC ના પૂર્વ અધ્યક્ષ અજેન્દ્ર અજયે કહ્યું કે, 'સારા અલી ખાન સંસ્કારથી હિંદુ છે અને તેમના કપાળ પરનું ત્રિપુંડ તેમની આસ્થાની સાક્ષી પૂરે છે. જ્યારે સારા દર્શન માટે આવે છે, ત્યારે તેમનું આચરણ અને શ્રદ્ધા સ્પષ્ટ દેખાય છે, આવા સંજોગોમાં તેમાં વાંધો ઉઠાવવા જેવી કોઈ વાત નથી.' ઉલ્લેખનીય છે કે, શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) ના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ બે દિવસ પહેલા કહ્યું હતું કે, 'કેદારનાથ ધામમાં પ્રવેશ માટે સારા અલી ખાનને એફિડેવિટ આપીને જણાવવું પડશે કે તેમની સનાતન ધર્મમાં આસ્થા છે.' ખરેખર, 17 માર્ચે બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં બિન-સનાતનીઓના પ્રવેશને લઈને BKTC એ એક સબ-કમિટીની રચના કરી છે, જે એક વિશેષ SOP તૈયાર કરી રહી છે. આ જ પ્રસ્તાવિત વ્યવસ્થા હેઠળ શ્રદ્ધા સંબંધિત પુરાવાની વાત સામે આવી છે. કેદારઘાટીના સ્થાનિક લોકો પણ સારા અલી ખાનના સમર્થનમાં ખૂલીને સામે આવ્યા છે. સ્થાનિક નિવાસીઓએ નામ ન છાપવાની શરતે કહ્યું કે, 'જો સારા બાબા કેદારના દર્શન માટે આવે છે, તો તેમનું સ્વાગત કરવામાં આવશે. તેમનું કહેવું છે કે, સારા પહેલા પણ ઘણી વખત અહીં આવી ચૂકી છે અને સ્થાનિક લોકોની વચ્ચે બેસીને ભોજન કરવા ઉપરાંત ચા પણ પી ચૂકી છે. સ્થાનિક લોકોએ એ પણ જણાવ્યું કે તાજેતરમાં સારા અલી ખાને ચમોલી સ્થિત ચતુર્થ કેદાર રુદ્રનાથ મંદિરના દર્શન કર્યા હતા, જેનાથી તેમના શિવભક્ત હોવાનો સંકેત મળે છે. આવા સંજોગોમાં તેમને એક શ્રદ્ધાળુ તરીકે જોવા જોઈએ. સારા સંસ્કારથી હિંદુ છે, તેમના કપાળનું ત્રિપુંડ તેમની આસ્થાની સાક્ષી છે. જ્યારે તેઓ દર્શન માટે આવે છે, ત્યારે તેમના કપાળ પર લગાવેલું ત્રિપુંડ તેમની આસ્થાની સાક્ષી આપી રહ્યું હોય છે. જો કોઈ હિંદુ ધાર્મિક પરંપરાઓ અને સનાતન સંસ્કૃતિ પ્રત્યે શ્રદ્ધા રાખે છે, તો તેમાં વાંધા જેવી કોઈ વાત જ નથી.જ્યારે બજરંગ દળના પ્રદેશ મિલન પ્રમુખ વિકાસ વર્માએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'નવી વ્યવસ્થા એવા લોકો માટે છે, જેઓ મંદિરોની આસપાસ સ્થાનિક લોકોનો રોજગાર છીનવી રહ્યા હતા અથવા અશાંતિ ફેલાવી રહ્યા હતા. જે લોકો સારા અલી ખાનની જેમ ભગવાન શિવમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે, તેમના માટે મને નથી લાગતું કે કોઈ રોક હોવી જોઈએ. સારા એક પવિત્ર ભાવનાથી આવે છે. એફિડેવિટ માટે એક પવિત્ર ભાવનાની તપાસ કરવામાં આવે છે, અને સારાની ભાવનાઓ શુદ્ધ છે.' સારા અલી ખાને ચમોલીમાં આવેલા ચતુર્થ કેદાર રુદ્રનાથ ધામના કપાટ બંધ થાય તે પહેલા ઓક્ટોબરમાં દર્શન કર્યાં હતાં. આ દરમિયાન સારા 20 કિલોમીટર ચાલીને મંદિર પહોંચી હતી. સારાએ પોતાની આ યાત્રા ચમોલીના ગોપેશ્વરના ગંગોલ ગામથી શરૂ કરી હતી. ત્યારબાદ એક દિવસ પછી તે લ્વીંટી બુગ્યાલ પહોંચી, જ્યાં રાત્રિ રોકાણ કર્યા પછી તેણે ફરીથી ટ્રેકિંગ શરૂ કર્યું અને પછી રુદ્રનાથ બાબાના મંદિર સુધી પહોંચી ગઈ હતી. આ આખી યાત્રા દરમિયાન સારા ઘણા પથ્થરવાળા અને સાંકડા રસ્તાઓ પરથી પસાર થઈ, વચ્ચે તેને ઘણા સ્થાનિક ગ્રામીણો પણ મળ્યા, જેઓ સારાને જોઈને ખૂબ ખુશ થયા. સારા અલી ખાન ટ્રેકિંગ દરમિયાન ઝૂંપડી જેવા ઢાબા પર રોકાઈને ચા પીધી અને સ્થાનિક લોકો સાથે વાતચીત કરી. તેણે અહીંના ધાર્મિક વિશ્વાસ, લોકજીવન અને પરંપરાગત વાનગીઓ વિશે જાણ્યું. એક્ટ્રેસે પહાડની પ્રાકૃતિક સુંદરતા અને ગ્રામીણ સંસ્કૃતિથી ખૂબ પ્રભાવિત થઈને તેને યાદગાર અનુભવ ગણાવ્યો હતો.સારા અલી ખાનનો કેદારનાથ ધામ સાથે ખાસ સંબંધ રહ્યો છે. 'કેદારનાથ' ફિલ્મ બન્યા પછી તે ઘણી વખત ધામમાં દર્શન કરવા પહોંચી ચૂકી છે અને અત્યાર સુધી કોઈ રોકટોક વિના પૂજા-અર્ચના કરતી રહી છે. જોકે, પ્રસ્તાવિત નવી વ્યવસ્થા લાગુ થયા પછી તેને પણ અન્ય શ્રદ્ધાળુઓની જેમ નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવું પડી શકે છે.સારાનો કેદારનાથ સાથેનો પહેલો આધ્યાત્મિક અને પ્રોફેશનલ સંબંધ વર્ષ 2017માં તેની ડેબ્યુ ફિલ્મ 'કેદારનાથ'ના શૂટિંગ દરમિયાન થયો હતો.



### એક્ટ્રેસે લગાવ્યા ગંભીર આરોપ

# પવન સિંહના અડપલાં પર મહિલા આયોગ સખત:ચેરપર્સને કહ્યું- અંજલી અને ભોજપુરી સ્ટારને રૂબરૂ બોલાવશે

એક્ટ્રેસ અંજલિ રાઘવની સ્ટેજ પર ભોજપુરી સિંગર-એક્ટર પવન સિંહ દ્વારા કમરને સ્પર્શ કરવા બદલ મહિલા આયોગે કડક વલણ અપનાવ્યું છે. અંજલિએ હરિયાણા મહિલા આયોગને ફરિયાદ કરીને ઈ-મેલ દ્વારા પુરાવા મોકલ્યા હતા, જે બાદ બંને પક્ષોને ફરીદાબાદ બોલાવવામાં આવ્યા છે. મહિલા આયોગના ચેરપર્સને જણાવ્યું કે- 2 એપ્રિલે ફરીદાબાદમાં સુનાવણી રાખવામાં આવી છે. આ દરમિયાન બંને પક્ષોને ફરીદાબાદમાં હાજર રહેવા માટે બોલાવવામાં આવશે. તેણે કહ્યું કે- બંને પક્ષોને નોટિસ મોકલીને બોલાવવામાં આવશે. રેપર સિંગર બાદશાહના કેસમાં મહિલા આયોગના કડક વલણ બાદ અંજલિએ ફરિયાદ કરવાની હિંમત એકઠી કરી. અંજલિએ કહ્યું કે તે દિવસે લખનઉમાં સ્ટેજ પર પવન સિંહે ખોટી રીતે કમરને સ્પર્શ કર્યો. આ અયોગ્ય વર્તન હતું. એટલું જ નહીં, બાદમાં બદનામ કરવા માટે યોજનાબદ્ધ રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો.અંજલિએ આયોગને વિનંતી કરી છે કે- તેના વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓ હટાવવામાં આવે. એક્ટ્રેસનું કહેવું છે કે આ જ કારણોસર તેની પાસેથી દિલ્હી રામલીલામાં સીતાનો રોલ છીનવાઈ ગયો. અંજલિ રાઘવે ફરિયાદમાં કહ્યું કે સોશિયલ મીડિયા પરથી વાંધાજનક કોમેન્ટ્સ હટાવવામાં આવે. અંજલિ રાઘવે હરિયાણા રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષને ઈ-મેલ દ્વારા મોકલેલી ફરિયાદમાં કહ્યું- સોશિયલ મીડિયા પર મારી વિરુદ્ધ ચાલી રહેલી અપમાનજનક પોસ્ટ અને ખોટા પ્રચારને તરત જ હટાવવાનો નિર્દેશ આપવામાં આવે.ફરિયાદમાં આગળ લખ્યું- હું 16 વર્ષની ઉંમરથી વિવિધ રામલીલાઓમાં માતા સીતાનો કિરદાર ભજવતી હતી. આના દ્વારા જ ઓળખ બનાવી. આ વિવાદ પછી



દિલ્હીની રામલીલામાં મારો રોલ છીનવી લેવામાં આવ્યો.થોડા મહિના પહેલા હું મારા એક ગીતના પ્રમોશન માટે લખનઉ ગઈ હતી. ભોજપુરી સિંગર પવન સિંહે મંચ પર મારી પરવાનગી વિના મને સ્પર્શ કર્યો, જેનો વીડિયો પણ તેમની ટીમે સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દીધો. પવન સિંહની પીઆર ટીમે મને સતત ધમકીઓ આપી. કહેવામાં આવ્યું કે મારી સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડશે અને બદનામ કરવામાં આવશે. મારી વિરુદ્ધ ઘણા નકલી અને વાંધાજનક પોસ્ટ કરવામાં આવ્યા. કેટલાક પ્રાદેશિક મીડિયા પ્લેટફોર્મ દ્વારા મારા વિશે ખોટી વાતો અને અફવાઓ પણ ફેલાવવામાં આવી.આ ઘટનાઓને કારણે મને માનસિક પીડા અને સામાજિક અપમાનનો સામનો કરવો પડ્યો. તેની અસર મારા કામ પર પણ પડી. હું દિલ્હી રામલીલામાં છેલ્લા લાંબા સમયથી માતા સીતાનું પાત્ર ભજવતી હતી. મારી પાસેથી તે પાત્ર છીનવી લેવામાં આવ્યું. જે મારી દિવંગત માતાની અંતિમ ઈચ્છા સાથે જોડાયેલું હતું. કેટલાક લોકોએ મારો અને પરિવારનો બહિષ્કાર કર્યો, જેનાથી હું ડિપ્રેશનની સ્થિતિમાં પહોંચી ગઈ.ફરિયાદમાં આગળ લખ્યું હતું કે- મેં સંબંધિત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ અને મીડિયા પ્લેટફોર્મ્સ વિરુદ્ધ દિલ્હી સાયબર પોલીસમાં ફરિયાદ કરી હતી, પરંતુ હજુ સુધી વાંધાજનક સામગ્રી હટાવવામાં આવી નથી. આયોગ વાંધાજનક પોસ્ટ અને ખોટા ઈન્ટરવ્યુ તાત્કાલિક હટાવે.

### 'રાજા શિવાજી' એક એવા દીકરાની વાર્તા છે

# મોટા પડદા પર રાજા શિવાજીનો ફર્સ્ટ લુક ટીઝર ગૂંજશે, 'ધુરંધર ધ રિવેન્જ' સાથે ખાસ રજૂઆત



જિયો સ્ટુડિયોઝ અને મુંબઈ ફિલ્મ કંપની તેમની ભવ્ય ઐતિહાસિક ફિલ્મ 'રાજા શિવાજી'નો જોરદાર ફર્સ્ટ લુક ટીઝર રજૂ કરવા જઈ રહ્યા છે. આ ખાસ ઝલક ફક્ત મોટા પડદા (થિયેટર) પર જ જોવા મળશે. આ ટીજર 'ધુરંધર ધ રિવેન્જ' ફિલ્મ સાથે જોડવામાં આવ્યો છે, જેના પેડ પ્રીવ્યુ 18 માર્ચથી શરૂ થઈ ગયા છે।

આ ફિલ્મની પહેલી ઝલક માત્ર સિનેમાઘરોમાં જ બતાવવામાં આવશે, જેથી દર્શકોને ભારતના મહાન યોદ્ધા છત્રપતિ શિવાજી મહારાજના જીવન અને તેમની વારસાની એક ઝલક મળી શકે. આ ફિલ્મનું દિગ્દર્શન અને મુખ્ય ભૂમિકા રિતેશ દેશમુખે કરી છે। 'રાજા શિવાજી' એક એવા દીકરાની વાર્તા છે, જેણે પવિત્ર સંકલ્પ લીધો અને મોટી શક્તિઓ સામે લડીને સ્વરાજ્યની સ્થાપના કરી। ફિલ્મનું સંગીત અજય-અતુલ દ્વારા બનાવાયું છે અને સિનેમેટોગ્રાફી સંતોષ સિવન દ્વારા કરવામાં આવી છે। નિર્માતાઓ આ ઐતિહાસિક કથા ભવ્ય રીતે રજૂ કરવા માંગે છે, જેથી દુનિયાભરના લોકો ભારતની સમૃદ્ધ પરંપરાને જાણે।આ ફિલ્મ જિયો સ્ટુડિયોઝ દ્વારા રજૂ કરવામાં આવી રહી છે અને જ્યોતિ દેશપાંડે અને જિનેલિયા દેશમુખે મુંબઈ ફિલ્મ કંપની હેઠળ પ્રોડ્યુસ કરી છે।'રાજા શિવાજી' 1 મે 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે અને આ ફિલ્મ સાહસ, માન અને સ્વરાજ્યની શરૂઆતની ગાથા દર્શાવશેએક મહાન યોદ્ધાની ગૂંજ હવે સમગ્ર ભારત અને દુનિયામાં સંભળાશે.

### લાઈવ સ્ટ્રીમિંગમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો

# અનુરાગ ડોભાલ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ યુટ્યુબરે ઈજાના ફોટો શેર કર્યા



યુટ્યુબર અને 'બિગ બોસ 17' ફેમ અનુરાગ ડોભાલને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન યુટ્યુબરે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ અનુરાગ પોતાના એક મિત્રના ફાર્મહાઉસ પર રિકવર કરી રહ્યો છે. ગુરુવારે તેણે પોતાની પહેલી તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી. આ સાથે જ તેણે ફેન્સ પાસેથી સલાહ માંગી કે, શું તેને પોતાની 'નવી જિંદગી'ના વ્લોગ્સ ફરીથી શરૂ કરવા જોઈએ. યુટ્યુબરે એક લાંબી પોસ્ટમાં લખ્યું કે, 'ક્યારેય વિચાર્યું નહોતું કે હું જીવતો રહીશ.'કમર પર ટાંકા અને ઈજાના નિશાન અનુરાગે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ફોટો પોસ્ટ કર્યો છે, જેમાં તેની કમર પર લાગેલો એક લાંબો ઘા અને ટાંકા દેખાઈ રહ્યા છે. અકસ્માતને કારણે તેના શરીર પર ઉઝરડાના નિશાન પણ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. તેણે એક પોલ દ્વારા ચાહકોને પૂછ્યું કે, 'નવી જિંદગીની શરૂઆત જોશો?' આ પોલમાં તેણે બે વિકલ્પો આપ્યા- 'હા, વ્લોગ અને ઈન્સ્ટા શરૂ કરો' અને 'જેમ તમને યોગ્ય લાગે.'અનુરાગના મેનેજર રોહિત પાંડેએ જણાવ્યું કે, યુટ્યુબર હાલમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. તે એક મિત્રના ફાર્મહાઉસ પર છે, જ્યાં તેની સંભાળ માટે તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ છે. મેનેજરે કહ્યું, 'અનુરાગ હવે સ્થિર છે અને રિકવર કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. અમે તે બધાના આભારી છીએ, જેમણે મુશ્કેલ સમયમાં સાથ આપ્યો.' ડિસ્ચાર્જ થતા પહેલા અનુરાગે એક ભાવનાત્મક પોસ્ટ લખી હતી. તેણે કહ્યું હતું કે, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું જીવતો રહીશ. જે રસ્તે હું ગયો હતો, ત્યાંથી પાછા ફરવું અશક્ય હતું. મારા માટે આ કોઈ ચમત્કારથી ઓછું નથી. મને ખબર નથી કે આગળ શું થશે, પરંતુ ભગવાને મને નવો જન્મ આપ્યો છે, તો કંઈક તો જરૂર વિચાર્યું હશે.' વિવાદ માર્ચના પહેલા અઠવાડિયામાં શરૂ થયો હતો, જ્યારે અનુરાગે તેના માતા-પિતા અને ભાઈ કલમ ઈન્ક (અતુલ ડોભાલ) પર માનસિક ત્રાસનો આરોપ લગાવ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે, તેના આંતર-જ્ઞાતિય લગ્નને કારણે પરિવાર તેની પત્ની રીતિકાને ઘરમાં પ્રવેશવા દેતો નથી.આ તણાવ વચ્ચે, 7 માર્ચે અનુરાગ દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે પર ઈન્સ્ટાગ્રામ લાઈવ આવ્યો હતો. લાઈવ દરમિયાન તેની કારની સ્પીડ 140-150 કિલોમીટર પ્રતિ કલાક હતી. આ દરમિયાન તેની કારનો અકસ્માત થયો હતો. બીજી તરફ, તેના ભાઈ કલમ ઈન્કે આ આરોપોને ખોટા ગણાવ્યા અને દાવો કર્યો કે અનુરાગના દાવાઓને કારણે તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.